Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# ભાષાવિમર્શ

સંપાદક : હરિવલ્લભ ભાયાણી

પુસ્તક ૨ ] [ અંક ૨

એપ્રિલ : ૧૯૭૯

( પ્રકાશિત : મે, ૧૯૭૯ )

દયાશંકર જોશી : ગુજરાતીમાં પ અને પમ/પવું ૪૫

શાંતિભાઈ આચાર્ય : 'સાસિ આય'નું સમાજ–ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ ૫૩

એસ્તેર સોલોમન : અન્વિતાભિધાનવાદ અને અભિહિતાન્વયવાદ ૬૪

ભારતી મોદી : એક ભય : થોડાં સૂચનો ૮૩

અત્રતત્ર : પ્રાચીન ભારતીય – આર્યનો એક નૂતન ઐતિહાસિક વૃત્તાંત ૯૨

સંપાદકીય : વાક્યાર્થવિષયક પ્રાચીન ભારતીય વાદો અને સિદ્ધાંતો અંગેની ચર્ચાપરિષદ ૯૬

આપણી યુનિવર્સિટીઓના એમ. એ. (ભાષા-સાહિત્ય)ના પાઠ્યક્રમની સમસ્યાઓ અને પુનર્ઘટના ૯૬

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# ભાષાવિમર્શ

- 'ભાષાવિમર્શ' માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન, અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.
- વર્ષનાં ૨૦૦ થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.
- વ્યક્તિ માટે વાર્ષિક રૂા. ૧૦-૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂા. ૧૫-૦૦; છૂટક અંકની કિંમત રૂા. ૪-૦૦
- લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું :
  મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ ■ ટે. નં. ૭૭૩૪૭
  C/O હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
- લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવાનું સરનામું :
  હરિવલ્લભ ભાયાણી
  ૯, હાઇલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો, અમદાવાદ-૩૮૦ ૦૧૫
- પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોશી, રઘુવીર ચૌધરી

નવા વર્ષનું લવાજમ જેમણે હજુ ન મોકલ્યું હોય તેઓ તરત જ મોકલી આપે એવી વિનંતી છે.

## લેખક-પરિચય

દયાશંકર જોશી : પૂના યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના અધ્યાપક, 'ઇન્ડિઅન લિંગ્વિસ્ટિક્સ' વગેરેમાં તેમના અનેક સંશોધનલેખ પ્રકાશિત

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
C/o. હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ-૧ ફોન : ૩૬૦૪૭૨

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

એપ્રિલ, ૧૯૭૯

# ગુજરાતીમાં ए અને एम/एवुं

દયાશંકર જોશી

**૧.** અહીં આપણે પુનરાવૃત્ત થતા વાક્યવસ્તુનો નિર્દેશ કરતા ए એવા સર્વનામનો અને તેનાં –व् કે –म વાળાં રૂપોનો વિચાર કરીશું. નીચેનાં વાક્યોમાં આ સર્વનામોનો ઉપયોગ થયો છે :

૧. તમે આવો **એ** અમને ગમે.

૨. તમે આવ્યા હતા **એમ** એમને યાદ છે.

૩. તમે આવ્યા **એવો** એને વહેમ છે.

વાક્ય (૨), (૩) માં एम् અને एव् ની અદલાબદલી સહેલાઈથી થઈ શકે છે, પણ કદાચ વાક્ય (૧), (૨), (૩) માં પણ ए અને एम / एव् ની અદલાબદલી થઈ શકે; જેમ કે,

૪. તમે આવો **એવું** અમને ગમે.

૫. તમે આવ્યા હતા **એ** એમને યાદ છે.

૬. તમે આવ્યા **એ** એને વહેમ છે.

પરંતુ આ બીજી જાતની અદલાબદલી નીચેનાં વાક્યોમાં શક્ય નથી :

૭. તમે આવશો ( એ / * એવી ) ભૂલ કરશો.

૮. તમે આવશો ( એમ / એવું / * એ ) લાગે છે.

આ અદલાબદલીના સંભવ–અસંભવ માટે આપણે સહેજે गम, याद, वहेम; અને भूल, लाग ને કારણભૂત ગણી શકીએ. આ વિધેયો, જેને આપણે ઉપલા થરનાં વિધેયો (उवि) કહીશું, શા માટે કારણભૂત છે એ આપણો પ્રશ્ન છે.

**૧.૧.** પ્રશ્નનો એક જવાબ ૧૯૭૦–કીપાસ્કી અને કીપાસ્કીએ કરેલા ઉપલા થરનાં વિધેયોના બે પ્રકારોને અનુલક્ષીને કદાચ અપાય. આ પ્રકારો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

છે ‘ ફેક્ટિવ પ્રેડિકિટ્સ ’ અને ‘ નૉન-ફેક્ટિવ પ્રેડિકિટ્સ ’. એ મુજબ જે વિધેયો ए જ લે તેને ‘ ફેક્ટિવ ’ કહીએ અને જે एम् / एव् લે તેને ‘ નૉન-ફેક્ટિવ ’ કહીએ, અને જે બન્ને પ્રકારનાં સર્વનામો લે તેને વચ્ચેનાં વિધેયો કહીએ.

પરંતુ આ ઉકેલની કેટલીક મુસીબતો છે, તે આ પ્રમાણે :

(૧) પૂરક વાક્યોમાં ( ‘ કૉમ્પ્લિમન્ટ્સ ’ – ઉપરનાં વાક્યોમાં તમે આવો, તમે આવ્યા, વ.માં) એવું કોઈ વ્યાકરણી તત્ત્વ, જેવું કે ધાતુનું નામ બનવું ( આવવું. વાંચવું ), નથી કે જે હમેશાં ए સાથે જ, કે જે હમેશાં एम / एव् સાથે જ આવે.

(૨) પૂરક વાક્યની સત્યતા/અસત્યતાનો પ્રશ્ન ગૂંચવણવાળો છે. એટલે કે ‘ ફેક્ટિવ ’ વિધેયના પૂરક વાક્યને બોલનાર સાચું, હકીકત કહેતું માનીને ( એવી પૂર્વધારણા સાથે ) ચાલે છે, અને વિપરીતે ‘ નૉન-ફેક્ટિવ ’ વિધેયના પૂરક વાક્યને બોલનાર હકીકત કહેતું ન માનીને ચાલે છે એમ ખાતરીથી કહી શકાય તેમ નથી.

(૩) ए નો ઉપયોગ મૂળના પ્રકારનાં વિધેયો ઉપરાંત સ્વરવ્યંજનની આનુપૂર્વીરૂપ ભાષાને – વાચિક વસ્તુને સૂચવતાં વિધેયો સાથે પણ કરી શકાય છે, જેમ કે,

૯. ‘ તમે આવો ’ એ વાક્યમાં ચાર અક્ષર છે.

(૪) હકાર-નકારની અદલાબદલી ( ‘ નેગ-રેયઝિંઙ ’)ની અસર (૭) વિરુદ્ધ (૮)માં સરખી જ છે. નીચેનાં વાક્યયુગલોમાં અદલાબદલીથી જે ફેર (૧૦)માં પડે છે તે જ ફેર (૧૧)માં પડે છે.

૧૦. તમે આવશો નહિ એ ભૂલ કરશો.
: : તમે આવશો એ ભૂલ નહિ કરો.

૧૧. તમે આવશો નહિ એમ લાગ્યું.
: : તમે આવશો એમ ન લાગ્યું.

આથી મૂળ જે ए સાથે જ આવે છે અને લાગ જે एमं/एव् સાથે જ આવે છે તેનો ભેદ એમને અનુક્રમે ‘ ફેક્ટિવ ’ અને ‘ નૉન-ફેક્ટિવ ’ કહીને સમજાવી શકાતો નથી.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧ • ૨ પ્રશ્નનો બીજો, અમારો, ઉકેલ નીચે મુજબ છે. ગુજરાતી ભાષક બોલતી વખતે ત્રણ અવસ્થાઓનો ખ્યાલ રાખે છે : ઘટનાઅવસ્થા, માનસી અવસ્થા અને શાબ્દી અવસ્થા.

પૂરક વાકય આપણે જે વિષય વિશે કહેવાનું છે તે વિષયની ઘટના-અવસ્થાને સૂચવે, જો એનું ઉવિ (ઉપલા થરનું વિધેય) વલણ કે પ્રત્યાઘાત-ને સૂચવતું હોય કે પછી ઘટનાના અવસ્થાફેરને સૂચવતું હોય. આ જાતનાં ઉવિ છે भूल, हिम्मत; पोसा, गम; सहेलुं, सारु, शरू ઇત્યાદિ.

પૂરક વાકય આપણે જે વિષય વિશે કહેવાનું છે તે વિષયની માનસી અવસ્થાને સૂચવે, જો એનું ઉવિ તરલ કે મૂર્ત માનસિક ક્રિયાને સૂચવતું હોય. આ જાતનાં ઉવિ છે (मनमां) था, लाग, मनसूबो, धार, विचार, इच्छा, खातरी, ख्याल, संकोच, बीक, चिंता, याद, वहेम, श्रद्धा, आशा ઇત્યાદિ.

પૂરક વાકય આપણે જે વિષય વિશે કહેવાનું છે તે વિષયના વાચિક પરિણમનને સૂચવે, જો એનું ઉવિ સ્વરવ્યંજનની આનુપૂર્વીરૂપ વાચિક વસ્તુનું નામ હોય. આ જાતનાં ઉવિ છે शब्द, वात, वाक्य,प्रश्न, कायदो, सिद्धांत ઇત્યાદિ.

અગાઉ સૂચવ્યું એ મુજબ આ ત્રણ જાતનાં ઉવિ અનુક્રમે ए, एम्/एव् અને ए નો ઉપયોગ પુનરાવૃત્ત થતા પૂરક વાકયનો સંક્ષેપ કરવા માટે કરે છે.

૧.૨.૧. છેલ્લા બે ઉવિના વર્ગોનાં – માનસિક ક્રિયાસૂચક અને વાચિક વસ્તુનું નામ – વિધેયો વચ્ચે અફરાતફરી થવાનો સંભવ છે. મૂર્ત માનસિક ક્રિયા અને ભાષાનામ વચ્ચે એકનું ગ્રહણ બીજા તરીકે સહેજે થઈ શકે; જેવું કે आजनो सुविचार અને सिद्धांत धराववो જેવી ઉક્તિઓમાં જોઈ શકાય છે. તરલ અને મૂર્ત માનસિક ક્રિયા વચ્ચે પણ કોઈ ચોક્કસ ભેદ કરવો મુશ્કેલ છે; જેમ કે, संकोच ને એક યા બીજી રીતે ગ્રહણ કરી શકાય છે. આ કારણોને લીધે एम/एव्‌ની एની સાથે અદલાબદલી થઈ શકે છે.

૧.૩ બીજા અને ત્રીજા વર્ગના ઉવિ વચ્ચેના શકય ગોટાળા ઉપરાંત બીજી એક પરિસ્થિતિ પણ પ્રસ્તુત સર્વનામોના ઉપયોગને સુરેખ બનતો રોકે છે. સામાન્ય રીતે આપણે આશા રાખીએ કે कहेवुं, रजू करवुं, जाहेर करवुं कबूल करवुं. જેવાં વિધેયો વાચિક વસ્તુ સૂચવતાં વાકયોની ઉપરનાં વિધેયો હોય, અને તેથી તેઓ ए નો ઉપયોગ કરે એમ ધારીએ. પરંતુ વધારે પડતું આ વિધેયો एम/एव्‌નો જ ઉપયોગ કરે છે; જેમ કે :



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧૨. તમારે ત્યાં ન જવું એમ ( એવું / એવી ) એણે ( કહ્યું. / સલાહ આપી. )

૧૩. અમે નહિ આવીએ એમ/એવું અમે ( જાહેર કર્યું. / કબૂલ કર્યું. )

'સીધેસીધું કહેવા કરતાં ગોળગોળ કહેવું એ વધારે સામાજિક' એવું વલણ આમ બનવા પાછળ કારણ હોય. વિધાનોને, એમનો માનસિક સાક્ષાત્કાર કરતા હોઈએ એ રીતે મૂકવાથી એમને અસ્પષ્ટ બનાવ્યા વિના બૂઠાં બનાવી શકાય. આવું एम / एव નો ઉપયોગ કરીને કરી શકાય. નીચેના દરેક વાકચ-યુગલમાં બીજો પર્યાય થોડો ગોળગોળ છે અને એટલે વધારે સભ્ય કે નમ્ર લાગે છે; (જો કે બન્ને પર્યાયોની 'ઇન્ટોનેયૂશન'–વ્યવસ્થા પણ જુદી જ છે.)

૧૪. હું ( એ / એમ ) પૂછું છું કે તમે કયારે આવશો ?

૧૫. ( એ / એમ ) શું બોલો છો ?

ગુજરાતીભાષકની નમ્ર બનવાની જરૂરત એટલી બધી તીવ્ર છે કે એ ધમકી પણ एम / एव થી જ આપે છે.

૧૬. તમારે ત્યાં ન જવું એમ/એવી એણે ધમકી આપી.

**૧.૪.૧.** જે વિધેયો સાથે ए ઘટનાઅવસ્થાને સૂચવે છે એ વિધેયોમાંના કેટલાંકના દાખલાઓમાં एवનો ઉપયોગ વિધાનની તીખાશને ઓછી કરવામાં થઈ શકે છે. કોઈ છોકરી 'મન મન ભાવે મુંડ હલાવે' એવી પોતાની સ્થિતિને નીચેના યુગલમાંથી બીજા પર્યાયને કહીને જ મૂર્ત કરે :

૧૭. તમે મને અડચે રાખો ( એ / એવું ) મને ન ગમે.

આવી રીતે 'તીખાશ ઓછી કરવા'ની શકચતા તે उक्ति ના દાખલામાં હોઈ શકે, જે उक्ति વલણ કે પ્રત્યાઘાતને સૂચવે અને ઉપરાંત જે उक्ति ને 'તોળી' શકાય પણ 'માપી' ન શકાય. ભૂલ પ્રત્યાઘાતને સૂચવે છે; છતાં એના દાખલામાં एवથી તીખાશ ઓછી ન થઈ શકે. ભૂલને નાની, મોટી એમ માપી શકાય છે પણ થોડી, ઓછી, બહુ કે વધારેથી તોળી નથી શકાતી. ભૂલની તીખાશ ઓછી થઈ શકે છે માપવાચકને બદલે વજનવાચક કે જથ્થાવાચક વિશેષણથી. નીચેના યુગલમાંથી બીજા પર્યાયના ઉપયોગથી વિધાનમાં રહેલો 'ફટકાર' 'ખેદ'માં બદલાઈ જાય છે.

૧૮. રમેશ પરીક્ષામાં ન બેઠો એ ( મોટી / બહુ ) ભૂલ કરી.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧.૪.૨. વક્તાનો વિધાનની સત્યતા પ્રત્યેનો આત્મવિશ્વાસ एम/एव् ની જગ્યાએ एनो ઉપયોગ કરીને પ્રગટ કરી શકાય. નીચેના યુગલમાંથી બીજો પર્યાય વક્તા ત્યારે બોલે, જ્યારે એને પૂરક વાક્યની સત્યતાની ખાતરી હોય :

૧૯. રમેશ પરીક્ષામાં બેઠો ( એમ/એવું / એ ) મને યાદ છે.

અહીં કીપાસ્કીઓના ‘ ફેક્ટિવિટી ’ અને ‘ પ્રિસપોઝિશન ’ ના સંબંધનો પ્રસ્તાવ કંઈક મૂર્ત થાય છે. પરંતુ તેમાં ज्वि કારણ નથી પરંતુ ए કારણ છે.

૧.૪.૨૧. નીચેના યુગલમાંનો બીજો પર્યાય ‘ ઈચ્છા ’ને કંઈક અંશે ‘ આજ્ઞા ’માં ફેરવી નાખે છે :

૨૦. તમે જાઓ ( એવી / એ ) મારી ઇચ્છા છે.

૧.૪.૨૨. જો વક્તાની ધારણા સાચી પડી હોય તો વક્તા નીચેના યુગલમાંથી બીજા વાક્યનો ઉપયોગ કરવો વધારે પસંદ કરશે :

૨૧. રમેશ આવશે ( એમ / એ ) હું ધારતો ( ϕ / જ ) હતો.

૧.૪.૨૩. ए નો ઉપરના ઉપયોગો જેવો ઉપયોગ અશક્ય બને, જો ज्वि માં માનસિક ક્રિયાની ક્રિયાશીલતા સ્પષ્ટપણે અંકિત હોય. ક્રિયાશીલતાને સ્પષ્ટપણે અંકિત કરવા માટે માનસિક ક્રિયાના પ્રકાર કરતાં ક્રિયાની પ્રવૃત્તિ ઉપર, વ્યાપાર ઉપર વધારે ભાર મૂકવો જરૂરી છે. નીચેના યુગલમાંનો બીજો પર્યાય શક્ય નથી કે અતડો લાગે છે :

૨૨. રોકેટમાં બેસું ( એવો / * ? એ ) મેં મનસૂબો બાંધ્યો.

૧.૪.૩. ઉપર, ૧.૨.૧. માં, આપણે માનસિક ક્રિયાસૂચક વિધેયો અને વાચિક વસ્તુનું નામ સૂચવતાં વિધેયો વચ્ચે અફરાતફરીના સંભવની વાત કરી. આવી અફરાતફરીને લીધે ए માટે एम/एव्नो ઉપયોગ થવાની શક્યતા છે. પરંતુ, વાચિક વસ્તુ સૂચવતું વિધેય જો કોઈ વધારાના કારણસર પોતાના મૂળ અર્થમાં જકડાઈ જાય, તો પછી એને एम/एव् થી પાતળું પાડવાની શક્યતા નથી રહેતી.

૨૩. ‘ તમે આવો ’ ( એ / * એવા ) વાક્યમાં ચાર અક્ષર છે.

આ વાક્યમાં अक्षर शब्द वाक्य વિધેયને ધ્વનિઓની આનુપૂર્વીથી વ્યતિરિક્ત કંઈ પણ સૂચવવા દેતું નથી. અને તેથી एव् અને ए ની અદલા-બદલી પણ શક્ય નથી.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૨. ए નો એક અન્ય ઉપયોગ માનસિક ક્રિયા-સૂચક વિધેયોના બે વર્ગો પાડી આપે છે. આ બે વર્ગો છે: (क) उवि, જેનું પૂરક વાક્ય બેથી વધારે વૈકલ્પિક વિધાનો ('પ્રૉપઝિશન્ઝ') સૂચવી શકે, અને (ख) उवि, જેનું પૂરક વાક્ય બે વૈકલ્પિક વિધાનો કે માત્ર એક જ વિધાનને સૂચવી શકે.

क–વિધેયોનું પૂરક વાક્ય જ્યારે બેથી વધારે વૈકલ્પિક વિધાનો માટે હોય, ત્યારે તે પૂરક વાક્યનો एથી જ સંક્ષેપ થાય છે. આ ઉપયોગનું તાત્પર્ય અનેક વૈકલ્પિક વિધાનોમાંથી એક વિધાનને ચૂંટવાનું છે; જેમ કે,

૨૪. હું ક્યાં બેઠો હતો ( એ / * એમ ) મને યાદ નથી.

અહીં અનેક વિધાનો છે:

૨૫. હું 1–જગ્યાએ બેઠો હતો,
હું 2–જગ્યાએ બેઠો હતો, ......
કે, હું n–જગ્યાએ બેઠો હતો.

અને ચૂંટવામાં આવે છે એમાંથી કોઈ પણ એક વિધાન, ए ની મદદથી.

જ્યારે उविનું પૂરક વાક્ય માત્ર બે વૈકલ્પિક વિધાનો સૂચવી શકે, ત્યારે આવો ए નો ઉપયોગ અતડો લાગે છે.

૨૬. વાંચવું કે કેમ ( એવો / ? એ ) મને સંકોચ થાય છે.

અહીં બે વૈકલ્પિક વિધાનો છે:

૨૭. વાંચવું,
કે, ન વાંચવું.

वांचवुं के केम એનો મતલબ वांचवुं के शुं करवुं એવો નથી થતો. અને જો એવો મતલબ થતો હોય તો એની સાથે संकोच ચાલી શકે નહિ.

જ્યારે ख़विनું પૂરક વાક્ય માત્ર એક જ વિધાનને સૂચવી શકે, ત્યારે ए ના આવા 'ચૂંટવા'ના ઉપયોગની જરૂર જ નથી. इच्छा, श्रद्धा, लाग આ પ્રકારનાં વિધેયો છે.

समज એ દ્વયર્થી ('હૉમૉનિમસ') છે. એક અર્થમાં તે क–વર્ગનું છે અને બીજા અર્થમાં તે ख–વર્ગનું છે. નીચેનું વાક્યયુગલ જુઓ (જેના પર્યાયોમાં, અલબત્ત, 'ઇન્ટોનેયૂશન'ની વ્યવસ્થા જુદીજુદી છે):



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૨૮. તમે આવ્યા (એ / એમ) હું સમજ્યો.

પહેલો પર્યાય 'તમે શું આવ્યા એ હું સમજ્યો' એવા અર્થનો છે, જ્યારે બીજો પર્યાય 'તમે આવ્યા એમ મને લાગ્યું' એવા અર્થનો છે. અંગ્રેજીમાં આ બે જાતના સમજ માટે અનુક્રમે 'અન્ડરસ્ટૅન્ડ' અને 'થિન્ક'નો ઉપયોગ થશે.

ए નો આવો – અનેકમાંથી એકને ચૂંટવાનો – ઉપયોગ માનસી વિધેયોનું જે વર્ગીકરણ કરે છે, તે અગાઉ કહેલા (૧. ૪. ૨–૨૩) 'તીખાશ' વગેરેના સંદર્ભમાં થયેલા વર્ગીકરણ સાથે સમાંતર નથી. જેમ કે इच्छाને एથી વધારે 'તીક્ષ્ણ' બનાવી શકાય (૧. ૪. ૨૧), પણ इच्छाના સંદર્ભમાં एનો ઉપયોગ કરી અનેકમાંથી એક ચૂંટી ન શકાય. જ્યારે યાદના સંદર્ભમાં બન્ને થઈ શકે છે; જુઓ વાક્ય (૧૯) અને (૨૪).

૩. ઉપલા થરનાં વિધેયોના સંદર્ભમાં एवूનો (પણ एमनो નહિ) આ સંશોધનલેખમાં પ્રસ્તુત કરતાં જુદો એક ઉપયોગ છે. આ ઉપયોગમાં જો કે एवूની અદલાબદલી ए પ્રકારનની સાથે થઈ શકે છે (જુઓ ૪. નીચે), પણ અગત્યનું એ છે કે આ ઉપયોગવાળી વાક્યરચનાની સમકક્ષ એક બીજી વાક્યરચના છે. નીચેનું 'પૅરફ્રેયૂઝ' સમીકરણ ('ટ્રાન્સફર્મેયૂશન'?) उवि નો એક વર્ગ નક્કી કરી આપે છે:

૨૯. पूरक वाक्य एवू उवि
= उवि के (जेथी) पूरक वाक्य.

ઉપરની સંરચના (૨૯)નું મૂર્ત સ્વરૂપ છે:

૩૦. ચા પીએ એવી એમને ટેવ નથી.
= એમને ટેવ નથી કે (જેથી) એ ચા પીએ.

ટેવ અને એ પ્રકારનાં અન્ય उवि માટે જુઓ જોશી : ૧૯૭૮.

૪. एवुं અને एमने સામાન્ય રીતે આપણે ए પ્રકારનું અને ए રીતેના પર્યાય ગણીએ છીએ, જે માન્યતાને નીચેનાં વાક્યયુગલોથી આધાર મળે છે:

૩૧. તમે વચ્ચે બોલ્યા પણ ફરીથી (એવી / એ પ્રકારની) ભૂલ ન કરશો.

૩૨. ટેબલ ઉપર પગ ચડાવીને (એમ / એ રીતે) ન બેસાય.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પરંતુ આવું હમેશાં શક્ય નથી એ બાબત આ સંશોધનલેખમાં વર્ણવાયેલા એવું અને એમ માટે અગત્યની છે; જેમ કે નીચેનાં વાક્યયુગલોમાં બીજો પર્યાય શક્ય નથી :

૩૩. એ ત્યાં રોજ બેસતા ( એવું / * એ પ્રકારનું ) મને યાદ છે.

૩૪. વરસાદ આવે ( એમ / * એ પ્રકારનું ) લાગે છે.

આ કારણસર આ લેખમાં આપણે એવું અને એમ ને 'વિશેષણ' કે 'ક્રિયા-વિશેષણ' કહેવા કરતાં 'સર્વનામ' કે 'અવેજી' રૂપ કહ્યાં છે. અને બીજું કારણ એ છે કે (૩૧) અને (૩૨)માં એવ્ ની એમ સાથે અદલાબદલી ન થઈ શકે, જે અદલાબદલી (૩૩), (૩૪) અને (૧૬) વગેરેમાં થઈ શકે છે.

**સંદર્ભો :** કીપાર્સ્કી (Kiparsky Paul,) અને કીપાર્સ્કી (Kiparsky Carol), ૧૯૭૦. Fact. In 'Progress in Linguistics', સંપા. બીર્વિશ (M. Bierwisch) અને હાયૂડોલ્ફ (K. F. Heidolph), Mouton, ધ હેગ, પૃ. ૧૪૩–૧૭૩.

જોશી, દ. મો., ૧૯૭૮. 'કૃતક અને પ્રયોજની વિધેયો', ફા. ગુ. સ. ત્રૈમાસિક, ૪૩, ૬૬–૭૬.

**નોંધ :** 'લિંગ્વિસ્ટિક્સ સોસાયટી ઑવ ઈન્ડિઅ' (ડેક્કન કૉલેજ, પૂણે)ને દશ વરસ થયાં એ નિમિત્તના મેળામાં (તા. ૨૯–૩૧, માર્ચ ૧૯૭૯) રજૂ કરેલા મૂળ અંગ્રેજી 'ઇટ ઍન્ડ લાયૂક ઇટ ઇન ગુજરાતી'નો આ લેખ અનુવાદ છે.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# ભીલી 'સાસિ આય'નું સમાજ–ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ

શાન્તિભાઈ આચાર્ય

[ નોંધ : ગુજરાતનાં ભિન્નભિન્ન ભાષા–સ્વરૂપોનું અધ્યયન કરતાં કરતાં એક એવો વિચાર આવ્યો કે ભાષા–સ્વરૂપોની પ્રત્યક્ષ ભાષાસામગ્રી અને તેના આધાર પર કરેલાં ભાષા–વિશ્લેષણો ગુજરાત પાસે રજૂ કર્યાં હોય તો કેમ ? મુ. ભાયાણીસાહેબે આ વિચારને ટેકો કર્યો અને પરિણામે 'ભાષાવિમર્શ'ના વાચકો પાસે આ સામગ્રી રજૂ કરવાનો આરંભ આ અંકથી થાય છે.

નેમ તો એવી છે કે આ પ્રવૃત્તિ ચાલુ રહે. એકઠી કરેલી સામગ્રી પહેલાં રજૂ કરવી અને તે સામગ્રીનું ભાષાવિશ્લેષણ આપવું એવી પદ્ધતિ રાખવી. ભાષામાંથી સમાજગત સૂચિતાર્થો સાંપડતા હોય ત્યાં તેની પ્રત્યે પણ ધ્યાન દોરવું.

આનો પ્રારંભ 'ભીલી' ભાષાસ્વરૂપથી થાય છે. અહીં પ્રસ્તુત કરેલી ભીલી ભાષા–સામગ્રી એ ભીલીના ઉત્તર તરફના ભાષા–સ્વરૂપની છે.

આ સામગ્રી ૧૯૬૮ના શિયાળામાં એકત્રિત કરવામાં આવી હતી. શામળાજીથી રતનપુર તરફ જતાં અણસોલ ગામ આવે છે; ત્યાંથી ગામની નાની નદીના સૂકા પટમાં બેસીને મુખ્યત્વે કચરાજી નાથુજી સૂંથા નામના ભાષકવિશેષ પાસેથી આ સામગ્રી મેળવી હતી. ત્યારબાદ તેના ગુજરાતી લિપીકરણ માટે ભારે મથામણ કરવી પડી હતી. સિદ્ધરાજ સોલંકી (હવે ડૉ. સોલંકી)ની મદદ આમાં ઉપયોગી થઈ પડી હતી.

ક્ષેત્રકાર્ય સમયે માનવશાસ્ત્રના અધ્યાપક પ્રો. રમેશ શ્રોફની સોબત તેમની વાક્કલાને લીધે પ્રવાસને રસમય બનાવનારી હતી.

લેખક આ સહુ મિત્રોના આભારી છે.

અહીં ભીલી–ભાષાસ્વરૂપની 'સાસિ આય' વાતનું ભાષાવિશ્લેષણ રજૂ કર્યું છે. વાતના પાઠ માટે જુઓ, 'વિદ્યાપીઠ', ૧૯૬૯.

## લિપિસંકેતો

અહીં માન્ય ગુજરાતીમાં વપરાતા લિપિસંકેતો ઉપરાંત નીચેના વધારાના સંકેતો પ્રસ્તુત વિશ્લેષણમાં વાપર્યા છે :



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

| | |
|---|---|
| સ઼ | અઘોષ કંઠ્ય સંઘર્ષી |
| ત્સ | દંત્ય સ્પર્શ–સંઘર્ષી અઘોષ |
| દ્ઝ | દંત્ય સ્પર્શ–સંઘર્ષી ઘોષ |

આ ભાષાસ્વરૂપમાં દીર્ઘત્વ ઘટકાત્મક હોઈ, હ્રસ્વત્વ–દીર્ઘત્વ અર્થભેદક બને છે. માન્ય ગુજરાતીમાં આવો ભેદ જળવાયેલો નથી.

પૃથક્કરણ મુખ્યત્વે ધ્વનિતંત્ર અને રૂપતંત્રને લગતું પ્રસ્તુત કરવાનું ધાર્યું છે. તેમ છતાં રજૂઆતની એકવાક્યતા જાળવવાના હેતુથી તેનો સામાન્ય ક્રમ નીચે મુજબનો વિચારવામાં આવ્યો છે :

| | |
|---|---|
| ૧ : ૦ | ભાષાસામગ્રી (પાઠ) |
| ૨ : ૦ | ભાષા–પૃથક્કરણ |
| ૨ : ૧ | ધ્વનિતન્ત્રીય |
| ૨ : ૨ | રૂપતન્ત્રીય |
| ૨ : ૩ | શબ્દકોશીય |
| ૨ : ૪ | વાક્યતન્ત્રીય |
| ૩ : ૦ | સમાજવૈજ્ઞાનિક |

૧ : ૦ પાઠ ઉપર ઉલ્લેખેલા 'વિદ્યાપીઠ'ના અંકમાંથી અભ્યાસીઓએ જોઈ લેવો.

## ૨ : ૦ ભાષા-પૃથક્કરણ

પૃથક્કરણ માન્ય ગુજરાતીના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. ખાસ કરીને માન્ય ગુજરાતી કરતાં આ ભાષા–સ્વરૂપના તફાવતો કેવા કેવા છે, તેની પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું હોવાથી આ સામગ્રી ભાષાવિદો ઉપરાંત ભાષાશિક્ષકોને, ભાષાનાં પાઠ્યપુસ્તકોના રચયિતાઓને અને સમાજ-વિજ્ઞાનીઓને પણ વત્તેઓછે અંશે ઉપયોગી નીવડવાનો સંભવ છે.

### ૨ : ૧ ધ્વનિતન્ત્રીય

૧. અગ્રસ્થાનના ઘોષ મહાપ્રાણ સ્પર્શો > અઘોષ મહાપ્રાણ; અર્થાત્ અનુક્રમે ઘ, ઢ, ધ, ભ > ખ, ઠ, થ, ફ.

ઉદાહરણો :

| ઘ | ઢ | ધ | ભ |
|---|---|---|---|
| ખેર 'ઘર' | ઠગલો 'ઢગલો' | થાવણો 'ધાવણો' | ફુખ 'ભૂખ' |
| ખોડો 'ઘોડો' | ઠકેલો 'ઢકેલી' | થાણી 'ધનુષ્ય' | ફીડ 'ભીડ' |



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૨. મધ્યસ્થાનમાં તેના અનુક્રમે ગ, ડ, દ અને બ થવાનાં દૃષ્ટાંતો મળે છે. અર્થાત્ ત્યાં પ્રાણતત્ત્વનો લોપ થાય છે.

| ગ | દ | બ |
|---|---|---|
| ઊગાડ઼વૂ 'ઉઘાડવું' | અદરાત 'અધરાત' | ગરબવાશ 'ગર્ભવાસ' |
| સુગળુ 'સઘળુ' | ગદેડ઼ું 'ગધેડુ' | |

આ સામગ્રીમાંથી ડનું દૃષ્ટાંત મળતું નથી. પરંતુ 'ભીલી–ગુજરાતી શબ્દાવલિ' (આચાર્ય–૧૯૬૫)માંથી આના અડૂણિ – 'ઇંઢોણી' જેવાં દૃષ્ટાંતોથી આની પૂર્તિ કરી શકાય.

૩. આમાં ઘોષ સ્પર્શ > અઘોષ સ્પર્શનાં દૃષ્ટાંતો પણ મળે છે.

ટગલે ટગલે 'ડગલે ને પગલે',

એટતો એટતો 'હેંડતો–હેંડતો'

આ બંને સામગ્રીમાંથી મળતાં દૃષ્ટાંતો છે.

૪. કેટલાંક અતંત્ર દેખાતાં પરિવર્તનો :

(એ.) આ > એ

ઉદાહરણો :

| | |
|---|---|
| વેસલાં | 'વચલાં' |
| વેસમાંય | 'વચમાં' |
| કુએર | 'કુંવર' |
| આગેળ | 'આગળ' |
| તરતેસ | 'તરત જ' |

સાનુસ્વાર કે સાનુનાસિક આં > ઑં પણ મળે છે.

ઉદાહરણો :

| | |
|---|---|
| પૉંસ | 'પાંચ' |
| નૉનિ | 'નાની' |
| સોનો | 'છાનો' |

આ > અ નું દૃષ્ટાંત પણ પ્રાપ્ત થાય છે : અગાસ 'આકાશ'

(બી.) અ > આ

સામળિ 'સમળી'

અ > ઓ ~ ઑ

પોણ ~ પૉણ 'પણ'



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વોર 'વર'
નોવ 'નવ'

(સી.) ઇ > અ
દન 'दिन'

(ડી.) ઉ > અ
અખૂડી દડવુ 'ઉખેડી નાખવું'

(ઈ.) એ > ઈ
ઇક 'એક'
ઇમ 'એમ'
પિલી 'પેલી'

(એફ.) ઓ > ઉ ~ ઊ
રુટા 'રોટલા'
ટૂસ 'ટોચ'
કૂણુ 'કોણ'
મુટિ 'મોટી'

૫. અગ્રસ્થાની હ > φ
અતો,-તિ,-તુ 'હતો', '-તી',-'તું'

૬. ચ > સ્ અને છ > સૂ નાં ઉદાહરણો મળે છે :

વસાર 'વિચાર' — પાસિ 'પાછી'
પોંસ 'પાંચ' — સાનો 'છાનો'

૭. સ > સ્ અને શ > સ્ ~ સ નાં દૃષ્ટાંતો પણ પ્રાપ્ત થાય છે :

વરસાં 'વરસો' — સીકાર 'શિકાર'
માસિ 'માસી' — ખુસખુસ 'ખુશખુશ'
અસે 'હશે'

૮. સ્પર્શ–સંઘર્ષી ત્સ અને દઝ ની ઉપસ્થિતિ
ત્સારવૂ 'ચારવું'
ત્સડા 'છડા'
દઝાન 'જાન'



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૯. તાલવ્ય અનુનાસિક ञ અને પાર્શ્વિક મૂર્ધન્ય ળ નું ગુજરાતીના આ ધ્વનિઓની સરખામણીએ સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવું ઉચ્ચારણ:

**થણઆણિ** 'ધણિયાણી'

**ગુઆળિણ** 'ગોવાળણ'

## ૨:૨ રૂપતત્ત્વીય

૧. આ સ્વરૂપમાં પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ એવી ત્રણ લિંગની વ્યવસ્થા છે. આ માટે અનુક્રમે (ગુજરાતીની જેમ) – **ઓ**, – **ઇ** અને – **ઉ** પ્રત્યયો છે.

ઉદાહરણો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| **આતો** | 'બાપ' | **સુરિ** | 'છોકરી' | **ડુગરુ** | ચીભડું |
| **ખાડો** | 'ખાડો' | **વાંસળિ** | 'વાંસળી' | **ગદ્દેડુ** | ગધેડું |

ઘણાંખરાં નામો આ લિંગ-વ્યવસ્થા નીચે આવતાં હોવા છતાં આ વાક્સ્વરૂપમાં આ એકમાત્ર લિંગવ્યવસ્થા છે એમ કહી શકાશે નહીં. નીચે આપેલાં દૃષ્ટાંતો આ વ્યવસ્થા તળે આવતાં નથી :

| પું. | | સ્ત્રી. | | ન. | |
|---|---|---|---|---|---|
| **દન** | 'દિવસ' | **ખબર** | 'ખબર' | **લગન** | 'લગ્ન' |
| **મદારી** | 'મદારી' | **મૂઠ** | 'મુઠ્ઠી' | **દૂખ** | 'દુઃખ' |
| **સાપ** | 'સાપ' | **ઊંગ** | 'ઊંઘ' | **પેટ** | 'પેટ' |

મુખ્યત્વે 'સાસિ આય'ની સામગ્રી પર જ આ પૃથક્કરણ નિર્ભર હોવાથી તેમાંથી જ ફલિત થતી વ્યવસ્થાને બહાર આણવાની અહીં મર્યાદા બાંધી છે. આથી અન્ય વ્યવસ્થાનો અહીં વિચાર કર્યો નથી.

૨. આ વ્યવસ્થામાં બ.વ. માટેના પ્રત્યયો અનુક્રમે – **આ** (પું.), – **યાં** (સ્ત્રી.) અને – **આં** (ન.) જોવા મળે છે :

| (પું.) | | (સ્ત્રી.) | | (ન.) | |
|---|---|---|---|---|---|
| **રુટા** | 'રોટલા' | **સાઁમલીયાં** | 'સમળીઓ' | **ગીતાં** | 'ગીતો' |
| **ડુગરા** | 'ડુંગરો' | | | **કમાડાં** | 'કમાડો' |

૩. વિભક્તિઓ માટેની નીચે પ્રમાણેનાં પ્રત્યય–અનુગની વ્યવસ્થા આ સામગ્રીમાં જોવા મળે છે. આ સિવાયનાં પણ બીજાં આવાં પ્રત્યયો –અનુગો હોવાનો સંભવ છે, પણ અહીં તો સામગ્રીબહારનો વિચાર કરવામાં આવ્યો નથી.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

| | | |
|---|---|---|
| પ્રથમા | પ્રત્યયરહિત | |
| બીજી | – ઇ | પ્રત્યય |
| | | આજિજ |
| | | સુરજિજ |
| ત્રીજી | – એ [ય] પ્રત્યય | |
| | | બાવસીએ |
| | | આતાય |
| | – ઇ | |
| | | માસજિજ |
| | | સુરજિજ |
| ચોથી | – સાર અનુગ | |
| | | સાવા સાર |
| | – થિ | પ્રત્યય |
| | | સુટથિ |
| પાંચમી | – સો | પ્રત્યય |
| | | મેરાંમેરાંસો |
| | – સુ | પ્રત્યય |
| | | સુરિસુ |
| | | ગીતસુ |
| | – માસુ | પ્રત્યય |
| | | કૂઆમાસુ |
| છઠ્ઠી | – નો, ની, નુ પ્રત્યય | |
| | | જૂઆરનો ( રુટો ) |
| | | પટેલની ( સુરિ ) |
| | | ડુંગરાનુ ( બીજ ) |
| સાતમી | – ઇ | પ્રત્યય |
| | | રાતિ |
| | | દનિ |
| | – માય અનુગ | |
| | | કૂઆમાય |



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૪. ભૂતકાળનો એક – જજ પ્રત્યય

આજજી 'આવી'

'રેજજા' 'રહ્યાં'

'થાજજા' 'થયાં'

જન્મેજજી 'જન્મી'

૫. સ્વવાચક સર્વનામનું ત્રી. પુ. એ. વ. નું રૂપ લિંગ મુજબ સધાય છે:

વી 'તે' (પું.)

વે ,, (સ્ત્રી.)

વુ ,, (ન.)

આવું જ દર્શક સર્વનામ માટે પણ કહી શકાય :

જજી 'આ' (પું.)

જજે ,, (સ્ત્રી.)

જજુ ,, (ન.)

૬. અણિ અને વણિ ગુજરાતીના 'આ' અને 'તે' ના સમાનાર્થી છે:

અણિ સુરિ 'આ છોકરી'

વણિન માસજિજ 'તેની માસીએ'

૭. ગુજરાતીના – જ ને સમાનાર્થી ભારવાચક – સ છે :

વણિસ જગે 'તે જ જગ્યાએ'

વ્યોંસ 'ત્યાં જ'

ઇમુસ 'એમ જ'

**૨ : ૩ શબ્દતત્ત્વીય**

**અખૂડિ કડવૂ** (ક્રિ.) ઉખેડી નાખવું

**અણી** (સર્વ. સ્ત્રી.) આ

**અતરામાય** (વિ.) એટલામાં

**અતરે** (અ.) એટલે

**અદરાત** (સ્ત્રી.) અરધી રાત

**અદારૂ** (ન.) અંધારું

**આગેળ** (અ.) આગળ

**આત** (પું.) હાથ

**આતો** (પું.) બાપ

**આથિ** (પું.) હાથી

**આદમી** (પું.) પતિ

**આય** (સ્ત્રી.) મા

**ઈમૂસ** (અ.) આમ જ

**ઉળખવૂ** (ક્રિ.) ઓળખવું

**ઊગ** (સ્ત્રી.) ઊંઘ

**ઊગડવૂ** (ક્રિ.) ઉઘડવું

**એકઠબજ્જો** (પું.) એકલદંડિયો

**એઠાં** (અ.) હેઠે, નીચે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

**એવાં** (અ.) હવે
**ઓલાવૂ** (ક્રિ.) બુઝાવું
**કઈક** (વિ.) ઘણું
**કડાં** (ન. બ. વ.) હાથનાં ઘરેણાં
**કને** (અ.) પાસે
**કમાડાં** (ન. બ.વ.) કમાડો
**કળેકળે** (અ.) હારેહારે
**કિરેક** (અ.) કયારેક
**કુણ** (સર્વ. પ્ર) કોણ
**કૂએર** (પું.) કુંવર
**કોંટો** (પું.) નાકનું ઘરેણું
**ખરાડવૂ** (ક્રિ.) ખોદવું
**ખાડો** (પું.) ખાડો
**ખીઇ** (ન.) ઘી
**ખોડો** (પું.) ઘોડો
**ગઉ** (પું. બ. વ.) ઘઉં
**ગદેડું** (ન.) ગધેડું
**ગરભવાસ** (પું.) ગર્ભવાસ
**ગીતાં** (ન. બ.વ.) ગીતો
**ગુઆળ ઝાવણું** (ક્રિ.) ચરાવવા જવું
**ગુઆળિણ** (વિ.) યુવાન
**ગુડાવણૂ** (ક્રિ.) ખોદાવવું
**ગોતરેજ** (પું.) એક કુળદેવ
**ગોમ** (ન.) ગામ
**જણનૂ** (ન.) ઝરણું
**જણી વખત** (અ.) જે વખતે
**જમણો** (વિ.) ડાબાથી ઊલટો, જમણો
**જાનેજ્યા** ( પું. બ.વ. ) જાનૈયા
**જૂઆર** ( સ્રી. બ.વ. ) એક ધાન્ય, જુવાર
**જજૂ** ( સર્વ. ન. ) આ
**જેરે** (અ.) જયારે
**જજે** ( સર્વ. સ્રી. ) આ
**ઝીલાડવૂ** (ક્રિ.) નવડાવવું
**ટડાં** ( ન. બ.વ. ) ઢોર
**ટાસા** ( પું. બ.વ. ) બળદો
**ટાસી** (સ્રી.) ગાય
**ટૂસ** (સ્રી.) ટોચ
**ઠકેલી પાડવૂ** (ક્રિ.) ઢકેલી દેવું
**ડગરુ** (ન.) ચીભડું
**ડુસો** (પું.) બાપ
**ડૂગરો** (પું.) ડુંગર
**તણી વખત** (અ.) તે વખતે
**તર** (સ્રી.) તરશ
**તરે** (અ.) ત્યારે
**તલાસ** (સ્રી.) શોધ
**તી** (અ.) ભારવાચક 'પણ'
**તે** (અ.) તો
**થાથરવૂ** (ક્રિ.) ચોપડવું
**થણઆણિ** (સ્રી.) ધણિયાણી
**થવડાવણૂ** (ક્રિ.) ધવડાવવું
**થામણૂ** (ક્રિ.) દોડવું
**થાણિ** (સ્રી.) ધનુષ્ય
**દડવૂ** (ક્રિ.) નાખી દેવું
**દન** (પુ.) દિવસ
**દનરૂઝ** (અ.) હરહંમેશ
**દબીન ઝોવૂ** (ક્રિ.) છુપાઈને જોવું
**દરેડો** (પું.) દરેડો
**દવાંલિ** (વિ.) વહાલી નહીં તેવી
**દાડ** (અ.) હમેશાં
**નોંની** (વિ.) નાની



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

**પગુણાં** (પું. બ.વ.) મહેમાન
**પરેસે** (અ.) પછી
**પીઠી** (સ્ત્રી.) પરણતી વખતે લગાડવામાં આવતો હળદરનો રગડો
**પુઠે** (અ.) પછી
**પોંચ** (વિ.) પાંચ
**બાઇરી** (સ્ત્રી.) પત્ની
**બગળો** (પું.) બંગલો
**બટાર** (ન.) એક પ્રાણી
**બાડિ** (સ્ત્રી.) પત્ની
**બી** (સ્ત્રી.) બીક, ભય
**બુલાવણૂ** (ક્રિ.) બોલાવવું.
**બોડૂ કરવૂ** (ક્રિ.) મુંડાવવું
**ભમણૂ** (ક્રિ.) ભમવું
**ભાઠો** (પું.) પથ્થર
**ભીડ ભાંજવી** (ક્રિ.) દુઃખ દૂર કરવું
**મદારિ** (પું.) સાપ પકડનાર
**માંડવો** (પું.) લગ્નનો મંડપ
**મૂડ** (સ્ત્રી.) માથું
**મેરાંમેરાં** (ક્રિ.વિ.) આજુબાજુથી
**મેળવણૂ** (ક્રિ.) મેળવવું
**રમણા નીકળવું** (ક્રિ.) શિકારે જવું
**રુટા** (પું. બ.વ.) રોટલા
**લબરાં** (ન. બ.વ.) લુગડાં
**લાડિ** (સ્ત્રી.) પરણનારી કન્યા
**લીલ** (ન.) એક પ્રકારનું ગાય જેવું પ્રાણી
**વકરવૂ** (ક્રિ.) અલમસ્ત થવું
**વણી** (સર્વ. સ્ત્રી.) તે
**વરસાં** (ન. બ.વ.) વરસો
**વાસવૂ** (ક્રિ.) ભાંભરવું
**વાંસળિ** (સ્ત્રી.) વાંસળી
**વી** (સર્વ. ત્રી. એ.વ. પું.) તે
**વુ** (સર્વ. ત્રી. એ.વ. ન.) તે
**વે** (સર્વ. સ્ત્રી.) તેણી
**વેસમાય** (અ.) વચમાં
**વ્યોં** (અ.) ત્યાં
**સ** (અ.) ભારવાચક 'જ'
**સરીજ** (ન.) શરીર
**સાણૂ** (ન.) છાણું
**સારવૂ** (ક્રિ.) ચારવું
**સુરિ** (સ્ત્રી.) છોકરી
**સૂક** (ન.) સુખ
**સેતવૂ** (ક્રિ.) સળગવું
**સોટલો** (પું.) ચોટલો
**સગળૂ** (વિ.) બધું
**સપવૂ** (ક્રિ.) છુપાઈ જવું
**સામળી** (સ્ત્રી.) સમળી
**સાવૂ** (ક્રિ.) પકડવું
**સાસુ** (ન) સસલું
**સુવેયૂર** (ન.) સુવર
**સૂ** (સર્વ. પ્ર.) શું
**સેતિ** (વિ.) બધી
**ત્સડા** (પું. બ.વ.) પગનું ઘરેણું
**ત્સાર** (સ્ત્રી.) ઘાંસ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

**૨ : ૪ વાકયતત્ત્વીય :**

ગુજરાતીની સરખામણીએ નીચેનાં વાકયો વિશિષ્ટ ગણાવી શકાય :

૧. સુરજેજ સાપ સતાડિ દીદા.
૨. સુરજિજ સાપ બાહેરે કાડજ્જો.
૩. કૂએર...સુરજિજ દેખવા લાગો.
૪. કૂએર સેટે ઝાયો કીકલી કરેસે.
૫. બીએ સામસામા ફેટાઇ ગીજ્જા.
૬. એકબીઝાય પૂસણા પૂસવા લાગાં.
૭. વ્યાં પાણી પય લીદુ.
૮. સુરીન ખાવા ખવાડ઼જ્જુ.
૯. પટેલને ખેર પરુણાં ગીજ્જાં.
૧૦. ઊં તે કૂઆમાય ઠેકેલી દડ઼જ્જી અતિ.
૧૧. તમય ઊં સાય લીદી.

આ વાકયોને ગુજરાતી વાકયો સાથે સરખાવતાં તેમાં કેટલીક વિશેષતાઓ માલૂમ પડે છે :

૧ અને ૨ વાકયોમાં કર્મ સાપ પ્રત્યયરહિત છે. આવી વાકયરચના આ વાક્સ્વરૂપમાં ઠીકઠીક પ્રમાણમાં મળે છે.

વાકય ૩ માં **દેખવૂ** જે સંદર્ભમાં વપરાયેલું જોવા મળે છે તે સંદર્ભમાં માન્ય ગુજરાતીમાં 'જોવું' વપરાતું હોય છે.

આ પછીનાં ૪–૫–૬ એ ત્રણે વાકયોમાં ગુજરાતીની સરખામણીએ આગવા શબ્દસમૂહો વપરાયેલા છે. આ ત્રણે અનુક્રમે **સેટે ઝાયો, ફેટાઇ ગીજ્જા** અને **પૂસણાં પૂસવા લાગાં** છે.

૭ મું વાકય **પી** ક્રિયાપદના પ્રેરક પ્રયોગથી જુદું પડે છે. ગુજરાતીમાં **ત્યાં પાણી પી લીધું** એવું વાકય સામાન્ય રચનાનું છે.

વાકય ૮–૯ ના અનુક્રમે **ખાવા ખવાડ઼જ્જૂ** અને **પરુણાં ગીજ્જાં** એ ગુજરાતીની સરખામણીએ વિશિષ્ટ પ્રયોગો છે.

છેલ્લાં બે વાકયોમાં **ઊં** ના ઉપયોગની વિશેષતા છે. ગુજરાતી ભાષામાં જ્યાં બીજી વિભક્તિની અપેક્ષા રહે અને '**મને**'નો પ્રયોગ સામાન્ય રચના ગણાય ત્યાં આ વાક્સ્વરૂપમાં '**ઊં**' રૂપ વપરાયેલું મળે છે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## ૩ : ૦ સમાજવૈજ્ઞાનિક

આ બધી ભાષાકીય વિશેષતાઓ ઉપરાંત આ વાતમાં એવા કેટલાક પ્રયોગો મળે છે, જેને બીજી સંસ્કૃતિના સંદર્ભમાં સમજાવી શકાય. આ પ્રયોગો નીચે મુજબના છે :

૧. '**નોત્ર મઇના ને નોવ દ્હાડ઼ા**' ઉક્તિ અહીં એક કરતાં વધારે વખત વપરાયેલી છે. આનો સંદર્ભ સૂચવે છે કે નવ મહિના અને નવ દિવસ એ બાળકના જન્મ માટેનો આદર્શ સમયગાળો હોય.

૨. **આઇઆ, બાવસ્રી** અને **બાઈ** શબ્દો સાથે માનાર્હતા જોડાયેલી જણાય છે. અહીં આ ઉક્તિઓ 'મા' (**આઇ**), નાગ (**સાપ**) અને 'યુવતિ' (**ગુઆળિણુ સુરિ**)ને સંબોધવામાં વપરાયેલી છે.

આમ ગુજરાતીની સરખામણીએ આ વાક્સ્વરૂપની આટલી વિશેષતાઓ આ સામગ્રીમાંથી બહાર આવે છે.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# અન્વિતાભિધાનવાદ અને અભિહિતાન્વયવાદ

**એસ્તેર સોલોમન**

જો પ્રત્યેક પદને પોતાનો નિયત અર્થ (પદાર્થ) હોય તો પદસમૂહરૂપ વાક્યનો અર્થ શી રીતે સંભવે છે? પૂર્વમીમાંસકોમાં આ અંગેના વાદોએ ચોક્કસ આકાર ધારણ કર્યો; જો કે તેનાં બીજ પ્રાચીનતર સમયમાં મળી આવે છે ખરાં. પ્રભાકર મિશ્ર અને તેમના અનુયાયી માને છે કે વાક્યના સંદર્ભમાં જ પદો પોતાના અર્થના વાચક બને છે; જો કે પદો વાક્યના કે ભાષાનાં સાચાં ઘટકો છે. પદને પોતાનો નિયત અર્થ છે જ, પણ પદની ઉપયોગિતા વાક્યના ભાગરૂપે જ છે. વાક્યનાં પદો સાંભળીને આપણને અન્વિત અર્થ સમજાય છે, જે વાક્યનો અર્થ છે. આ અન્વિત અર્થ પદસમૂહથી સાક્ષાત્ પ્રાપ્ત થાય છે કે વાક્યગત પદવ્યક્તિઓના અર્થોની સ્મૃતિદ્વારા આડકતરી રીતે અર્થાત્ પરંપરયા પ્રાપ્ત થાય છે? પ્રથમ પક્ષ અન્વિતાભિધાનવાદીનો છે, જ્યારે બીજો પક્ષ અભિહિતાન્વયવાદીનો છે. વાક્યના અર્થમાં પદોના અર્થ (પદાર્થો) અને તેમના પરસ્પર અન્વયનો સમાવેશ થાય છે. અન્વિતાભિધાનવાદ અનુસાર પદો પદાર્થો અને તેમના પરસ્પર અન્વયનાં વાચક છે; જ્યારે અભિહિતાન્વયવાદ અનુસાર પદો પોતપોતાના અર્થનાં વાચક છે અને આ પદાર્થો દ્વારા તેમના અન્વયનું જ્ઞાન થાય છે. આનાથી વિપરીત વૈયાકરણો એમ માને છે કે વાક્ય એ જ એક અભિન્ન એકમ છે અને તેનો અર્થ પ્રતિભારૂપ છે, જે અવિભાજ્ય અને અખંડ છે. અવિભાજ્ય એવા વાક્યના, પદ વગેરેમાં ભાગ પાડવામાં આવે છે તે તો માત્ર સમજણની ખાતર; આ ભાગો બુદ્ધિકૃત છે, સાચા નથી.

અન્વિતાભિધાનવાદનું વિસ્તૃત પ્રતિપાદન શાલિકનાથ મિશ્રના 'પ્રકરણપંચિકા' નામક ગ્રંથના 'વાક્યાર્થમાતૃકા ઉપોદ્ઘાત' પરિચ્છેદમાં મળે છે, જ્યારે અભિહિતાન્વયવાદનું પ્રતિપાદન કુમારિલભટ્ટના 'શ્લોકવાર્ત્તિક'માં છે. વાદિદેવસૂરિએ પોતાના 'સ્યાદ્વાદરત્નાકર' (પૃ. ૬૬૨થી આગળ) ગ્રંથમાં આ બે ગ્રંથોના આધારે આ બન્ને વાદોની રજૂઆત કરી છે અને જૈનોની દૃષ્ટિએ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તેમની પરીક્ષા કરી છે. આ લેખમાં જે પ્રતિપાદન છે તે 'સ્યાદ્વાદરત્નાકરને' અનુસરીને છે, જેથી અન્ય દર્શનના ગ્રંથો પૂર્વપક્ષની રજૂઆત કેટલી વફાદારીપૂર્વક કરતા તેનો ખ્યાલ આવે, અને આ બાબતમાં જે જૈન મત છે તેનો પણ ખ્યાલ આવે.

## અન્વિતાભિધાનવાદ

પ્રાભાકરો કહે છે કે બુદ્ધિશાળી લોકો એકબીજા સાથે પ્રધાન-ગૌણભાવે અન્વય પામેલા પદાર્થોને જ વાક્યાર્થ કહે છે. શાલિકનાથ કહે છે તેમ –

प्रधानगुणभावेन लब्धान्योन्यसमन्वयान् ।
पदार्थानेव वाक्यार्थं संगिरंते विपश्चितः ॥

(પ્ર. પં., પૃ. ૩૭૭; સ્યા. ૨., પૃ. ૬૬૩)

જેમના અર્થ આકાંક્ષા, સંનિધિ અને યોગ્યતા એ ઉપલક્ષણના આધારે સમજાય છે તે પદો જ આ વાક્યાર્થનાં વાચક છે. આકાંક્ષા એટલે જ્ઞાતા કે શ્રોતાની જિજ્ઞાસા. જ્યાં પ્રત્યયાર્થ પ્રકૃત્યર્થથી જુદો ન હોય તેવા પદની બાબતમાં અભિધાનાપર્યવસાનને લીધે, અર્થાત્ વચન પૂરું નથી થયું તેથી, આકાંક્ષા ઉદ્ભવે છે; જેમ કે दाराः, એમાં પ્રત્યયાર્થનું જ્ઞાન પ્રકૃત્યર્થથી ભિન્ન તરીકે નથી, જેથી પ્રકૃતિ તેનાથી અન્વિત એવો પોતાનો અર્થ કહી શકે. અહીં પ્રત્યય પ્રાતિપદિકના અર્થમાં જ છે. વડીલોના વાગ્વ્યવહારથી આપણે સમજતાં શીખીએ છીએ તે પરથી નિશ્ચિતપણે જાણીએ છીએ કે પદો અન્વિત અર્થનાં વાચક છે. તેથી અન્વિત અર્થમાં પર્યવસાન થાય તે માટે જ્ઞાતા કે શ્રોતા प्रगल्भन्ते જેવા કોઈ પદાર્થની અપેક્ષા રાખે છે, જેનો અન્વય दाराः શબ્દ સાંભળતાં, સ્મરણ દ્વારા ઉપસ્થિત થયેલ 'દારા' (પત્ની) એવા પદાર્થ સાથે થવાને યોગ્ય છે.

બીજી બાજુએ જે પદમાં પ્રત્યયાર્થ પ્રકૃત્યર્થથી ભિન્ન છે ત્યાં અભિધેય અર્થનું પર્વવસાન ન થવાથી – જે કહેવા ધાર્યું છે તે પૂરું કહેવાયું ન હોવાથી – આકાંક્ષા ઉદ્ભવે છે; દા.ત. કોઈ गाम् બોલે, તો તેમાં अम् પ્રત્યય કર્મના અર્થમાં છે અને તે અર્થ गो પ્રકૃતિના અર્થથી જુદો છે; તેથી જ્યાં સુધી તેને માટે आनय જેવા પદથી ક્રિયાનું અભિધાન ન થાય ત્યાં સુધી અન્વિત અર્થ પૂરો અભિહિત થતો નથી. અથવા કોઈ गच्छति એમ બોલે તો ત્યાં ति પ્રત્યય વર્તમાનકાલનો વાચક છે અને એ વર્તમાન ક્રિયાને કર્તાની આકાંક્ષા છે; તેથી देवदत्तः કર્તારૂપી અભિધેયની આકાંક્ષા રહે છે,



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જેનો અન્વય તેની સાથે થવો યોગ્ય છે ( गाम् आनय, गच्छति देवदत्तः ). અહીં અભિધેયના પર્યવસાનને માટે અન્ય પદાર્થની જિજ્ઞાસા રહે છે.

આમ અભિધાનાપર્યવસાન કે અભિધેયાપર્યવસાનને કારણે આકાંક્ષા સંભવે છે.

अन्वितस्याभिधानार्थमुतार्थघटनाय च ।
प्रतियोगिनि जिज्ञासा या साकांक्षेति गीयते ॥

(પ્ર. પં., પૃ. ૩૮૮; સ્યા. ર., પૃ. ૬૬૩)

આ આકાંક્ષા પ્રતિયોગીને વિષે જાગે છે – કર્મના ક્રિયારૂપી પ્રતિયોગી વિષે, ક્રિયાના કર્તારૂપી પ્રતિયોગી અને વ્યુત્પત્તિને માટે ઉપલક્ષણ ( ' કંડિશન ' ) તરીકે તેનો આશ્રય લેવામાં આવે છે; કારણ કે પરસ્પર આકાંક્ષા ન ધરાવતાં હોય તેવાં પદો અન્વિત અર્થનાં વાચક બનતાં નથી.

હવે પ્રશ્ન થાય કે अयमेति पुत्रो राज्ञः पुरुषोऽपसार्यताम् ( ' આ આવે છે પુત્ર રાજાનો પુરુષને ખસેડવામાં આવે ' ) એમાં 'પુત્ર' અને 'પુરુષ' બન્ને સરખી રીતે 'રાજા'ના સાંનિધ્યમાં હોવા છતાં અને તેની સાથે અન્વય પામવાની યોગ્યતા ધરાવતા હોવા છતાં રાજાનો પુત્ર સાથે જ શા માટે સંબંધ છે, 'પુરુષ' સાથે શા માટે નથી – આનો ઉત્તર એ છે કે પૂર્વમીમાંસાદર્શનમાં વાક્યાર્થના નિર્ણય માટે જે ન્યાયોનું પ્રતિપાદન કર્યું છે તેમના આધારે વાક્યાર્થનું જ્ઞાન થાય છે. રાજાનો પુત્ર સાથે સંબંધ છે, કારણ કે પુત્ર નિત્યસાપેક્ષ છે – જ્યાં સુધી પ્રતિયોગી કહેવામાં ન આવે, કોનો પુત્ર એ કહેવામાં ન આવે ત્યાં સુધી પુત્રપદાર્થ પૂરો સમજાય નહિ; આ સંબંધથી આકાંક્ષા સંતોષાઈ જતી હોવાથી પુરુષ નજીક હોવા છતાં અને સંબંધિત થવા યોગ્ય હોવા છતાં તેની સાથે રાજાનો સંબંધ નથી.

परिपूर्णेन योग्यस्य समीपस्याप्यनन्वयः ।
व्युत्पत्तौ तेन शब्दानामाकांक्षाऽप्युपलक्षणम् ॥

(પ્ર. પં., પૃ. ૩૮૮; સ્યા. ર., પૃ. ૬૬૪)

આ આકાંક્ષા વળી સર્વ પ્રતિયોગીની બાબતમાં એ જ ક્ષણે ઉદ્ભવતી નથી, પણ આનુપૂર્વીથી, તે તે અર્થનું પ્રાધાન્ય કે આવશ્યકતા હોય તે પ્રમાણે, ઉદ્ભવે છે. દા.ત. ક્રિયા કર્તા વિના સંભવે નહિ તેથી ક્રિયાને કર્તાની અપેક્ષા રહે છે. આ કર્તા ફળ પ્રાપ્ત કરવા માટે જ ક્રિયા કરે છે, તેથી ફળની



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આકાંક્ષા રહે છે અને આ ક્રિયા કરણ વિના સંભવે નહિ તેથી કરણની આકાંક્ષા જાગે છે અને જેમ જેમ આ સંબંધી પદાર્થો વિષે આકાંક્ષા થાય છે તેમ તેમ શબ્દો અન્વિત અર્થનું અભિધાન કરે છે.

प्रतियोगिषु सर्वेषु नाकांक्षोदेति तत्क्षणात्।
कारणोपनिपातानुपूर्व्येण तु यथातथम्॥

जिज्ञासा जायते बोद्धुस्संबंधिषु यथा यथा।
तथा तथैव शब्दानामन्वितार्थाभिधायिता॥

(પ્ર. પં., પૃ. ૩૮૯; સ્યા. ર., પૃ. ૬૬૪)

સંનિધિ એટલે આકાંક્ષા પછી તરત જ બુદ્ધિમાં વિપરિવૃત્તિ, એ અર્થનું બુદ્ધિમાં રમ્યા કરવું, હાજર હોવું તે. તેને માટે શબ્દપ્રયોગ આવશ્યક જ છે એવું નથી. સંનિધિ એ અર્થનું સાંનિધ્ય છે, નિયમે કરીને ઉચ્ચારેલા શબ્દોનું નહિ; દા.ત. અધૂરાં વાક્યોમાં, જેમાં અધ્યાહૃત ઘણું હોય છે તેમાં આવશ્યક અર્થની પરિપૂર્તિ કરીને અન્વિત અર્થ સમજવામાં આવે છે. द्वारम् એમાં એવા અર્થનું અભિધાન છે, જેનો અધ્યાહૃત એવા 'બોલવા'ના અર્થ સાથે અન્વય છે (જ્યારે ભાટ્ટ મીમાંસકો માને છે કે આવાં વાક્યોમાં અન્વયનું જ્ઞાન ખૂટતાં પદો ઉમેરીને જ થાય છે, માત્ર પદાર્થ ઉમેરીને નહિ). આકાંક્ષાની જેમ સંનિધિમાં પણ ક્રમ સમજવો અને અન્વિત અર્થનું અભિધાન પણ તે પ્રમાણે જ થાય છે:

संनिधिः शब्दजन्मैव व्युत्पत्तौ नोपलक्षणम्।
अध्याहृतेनाप्यर्थेन लोके संबंधदर्शनात्॥

सहसैव न सर्वेषां संनिधिः प्रतियोगिनाम्।
संनिधायकसामग्रीक्रमेण क्रमवानसौ॥

यथा यथा संनिधानं जायते प्रतियोगिनाम्।
तथा तथा क्रमेणैव शब्दैरन्वितबोधनम्॥

(પ્ર. પં., પૃ. ૩૯૦; સ્યા. ર., પૃ. ૬૬૪)

યોગ્યત્વ એટલે પરસ્પર સંબંધ માટેની લાયકાત (સંબંધાર્હત્વ). શબ્દો જ્યારે મુખ્ય અર્થમાં પ્રયોજાયા હોય ત્યારે જે અર્થ જેની સાથે સંબંધિત થઈ શકે એ તેને માટે સંબંધાર્હ છે, યોગ્ય છે. દા. ત. अग्निना सिंचतिમાં યોગ્યત્વ નથી, પણ जलेन सिंचतिમાં છે. પ્રથમ પ્રયોગમાં શબ્દ મુખ્ય અર્થમાં



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નથી પ્રયોજાયો; ગૌણ અર્થ લેવો પડે છે. આમ આકાંક્ષા, સંનિધિ, યોગ્યત્વની મદદથી જેના અર્થ જ્ઞાત થાય છે તેવાં પદો અન્વિત એવા પોતાના અર્થનું અભિધાન કરે છે; આ પદો અન્વિત અર્થનાં વાચક છે.

અહીં શંકા કરી શકાય : પદ અનભિહિત એવા અર્થાન્તરની સાથે અન્વિત એવા પોતાના અર્થનું વાચક છે કે અભિહિત એવા અર્થાન્તરની સાથે અન્વિત અર્થનું વાચક છે? જો પદ અનભિહિત એવા અર્થાન્તરથી અન્વિત અર્થનું અભિધાન કરે તો એક પદ ઉચ્ચારવામાં આવતાં જ વિવક્ષિત અર્થની પ્રતીતિ થઈ જાય અને તેથી ઇતર પદો વ્યર્થ બની જાય. અને જો અભિહિત એવા અર્થાન્તરથી અન્વિત અર્થનું અભિધાન કરે તો અન્યોન્યાશ્રયનો દોષ આવી પડે; જેમ કે उखायां पचेत् (' વાસણમાં રાંધવું જોઈએ ') – એમાં જ્યાં સુધી उखायाम् પદથી અધિકરણ એવા વાસણનું અભિધાન ન કરવામાં આવે, ત્યાં સુધી पचेत् પદ તેનાથી અન્વિત એવા પોતાના અર્થનું અભિધાન કરી શકશે નહિ. એ જ રીતે જ્યાં સુધી पचेत् પદ પોતાના અર્થનું અભિધાન ન કરે ત્યાં સુધી उखायाम् પદ એ અર્થથી અન્વિત એવા પોતાના અર્થનું અભિધાન કરી શકશે નહિ. આમાંથી રસ્તો કાઢવા કોઈ એમ કહેશે કે પદો પહેલાં માત્ર પોતાના અર્થનું અભિધાન કરે છે અને પછીથી અર્થાન્તરથી અન્વિત એવા પોતાના અર્થનું અભિધાન કરે છે તેથી પરસ્પરાશ્રયનો પ્રસંગ ક્યાંથી આવે; પણ આ બરાબર નથી, કારણ કે તેમાં કલ્પનાગૌરવનો દોષ છે. લૌકિક હોય કે પરીક્ષક, કોઈને પદો દ્વારા પહેલાં માત્ર પદાર્થનું અને પછી એ જ પદો દ્વારા અન્વિત અર્થનું ગ્રહણ થતું હોય એવું જોવામાં આવતું નથી; અને આ બે અભિધાનની પ્રક્રિયાનો અનુભવ ન થતો હોય તો તેની કલ્પના કેવી રીતે કરી શકાય? તેથી પદો અર્થાન્તરથી અન્વિત અર્થનું અભિધાન કરે છે એમ માનવું ઠીક નથી.

અન્વિતાભિધાનવાદી આનો ઉત્તર આપતાં કહે છે : આ શંકા બરાબર નથી. જે આમ બોલે છે તેમને બીજાનો સિદ્ધાંત સમજાયો નથી. જેમ સોપારી વગેરે નજરે પડતાં સાહચર્યના બળે પાન વગેરેની યાદ અપાવે છે, તેમ પદોનો સમૂહ જેવો શ્રવણગોચર થાય છે કે પદો પોતપોતાનાં અભિધેયો કહેતી વખતે સાહચર્યથી અર્થરૂપોનું સ્મરણ કરાવે છે અને પછી તેમનું અન્વિત તરીકે અભિધાન કરે છે. આ સાચો સિદ્ધાંત છે તેથી ઉક્ત દોષને કોઈ અવકાશ નથી; કહ્યું છે કે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

पदजातं श्रुतं सर्वं स्मारितानन्वितार्थकम् ।
न्यायसंपादितव्यक्ति पश्चाद्वाक्यार्थबोधकम् ॥

(પ્ર. પં., પૃ. ૪૦૧; સ્યા. ૨., પૃ. ૬૬૫)

જ્યાં સુધી લોકવ્યવહારને અનુસરનારા પ્રકરણ વગેરે ન્યાયો – શબ્દાર્થનો નિર્ણય કરવા માટેનાં પ્રમાણો કે ધોરણો – દ્વારા આ પદોના અર્થનો સ્પષ્ટ નિર્ણય ન થયો હોય – જેમ કે, આ વિધીયમાન છે, આનો અનુવાદ છે, આ ગુણભૂત છે, આ વિવક્ષિત છે, આ અવિવક્ષિત છે ઇત્યાદિ – ત્યાં સુધી કોઈ વેદવાક્યનો અર્થ જાણી શકતું નથી. માટે વૃદ્ધવ્યવહારથી નિયંત્રિત એવું જે શબ્દાર્થનું જ્ઞાન છે તેમાં જે ન્યાયો વૃદ્ધવ્યવહારમાં વાક્યાર્થના જ્ઞાનના હેતુ તરીકે જ્ઞાત છે તેમને અનુસરીને વાક્યાર્થનું જ્ઞાન કરવું જોઈએ. તેથી મીમાંસાની વેદવાક્યાર્થજ્ઞાનમાં ઇતિકર્તવ્યતા છે, અર્થાત્ વેદવાક્યાર્થજ્ઞાનમાં (ધર્મજ્ઞાનમાં) કરણરૂપ વૈદિક શબ્દને તે મદદરૂપ થાય છે.

तावदेव हि संदेहो वेदवाक्ये श्रुते भवेत् ।
यावन्न वचनव्यक्तिस्तस्य स्पष्टाऽवधार्यते ॥

ज्ञाता च वचनव्यक्तिर्मीमांसान्यायकारिता ।
प्रलीयंते समस्ताश्च वेदवाक्यार्थसंशयाः ॥

धर्मे प्रमीयमाणे हि वेदेन करणात्मना ।
इतिकर्तव्यताभागं मीमांसा पूरयिष्यति ॥

(પ્ર. પ., પૃ. ૪૦૪; સ્યા. ૨., પૃ. ૬૬૫–૬)

સ્વભાવિક રીતે જ શંકા થાય કે આપણો લૌકિક અનુભવ તો એવો છે કે વાક્યના અર્થનો નિશ્ચય જલદી થઈ જાય છે, તેને માટે આટલી બધી સામગ્રીની જરૂર પડતી નથી. આનો ઉત્તર એ છે કે અત્યંત અભ્યસ્ત – જેની સાથે આપણો અનેક વારનો પરિચય હોય – એવા વાક્યાર્થની બાબતમાં આ વાત સાચી હશે, પણ પહેલાં નહીં જોયેલા એવા સ્મૃત્યાદિ વાક્યાર્થોની બાબતમાં લોકમાં પણ અનેક વિવાદો ઊભા થાય છે, તેથી જલદીથી નિશ્ચય થઈ જાય છે એમ કેવી રીતે કહેવાય? બીજું કોઈ પ્રયોજન ન હોવાને કારણે સામાન્ય લોકો આવો વિવેક કરતા નથી, જ્યારે વાક્યજ્ઞો તો કરે છે.

હજુ મુશ્કેલી લાગવાની સંભાવના છે. જો આમ સિદ્ધાંતમાં સ્મૃતિ પૂર્વ અનુભવને અનુસરીને અર્થને વિષય કરતી પ્રાપ્ત થશે તો અપેક્ષાનપેક્ષણનો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

દોષ આવી પડશે. કોઈ પદનો માત્ર પદાર્થને વિષે જ પ્રયોગ ક્યાંય જોયો નથી, જેથી કરીને આ સાહચર્યના બળે એ એટલાની જ યાદ અપાવે. તેટલામાત્રથી વ્યવહાર સંભવે નહિ: અને પદોનું ઉચ્ચારણ તો એ, વ્યવહારમાં ઉપયોગી છે માટે જ કરવામાં આવે છે. તેથી પદો અન્ય પદાર્થથી અન્વિત એવા સ્વાર્થ-(પોતાના અર્થ)નું અભિધાન કરવા માટે વપરાય છે. આમ આપણે 'गामानय' ('ગાયને લાવ') એ પ્રયોગમાં गो શબ્દને, 'લાવવાની' ક્રિયાથી અન્વિત અર્થવાળો જોયો છે; गो શબ્દને આનયનથી અન્વિત ગાય એવા અર્થની સાથે સહચરિત જોયો છે તેથી गां पश्य ('ગાયને જો') એમાં પણ गो શબ્દથી આનયનથી અન્વિત એવી ગાયની યાદ આવશે; માત્ર ગાયની નહિ. આ યાદ આવેલા આનયનથી गाम् પદની આકાંક્ષા સંતોષાઈ જશે અને તેથી તેને पश्य અર્થાત્ દર્શનને વિષે આકાંક્ષા રહેશે નહિ. તેથી 'ગાય' એ અર્થનો 'જો' એ અર્થ સાથે અન્વય નહીં થાય. એ જ રીતે प्रासादं पश्य ('મહેલ જો') એમાં पश्य પદનો અનુભવ 'પ્રાસાદ' અર્થથી અન્વિત એવા પોતાના અર્થની સાથે સહચરિત તરીકે આપણને થયો છે, તેથી गां पश्य એમાં પણ पश्य શબ્દના શ્રવણથી 'પ્રાસાદથી અન્વિત દર્શન' એવા અર્થની સ્મૃતિ આપણને થશે, માત્ર દર્શનની નહિ; અને આમ યાદ આવી ગયેલા પ્રાસાદથી તેની આકાંક્ષા સંતોષાઈ જતાં पश्य એ પદ ગાય સાથે સંબંધિત નહીં થાય. આ રીતે તો સર્વત્ર વાક્યાર્થજ્ઞાનને તિલાંજલિ આપી દીધા જેવું થશે; કોઈ વાક્યાર્થજ્ઞાન શક્ય બનશે નહિ. બચાવમાં કદાચ એમ કહેવામાં આવે કે गो શબ્દ 'ગાય' એ અર્થને કદાપિ છોડતો નથી, તેનાથી એ વ્યભિ-ચરિત નથી, જ્યારે 'આનયન' વગેરેની સાથે તે હોય પણ ખરો અને ન પણ હોય – તેમની સાથે તેનો વ્યભિચાર સંભવે છે: તેથી આ અવ્યભિચારના બળે गाम् એ પદ પોતાના જ અર્થની યાદ અપાવે છે, બીજા પદાર્થની નહિ; કારણ કે તેનાથી તો તેનો વ્યભિચાર સંભવે છે. પણ આ દલીલ બરાબર નથી. ભાવના (સંસ્કાર) એક ચોક્કસ પદ્ધતિએ જાગૃત થઈને સ્મૃતિનો હેતુ બનતી સ્વીકારવામાં આવે છે. સંસ્કાર જાગૃત થાય છે તેનું કારણ અવ્ય-ભિચાર જ છે એવું નથી; કારણ કે સોપારી જોઈને તે દ્વારા પાનની યાદ આવે છે, તેમાં તેમનું કેવળ સાહચર્ય સંસ્કારને જગાડવામાં કારણરૂપ છે; અને પદ સાથેનું સાહચર્ય તો જેમ પદના પોતાના અર્થનું છે તેમ અન્ય પદાર્થનું પણ છે, તેથી એ પદ શ્રવણગોચર થતાં જ અન્ય પદાર્થ સહિત પોતાના અર્થની યાદ એ ચોક્કસ તરત જ અપાવશે, તેથી અપેક્ષાનપેક્ષણનો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

દોષ રહે જ છે અને પદો માત્ર પોતાના અર્થનું સ્મરણ કરાવે છે એમ કોઈ રીતે ઘટાવી શકાતું નથી.

અન્વિતાભિધાનવાદી આ શંકાનો ઉત્તર આપતાં કહે છે: પદના અર્થનું જ્ઞાન તો થાય છે. એ સ્મૃતિરૂપ જ્ઞાન ન હોય તો બીજું શું હોઈ શકે? એને પ્રમાણરૂપ તો માની ન શકાય; કારણ કે પ્રમાણ અનધિગત અર્થનું જ્ઞાન કરાવે છે, નહીં જાણેલી વસ્તુનું જ્ઞાન કરાવે છે. કહ્યું છે કે ઉપલબ્ધ અર્થને વિષે જે જ્ઞાન થાય છે તે સ્મૃતિ છે; અને પદાર્થનું જ્ઞાન એ અનધિગત અર્થને વિષે છે એમ તો નહીં જ કહી શકાય (सर्वस्यानुपलब्धेऽर्थे प्रामाण्यं स्मृतिरन्यथा। – 'શ્લોકવાર્તિક', ૫, ૧૧; સ્યા. ૨., પૃ. ૬૬૭). શબ્દ અને અર્થના સંબંધનું જ્ઞાન થયું તે વખતે જે અર્થ જ્ઞાત થયો તેનું અભિધાન પદથી કરવામાં આવતાં તે દેશ, કાલ, અવસ્થા અનુસાર બદલાઈ જાય છે એમ તો કહેવાય નહિ. અને તો પછી પદનું ઉચ્ચારણ કાને પડતાં તેના અર્થનું જ્ઞાન થાય છે એ જ્ઞાન અર્થનું જ્ઞાત છે તેથી તે પ્રમાણરૂપ નથી, પણ સ્મૃતિરૂપ છે.

परोक्षश्चानुभूतश्च यस्तत्र स्मृतिरिष्यते ।
प्रमिते तु प्रसक्तत्वात् स्मृतेर्नास्ति प्रमाणता ॥

અને पदमभ्यधिकाभावात् स्मारकान्न विशिष्यते ।

(શ્લો. વા., ૫, પૃ. ૪૧૨; સ્યા. ૨., પૃ. ૬૬૭)

અને શંકાકાર કહે છે તેમ અપેક્ષાનપેક્ષણનો દોષ પણ નહીં આવી પડે. એ તો નિશ્ચિત છે કે અભ્યાસાતિશયને લીધે સંસ્કારાતિશય થાય છે. એટલે કે, જેમ જ્ઞાન સાથે પરિચય વધારે, એ જ્ઞાન વારંવાર દૃઢ રીતે થયું હોય, તેમ તેનાથી નિહિત સંસ્કારમાં દૃઢતા આવવાની. આપણને કોઈ પદના પોતાના અર્થ સાથેના સાહચર્યની અનુભૂતિ જેટલી વાર થઈ છે તેટલી વાર અર્થાન્તર સાથેના તેના સાહચર્યની અનુભૂતિ થઈ નથી. તેથી એ પદ સાંભળીને તેના પોતાના અર્થને વિષે જ સંસ્કાર જાગૃત થાય છે, માટે સ્મરણ પણ તેને વિષે જ થવું ઘટે, અર્થાન્તરને વિષે નહીં. આમ પરિસ્થિતિ એવી થાય છે કે પહેલાં પદો પોતપોતાનાં સાહચર્યસ્વરૂપની યાદ અપાવે છે, અર્થાત્ પોતે જેની સાથે હંમેશા સહચરિત રહે છે તેવા અર્થોની યાદ અપાવે છે, અને આમ સ્મૃતિમાં હાજર થયેલા તેમના પોતાના અર્થો અર્થાન્તરની આકાંક્ષા રાખતાં, આ પદોથી અર્થાન્તરથી અન્વિત તરીકે અભિધાન પામે છે, અર્થા-



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ન્તરથી અન્વિત તરીકે વાચ્ય બને છે. પદો સાંભળતાં એ પદોના પોતાના અર્થો યાદ આવે છે અને ત્યારે પદો અન્ય અર્થોની સાથે અન્વિત એવા પોતાના અર્થોનું અભિધાન કરે છે; અને આમ નવું જ્ઞાન કરાવતાં હોવાથી પ્રમાણરૂપ બને છે. પોતાના અર્થના સ્વરૂપનું સ્મરણ કરાવવા માટે પદને અન્ય પદની જરૂર નથી હોતી. એ અર્થ ભલે સ્મૃતિમાં હાજર હોય, પણ તે હાજર તો છે જ, તેથી ઇતરેતરાશ્રયનો દોષ નહીં આવે (પ્ર. પં., પૃ. ૪૦૬; સ્યા. ૨., પૃ. ૬૬૭)

સર્વ પદો અન્વિત અર્થનું અભિધાન કરે છે એમ જે કહ્યું છે તે શ્રૌતાર્થ પદો – અર્થાત્ જે પદો પોતાના મુખ્ય અર્થમાં પ્રયોજાયાં છે, તેમને માટે સમજવું. પણ गंगायां घोषः, गौर्वाहीकः જેવા પ્રયોગોમાં, જ્યાં લાક્ષણિક કે ગૌણ અર્થમાં પદનો પ્રયોગ છે ત્યાં, જે શ્રૌતાર્થ પદ છે તે જ અન્વિત અર્થનું અભિધાન કરે છે; घोषः કે वाहीकः પદ એ જ અન્વિત અર્થનું અભિધાન કરે છે, गंगायाम् કે गौः નહીં. गंगा શબ્દ કે गो શબ્દ તો પ્રતિયોગી એવા તટ વગેરેને બુદ્ધિની આગળ રજૂ કરી દે છે એટલું જ; કારણ કે ત્યાં गंगा પદને તટનું વાચક માની શકાય જ નહિ. અને गंगा પદ કે गो પદ ત્યારે પોતાના અર્થનું વાચક નથી; કારણ કે અર્થનો અન્વય સંભવતો નથી (અને અન્વિતાભિધાનવાદી પ્રમાણે તો પદ અર્થાન્તરથી અન્વિત એવા અર્થનું જ વાચક થઈ શકે). પણ गंगा પદના યાદ આવી ગયેલા અર્થથી ગંગાનદીથી સંબંધિત એવો 'તટ' એવો, અથવા गौः પદના યાદ આવી ગયેલા અર્થથી 'બળદિયા જેવો' એવો, જે અન્ય પદ (गंगा કે वाहीक) સાથે અન્વિત થવા યોગ્ય છે તે, અર્થ બુદ્ધિમાં રજૂ કરવામાં આવે છે; અને જે શ્રૌતાર્થ પદ છે (घोष, वाहीक) તે, આ બુદ્ધિ આગળ રજૂ થયેલા અર્થની સાથે અન્વિત એવા પોતાના અર્થનું અભિધાન કરે છે. આ સિદ્ધાંતનું આ રહસ્ય છે.

વાદિદેવસૂરિએ 'સ્યાદ્વાદરત્નાકર' (પૃ. ૬૬૨ થી)માં પ્રાભાકરોના અન્વિતાભિધાનવાદની વિસ્તારથી રજૂઆત કરીને જૈન દૃષ્ટિએ તેનું ખંડન કે તેની પરીક્ષા કરી છે. તેમની દલીલો જોઈએ. પ્રાભાકરોએ કહ્યું છે કે પ્રધાન–ગુણભાવે એકબીજા સાથે સમન્વિત પદાર્થો એ વાક્યાર્થ છે, તો અમે પૂછીએ છીએ : પ્રકરણ આદિના બળે પ્રધાન–ગુણ તરીકે સમન્વયની અવસ્થામાં રહેતા પદાર્થોને કોણ વાક્યાર્થ તરીકે જાણે છે? જેમ એકબીજાની અપેક્ષા રાખનાર, પણ અન્યની અપેક્ષા નહીં રાખનાર પદોના સમૂહને વાક્ય કહે



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

-છે, તેમ વિશેષણ–વિશેષ્ય તરીકે એકબીજાની અપેક્ષા રાખનાર એવા પદાર્થોનો સમૂહ, જેને અન્યની અપેક્ષા નથી તેને વાક્યાર્થ કહે છે. આમ જૈનો પ્રમાણે પરસ્પરસાપેક્ષ પણ અન્યનિરપેક્ષ એવાં પદોની સંહતિ તે વાક્ય અને પરસ્પરસાપેક્ષ એવા પદાર્થોની અન્યનિરપેક્ષ એવી સંહતિ તે વાક્યાર્થ.

પ્રાભાકરો જે એમ કહે છે કે પદો જેમનું જ્ઞાન આકાંક્ષા, સંનિધિ, યોગ્યતાથી મળતા ટેકાને લીધે સુલભ છે તે જ વાક્યાર્થનું જ્ઞાન કરાવવા સમર્થ છે – તેની બાબતમાં અમે પૂછીએ છીએ : પદો છૂટાં છૂટાં વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે કે સાથે મળીને ? પદવ્યક્તિઓ અર્થાત્ એક એક પદ વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે એમ કહી શકાય નહિ; કારણ કે पादपः तिष्ठति ('વૃક્ષ ઊભું છે') એમાં पादपः એ પદનું ઉચ્ચારણ થતાં, માત્ર પદાર્થની પ્રતીતિ થાય છે એવો આપણો અનુભવ છે. તે અર્થ દ્વારા જ્ઞાત, तिष्ठति પદથી વાચ્ય 'સ્થાન' (ઊભા રહેવું તે) એ અર્થની તો સામર્થ્યને લીધે પ્રતીતિ થાય છે. पादपः પદનો 'સ્થાન' અર્થની બાબતમાં સીધો વ્યાપાર નથી, તેથી તેનો અર્થ જ તેનો ગમક છે. કોઈ એમ કહે છે કે ભલે સીધો વ્યાપાર ન હોય, પણ પરંપરયા તો તેની બાબતમાં એ પદનો વ્યાપાર છે જ, તો તેને અમારો જવાબ છે કે એવું હોય તો पर्वतः वह्निमान्, धूमात् એમાં धूमात् એ લિંગવચનનો પણ લિંગી('વહ્નિ')ના જ્ઞાનને વિષે વ્યાપાર છે એમ કહેવું પડે (કારણ કે લિંગવચન લિંગનું ગમક છે અને લિંગ લિંગીનું ગમક છે); અને આવું જો હોય તો અનુમાનજ્ઞાન શાબ્દ (શબ્દજન્ય) જ બની જાય. બચાવમાં એવી દલીલ કરી શકાય કે લિંગવાચક શબ્દથી લિંગની પ્રતીતિ થાય છે એ જ શાબ્દી છે, પણ તેનાથી જ્ઞાત થયેલા લિંગ દ્વારા અનુમેયની પ્રતીતિ થાય છે તેને શાબ્દી કહી શકાય નહિ; કારણ કે એવું જો હોય તો કોઈ પણ પ્રકારના જ્ઞાનને શાબ્દ કહી શકાય. આ દલીલનો જવાબ એ છે કે એ જ કારણસર पादप પદથી તેના અર્થ દ્વારા 'સ્થાન' વગેરે અર્થની પ્રતીતિ થતી હોય તો તેને શાબ્દી કહી શકાય નહિ; કારણ કે पादप પદની શક્તિ તો પોતાના અર્થનું જ્ઞાન કરાવવામાં ખર્ચાઈ જાય છે, જેમ લિંગવાચક શબ્દની શક્તિ લિંગનું જ્ઞાન કરાવવામાં જ ખર્ચાઈ જાય છે. (લિંગવચન જેમ લિંગીનું જ્ઞાન નથી કરાવી શકતું તેમ पादप પદ સ્થાનનું જ્ઞાન ન કરાવી શકે.) વળી જો છૂટાં છૂટાં પદ વાક્યાર્થનું અભિધાન કરતાં હોય તો વાક્યમાં જેટલાં પદો હોય તેટલા વાક્યાર્થના જ્ઞાનનો પ્રસંગ આવે; અને 'સાથે મળીને અર્થનું અભિધાન કરતાં પદો એ જ વાક્ય'



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એ પોતાના સિદ્ધાંતનો વિરોધ આવશે. પદો સાથે મળીને વાક્યાર્થનું અભિધાન કરે છે એ પક્ષ જો સ્વીકારવામાં આવે તો એ તો જૈન મત જ છે. જૈનોના મતે સંહતિરૂપ પરિણામ પામેલાં પદો તે વાક્ય, અને એ વાક્ય જ વાક્યાર્થનું પ્રતિપાદન કરે છે.

અને જે એમ કહ્યું છે કે આકાંક્ષા અભિધાનના અપર્યવસાનને કારણે થાય છે તે બરાબર નથી; કારણ કે પદો અભિધાશક્તિથી અન્વિત અર્થનું અભિધાન કરે છે એ મતનું ખંડન કરવામાં આવશે. પ્રતિપક્ષી પૂછી શકે કે તમે આકાંક્ષાનાં જે બે કારણો બતાવ્યાં – અભિધાનાપર્યવસાન અને અભિધેયાપર્યવસાન – એ બન્નેનું ખંડન કરશો તો તમારે પણ આકાંક્ષા તો સ્વીકારવી પડવાની જ છે; તમે તેનું કારણ શું બતાવશો ? બીજાને સમજાવવા માટે વચનનું ઉચ્ચારણ કરવામાં આવે છે, અને गाम् એટલું કહેવામાં આવતાં સાંભળનાર માણસને અર્થાન્તરની અપેક્ષા રહે જ છે. સામા માણસને આકાંક્ષા ન હોય અને છતાં કોઈ ઉચ્ચારણ કર્યા કરે તો એ લૌકિક હોય કે પરીક્ષક, એની ઉન્મત્તની જેમ જ ઉપેક્ષા કરવી ઘટે.

આનો ઉત્તર આપતાં વાદિદેવસૂરિ કહે છે : આ આકાંક્ષા અભિધેયાપર્યવસાનમૂલક જ છે. गाम् એમ કહેવામાં આવતાં गो શબ્દથી ઉક્ત અર્થ ક્રિયા કે કર્તા વિના પૂરો થતો નથી, તેથી સાંભળનારને ક્રિયા અને કર્તાની જિજ્ઞાસા થાય છે. તમે જે અન્વિતાભિધાનવાદી છો તેનાથી અમે જુદા અહીં પડીએ છીએ કે તમારા મતમાં પ્રકૃતિ (गो) પ્રત્યય(अम्)ના અર્થથી અન્વિત એવો જે પોતાનો અર્થ તેનું અભિધાન કરે છે, જ્યારે અમારા (જૈન) મતમાં એ અનન્વિત અર્થનું અભિધાન કરે છે. આકાંક્ષા અંગે જે બીજી વાત કરી તે તો અમને પણ માન્ય છે.

द्वारम् વગેરેમાં द्वारम् પદ અધ્યાહૃત એવા ઉદ્‌ઘાટન અર્થથી અન્વિત પોતાનો અર્થ કહે છે એમ આપણે લોકમાં જોઈએ છીએ એમ જે કહ્યું તેનું તો તમારા મતથી જ નિરાકરણ થઈ જાય છે. તમારા (મીમાંસકના) મતમાં અર્થાન્તરનો અધ્યાહાર અર્થાપત્તિ પ્રમાણથી થાય છે, અને અર્થાપત્તિનો પાયો એ છે કે પ્રમાણથી જાણેલી વાત બીજી કોઈ રીતે સંભવતી ન હોવી જોઈએ. જ્યારે द्वारम् પદથી માત્ર દ્વાર એવો અર્થ સ્મૃતિનો વિષય બને છે, તેથી તેને પ્રમાણથી જ્ઞાત કહી શકાય નહિ; અને તો પછી એ અર્થાપત્તિ પ્રમાણથી અર્થાન્તરની પરિકલ્પનાનું નિમિત્ત કેવી રીતે બની શકે ? અને જો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એ નિમિત્ત બની શકતો હોય તો સ્મરણને પણ પ્રમાણ માનવું પડે – જે મીમાંસકોને માન્ય નથી. અને શ્રાવણ પ્રત્યક્ષનો વિષય એવો જે દ્વાર શબ્દ તેમાં એવું કશું નથી, જેને ઘટાવી ન શકાય અને જેથી એ અર્થાપત્તિ તરફ દોરી જાય; દ્વાર શબ્દને પોતાનો અર્થ ન હોય તો જ તે અન્યથા અનુપપદ્યમાન (બીજી રીતે ઘટાવી ન શકાય તેવો) બને.

સંનિધિ વગેરેની વાત તો જૈનોને પણ અનુકૂલ છે. પણ સોપારી જોઈને પાન યાદ આવે છે ત્યાંથી માંડીને જે કંઈ કહ્યું તે બરાબર નથી એમ વાદિદેવસૂરિ માને છે. અન્વિતાભિધાનવાદી જે પદોની અન્વિત એવા સ્વાર્થને વિષે અભિધાશક્તિ સ્વીકારે છે એ શું અન્વયમાત્રને વિષે છે કે અન્વિતવિશેષને વિષે છે? પોતાનો અર્થ કોઈ બીજા અર્થ સાથે અન્વય ધરાવે છે એટલું સામાન્ય અન્વયસંબંધી જ્ઞાન જ પદ દ્વારા પ્રાપ્ત થાય છે કે કોઈ ચોક્કસ અન્વિત અર્થનું જ્ઞાન પ્રાપ્ત થાય છે? જો અન્વયમાત્રને વિષે પદની અભિધાશક્તિ હોય તો તે એકસરખી રીતે સર્વત્ર છે, તેથી બધા શબ્દો પર્યાય બની જાય. જો એમ કહો કે અભિધાશક્તિ અન્વિતવિશેષને વિષે છે અને અન્વિતવિશેષો તો સ્વરૂપથી ભિન્ન ભિન્ન હોવાથી શબ્દો પર્યાય નહીં બને – તો એ દલીલ બરાબર નથી, કારણ કે અન્વિતવિશેષ કહેવાને માટે તો અન્વયમાત્ર પણ પદોએ કહેવો પડશે, અન્યથા અન્વિતવિશેષને એ વિષય બનાવી શકશે નહિ. અને તો પદોની બે શક્તિ માનવી પડે – એક અન્વિતવિશેષની બાબતમાં અને બીજી અન્વયમાત્રની બાબતમાં – અને કલ્પનાગૌરવનો દોષ ઊભો થાય. એવી દલીલ કરી શકાય કે પદ સંબંધિતનું વાચક છે, સંબંધનું નહિ; કારણ કે સંબંધિત દ્વારા સંબંધ તો જ્ઞાત થઈ જ જાય છે. આનો ઉત્તર એ છે કે તમે એમ કહેવા ધારો છો કે સંબંધિત અર્થાત્ રૂપમાત્ર પદોથી કહેવામાં આવે છે અને સંબંધ કે અન્વય ઉપલક્ષિત બને છે, કે પછી એમ કહેવા ધારો છો કે સંબંધ દ્વારા જ પદોથી તે રૂપ અભિહિત બને છે? જો એ જ્ઞાન પદ રૂપમાત્રનું અભિધાન કરે છે તેનાથી થતું હોય, તો તે સંબંધને ય પોતાનો વિષય બનાવી શકે નહિ, એ સાથે સાથે અન્વયવિષયક હોઈ શકે નહિ. દંડના જ્ઞાન વિના દંડીનું જ્ઞાન સંભવતું નથી; પણ તેવું અહીં નથી. ધૂમ લિંગ છે અને વહ્નિ લિંગી; પણ તેથી કરીને ધૂમનું જ્ઞાન હોય તો જ વહ્નિનું જ્ઞાન સંભવે એવું નથી, તેમનું જ્ઞાન સ્વતંત્રપણે થઈ શકે છે. તેમ અહીં અર્થ પોતાના વાચક પદથી થતા જ્ઞાનમાં પોતાના સંબંધ કે અન્વયનું પણ સમર્પણ કરી દે એ જરૂરી



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નથી; ગાયને, તે આનયનથી અન્વિત ન હોય તો પણ, જાણી શકાય છે. જો લિંગી વહ્નિનું જ્ઞાન ધૂમના જ્ઞાનથી સ્વતંત્રપણે ન થતું હોય તો અનુમાન કીર્તિશેષ બની રહે, અર્થાત્ અનુમાન શક્ય ન બને. ધૂમ અને વહ્નિનું અલગ અલગ જ્ઞાન શક્ય છે, માટે તેમનો અવિનાભાવ સંબંધ જાણીને તેના આધારે અનુમાન શક્ય બને છે. તે જ રીતે અન્વયથી સ્વતંત્રપણે પણ પદ પોતાનો અર્થ કહી શકે છે.

આમ પ્રાભાકર મીમાંસકોનો અન્વિતાભિધાનવાદ સૂક્ષ્મ પરીક્ષા સહન કરી શકતો નથી એમ વાદિદેવસૂરિ માને છે.

## અભિહિતાન્વયવાદ

કુમારિલ ભટ્ટને અનુસરનારા ભાટ્ટ મીમાંસકો અભિહિતાન્વયવાદ સ્વીકારે છે. પદો પોતપોતાના અર્થોનું જ અભિધાન કરે છે અને આ પદાર્થો અભિહિત થઈને વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે. 'શાબરભાષ્ય'માં કહ્યું છે કે પદોનો વ્યાપાર પોતપોતાના અર્થનું અભિધાન કરીને અટકી જાય છે. આ જ્ઞાત થયેલા અર્થ અર્થાન્તરનું જ્ઞાન કરાવે છે. ( पदानि हि स्वं स्वमभिधायार्थं निवृत्तव्यापाराणि, अथेदानीमर्थोऽवगतोऽर्थान्तरमवगमयति । – 'શાબરભાષ્ય', પૃ. ૯૬). પદાર્થ હોય તો વાક્યાર્થ શક્ય બને છે; પદાર્થ ન હોય તો વાક્યાર્થ નથી હોતો. તેથી આ અન્વય–વ્યતિરેકથી આપણે જાણીએ છીએ કે વાક્યાર્થની પહેલાં પદાર્થ હોવો જોઈએ. જેને, મન ભટકતું હોવાને કારણે, પદો સાંભળીને પણ પદાર્થનું જ્ઞાન થતું નથી તેને વાક્યાર્થનું જ્ઞાન પણ થતું નથી. પણ પદો ન સાંભળ્યાં હોય છતાં બીજા કોઈ પ્રમાણ દ્વારા પદાર્થોનું (જે વસ્તુઓનું અભિધાન એ પદો કરી શકે તે વસ્તુઓનું) જ્ઞાન તેને હોય તો વાક્યાર્થનું જ્ઞાન તેને હોય જ છે. કહ્યું છે કે અવ્યક્ત શ્વેતરૂપ કોઈ માણસ જુએ, અને હણહણાટનો અવાજ સાંભળે અને દાબડાનો અવાજ સાંભળે તો તેને જ્ઞાન થાય છે કે શ્વેત અશ્વ દોડે છે.

पश्यतः श्वैतिमारूपं हेषाशब्दं च शृण्वतः ।
खुरविक्षेपशब्दं च श्वेतोऽश्वो धावतीति धीः ॥
दृष्टा वाक्यविनिर्मुक्ता न पदार्थाद्विना क्वचित् ।
('શ્લોકવાર્તિક', ૩૫૮, ૩૫૯; સ્યા. ર., પૃ. ૬૭૧).
( श्वैतिमाऽव्यक्तं रूपम् )



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આમ વાકયાર્થજ્ઞાનનો પદાર્થજ્ઞાન સાથે અવિનાભાવ સંબંધ છે, પદ-જ્ઞાન સાથે નહિ; તેથી પદોને કારણે વાકયાર્થજ્ઞાન થાય છે એમ કહેવું બરાબર નથી.

વળી એ જાણીતું છે કે શબ્દાર્થ અનન્યલભ્ય છે, બીજે કયાંયથી મળી શકે તેમ નથી. અને પદોનો સમભિવ્યાહાર (સાથે ઉચ્ચારણ) બીજી કોઈ રીતે ઘટાવી શકાતો ન હોવાથી એમ પ્રાપ્ત થાય છે કે પદો, જે અન્વિત અર્થપરક છે. તે પોતાથી અભિધેય અર્થરૂપથી સમન્વિત અન્વિત અવસ્થાનું લક્ષણાથી જ્ઞાન કરાવે છે. સાથે ઉચ્ચારેલાં પદો પોતાના અભિધેયના જ્ઞાનમાત્રમાં પર્યવસાન પામે એ તો બને નહિ, અર્થાત્ પોતાના અર્થનું જ્ઞાન કરાવ્યા સિવાય બીજું કશું કરે નહિ એ બરાબર નથી; કારણ કે લૌકિકો પદાર્થનું જ્ઞાન કરાવવા પ્રવૃત્ત થતા નથી, પણ પોતાને કશું કહેવાની ઇચ્છા છે તેથી પદો ઉચ્ચારે છે. જે જાણવાની કોઈને ઈચ્છા નથી તેનું જ્ઞાન બોલનારાં કરાવતાં હોય તો તેમનાં વચનો અસંબદ્ધ વિષયવાળાં બની જાય; અને તો પછી એ લૌકિક ન રહે અને પરીક્ષક પણ ન રહે અને તેમની ઉપેક્ષા જ કરવાની હોય. હવે, સાંભળનાર માણસ વારંવાર જ્ઞાત થયેલા પદાર્થમાત્રને જાણવા માગતો નથી. તેથી વડીલો જ્ઞાત અર્થનું જ્ઞાન કરાવવાની ઈચ્છાથી પદોનું એકસાથે ઉચ્ચારણ કરતા નથી. તો પછી પદોનો આ સમભિવ્યાહાર (એક સાથે ઉચ્ચારણ) જ્ઞાત નહિ એવા અર્થના જ્ઞાન સાથે સંકળાયેલો છે અને તેથી તે વિના શકય નહિ એવી, સ્વાભિધેયની સાથે સમવેત અને જ્ઞાત નહિ એવી સમન્વિત અવસ્થાનું જ્ઞાન લક્ષણાથી કરાવે છે. કહ્યું છે કે લોકમાં સમભિવ્યાહૃતિ વિશિષ્ટ અર્થવાળી હોય, અને વાકયાર્થ સર્વત્ર લક્ષણાથી જ્ઞાત થાય છે એવી સ્થિતિ છે ('विशिष्टार्था प्रयुक्ता हि समभिव्याहृतिर्जने', 'वाक्यार्थो लक्ष्यमाणो हि सर्वत्रैवेति हि स्थितिः' સ્યા. ૨., પૃ. ૬૭૧). વાકયમાંનાં છૂટાં પદોને બીજી કોઈ રીતે સમજી શકાતાં નથી – સિવાય કે સમન્વિત અવસ્થાનું જ્ઞાન એ કરાવે; કારણ કે વ્યક્તિરૂપ પદો તો આકૃતિ કે સામાન્યનાં વાચક છે. તેથી એ માનવું જ પડે છે કે પદોનો આ સામાન્ય અર્થ લક્ષણાથી સમન્વિત વિશિષ્ટ અર્થનું પ્રતિપાદન કરે છે, જેને વાકયાર્થ કહેવામાં આવે છે.

અહીં આ શંકા સંભવે છે: પ્રત્યેક પદાર્થ વાકયાર્થનું જ્ઞાન કરાવે છે કે બધા પદાર્થ સાથે મળીને? પહેલો પક્ષ સ્વીકારી શકાય નહિ; કારણ કે એવું હોય તો गौः गच्छतिમાંથી गौः એટલું કહેવામાં આવે ત્યાં જ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વાક્યાર્થનું જ્ઞાન થઈ જવું જોઈએ, અને જેટલા પદાર્થ તેટલા વાક્યાર્થ જ્ઞાત થવા જોઈએ; પણ તેવું થતું નથી. જો એમ કહો કે પ્રત્યેક પદાર્થ એક જ વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે તો ફરી ફરી તેની પ્રતીતિ થવી જોઈએ, કારણ કે સમુદિત થયેલા પદાર્થો એટલા અસાધારણ હોય કે એ સત્ત્વનું (વસ્તુનું) જ્ઞાન શક્ય ન બને. देवदत्त, गाम् आनय ('દેવદત્ત, ગાય લાવ') એમ કહેવાતાં વિવક્ષિત ગાયવિષયક આનયનથી અન્વિત નિયત જ દેવદત્તનું જ્ઞાન થાય છે. અને ગાય પણ પ્રતિનિયત – જે દેવદત્તે કરેલ આનયન ક્રિયાથી અન્વિત છે એ અસાધારણ – જ જ્ઞાત થાય છે. અને આનયન પણ નિયત ગાય અને દેવદત્ત સાથે સંકળાયેલું તેવું જ અસાધારણ જ્ઞાત થાય છે. આમ પદાર્થો સમુદિત હોય ત્યારે અસાધારણ તરીકે પ્રતીત થતા હોઈને સત્ત્વનું ગ્રહણ સંભવતું નથી; કારણ કે વ્યભિચાર છે અથવા આનંત્ય છે; જેમ કે, ગો શબ્દ એ કોઈ નિયત શાબલેય સંનિવેશ (શબલા ગાયના સંતાનની નિયત અવયવ-રચના)નો વાચક નથી; કારણ કે તેના અભાવમાં બાહુલેય (અનેક બચ્ચાંવાળી અથવા હૃષ્ટપુષ્ટ ગાયના સંતાન)ને વિષે એ પ્રયોજાતો જોવામાં આવે છે. આમ પદાર્થ એક નિયત અર્થથી અન્યને વિષે પણ હોય છે તેથી વ્યભિચાર છે. અને ગો શબ્દ ત્રણે ય લોકમાં રહેલ સર્વ ગો-વ્યક્તિઓના સંનિવેશનો વાચક છે એમ પણ જાણી શકાતું નથી; કારણ કે ગોવ્યક્તિઓ અનંત છે.

ભાટ્ટ મીમાંસકોનો ઉત્તર એ છે કે આવી શંકા યોગ્ય નથી: પહેલા પક્ષને વિષે જે કહ્યું તે તો અમે પણ સ્વીકારીએ છીએ. પણ દ્વિતીય પક્ષમાં અસાધારણ્ય થઈ જતું હોય તો પણ અમારું (ભાટ્ટોનું) કશું બગડતું નથી, કારણ કે આ પદાર્થો લિંગની જેમ સંબંધના જ્ઞાનની અપેક્ષા રાખીને વાક્યાર્થના જ્ઞાપક બનતા નથી, જેથી કરીને એ અસાધારણ હોઇને તેમને વિષે સંબંધનું ગ્રહણ નહીં થાય એમ કહેવું શોભે. કિંતુ આ પદાર્થો જેમના સંબંધ ગૃહીત નથી તેવા હોય તો પણ આકાંક્ષા, સંનિધિ, યોગ્યતાના પર્યાલોચનથી પરસ્પર જોડાઈ જાય છે. અને આ સંસૃષ્ટ પદાર્થસમુદાય તે જ વાક્યાર્થ; અથવા ઇતર પદાર્થથી વિશિષ્ટ ઇતર પદાર્થ તે જ વાક્યાર્થ, અર્થાત્ પરસ્પર વિશિષ્ટ એવા પદાર્થો તે જ વાક્યાર્થ. આ વાક્યાર્થનું જ્ઞાન શબ્દને કારણે થતું નથી, માટે તે શાબ્દ નથી એવી આશંકા પણ સેવી શકાય નહિ; કારણ કે તે શબ્દજ્ઞાનમૂલક છે અને તેથી શાબ્દ છે. આમ સિદ્ધ થાય છે કે પદથી પદાર્થનું જ્ઞાન થાય છે અને તે દ્વારા વાક્યાર્થનું જ્ઞાન થાય છે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વાદિદેવસૂરિ આ વાદની પરીક્ષા કરતાં કહે છે: જે એમ કહ્યું છે કે પદો પદાર્થોનું જ અભિધાન કરે છે, વગેરે – તે બાબતમાં કહેવાનું કે સંહત (ભેગાં થયેલાં) કે અસંહત એવાં પદો સંસૃષ્ટ કે અસંસૃષ્ટ એવા પદાર્થોનું પ્રતિપાદન કરી શકે. આમ હોય તો સંહત પદો સંસૃષ્ટ પદાર્થોનું અભિધાન કરે છે અને આ સંસૃષ્ટ પદાર્થો વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે એમ કહ્યું છે. આનાથી તો એમ કહેવાયેલું માનવું જોઈએ કે વાક્ય વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે અને એ વાક્યાર્થ ફરીથી પણ વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે; કારણ કે સંહત પદો એ જ વાક્ય અને સંસૃષ્ટ પદાર્થો એ જ વાક્યાર્થ. આમ બે વાર વાક્યાર્થનું જ્ઞાન થવું જોઈએ; પણ તેને માટે કોઈ પ્રમાણ નથી અને તેનો કોઈ ઉપયોગ પણ નથી. સંહત પદો અસંસૃષ્ટ પદાર્થોનું અભિધાન કરે છે એમ કહી શકાય નહિ; કારણ કે આપણે અનુભવથી જાણીએ છીએ કે સંહત પદોથી સંસૃષ્ટ પદાર્થોનું જ જ્ઞાન થાય છે. એ જ રીતે અસંહત પદો સંસૃષ્ટ પદાર્થોનું જ્ઞાન કરાવે છે એમ પણ ન કહેવાય; કારણ કે કેવળ પદોથી પદાર્થમાત્રનું જ જ્ઞાન થાય છે. અસંહત પદો અસંસૃષ્ટ પદાર્થોનું જ્ઞાન કરાવે છે એ તો સ્વીકાર્ય જ છે.

જે એમ કહ્યું કે કોઈ માણસ શબ્દ સાંભળે પણ મન ભટકતું હોવાને કારણે તેમના અર્થનું જ્ઞાન તેને ન થાય તો તેને વાક્યાર્થનું જ્ઞાન થતું નથી વગેરે – એ તુચ્છ છે. મન એકાગ્ર હોય અને પદો સાંભળ્યાં હોય તો પણ દરેકને દરેક વખતે વાક્યાર્થનું જ્ઞાન થાય જ છે એવું નથી. ભાટ્ટ કહેશે કે આ રીતે તો અમારા મતની સિદ્ધિ થાય છે – તો તેનો ઉત્તર એ છે કે જ્ઞાત એવા પદાર્થોથી વાક્યાર્થનું જ્ઞાન હંમેશા થતું હોય તો તમારી વાત સાચી. પણ પદાર્થો જ્ઞાત હોય તેમ છતાં ક્લિષ્ટ કાવ્યાદિમાં વાક્યાર્થનું જ્ઞાન થતું નથી જોવામાં આવતું. માટે જ તે તે પદાર્થમાત્ર સમજાવીને વ્યાખ્યાકારો કહે છે – 'આ વાક્યાર્થ છે'. જો પદાર્થના જ્ઞાનથી વાક્યાર્થનું જ્ઞાન સંભવતું હોય તો પદાર્થનું નિરૂપણ કરવામાં આવતાં વાક્યાર્થનું જ્ઞાન અવશ્ય થઈ જાય અને તો પછી એ કહેવાનું વ્યર્થ બની જાય. ભાટ્ટ એમ દલીલ કરી શકે કે અમે એમ નથી કહેવા માગતા કે પદાર્થથી વાક્યાર્થજ્ઞાન ઉત્પન્ન થાય જ છે; અમે તો એમ કહેવા માગીએ છીએ કે વાક્યાર્થજ્ઞાન ઉત્પન્ન થાય તો પદાર્થોથી જ ઉત્પન્ન થાય છે, બીજાથી નહિ. આનો ઉત્તર છે કે આવું જો હોય તો 'મન ભટકતું હોય' એવી વાત શા માટે વચ્ચે લાવો છો ? તો પછી એવું શું કારણ છે, જેને લીધે પદો જ્ઞાત હોવા છતાં ક્યારેક



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વાક્યાર્થનો નિર્ણય થાય છે અને ક્યારેક નથી થતો? જૈનોનો ઉત્તર છે કે કર્મનો ક્ષયોપશમ હોય તો વાક્યાર્થજ્ઞાન સંભવે, અન્યથા નહિ.

જે એમ કહ્યું છે કે પદો સાંભળ્યાં ન હોય છતાં અન્ય પ્રમાણથી પદાર્થજ્ઞાન હોય તો વાક્યાર્થજ્ઞાન થાય છે – એ પણ ચોખ્ખું નથી. 'શ્વેત અશ્વ દોડે છે' એ જ્ઞાનને તો અમે આનુમાનિક તરીકે સ્વીકારીએ. અને ભાટ્ટ મીમાંસકે પણ આ પ્રતીતિને અનુમાનરૂપ કે અર્થાપત્તિરૂપ જ સ્વીકારવી પડશે. વળી, જે માણસને એવું જ્ઞાન હોય કે હણહણાટનો અવાજ અને દાબડાનો અવાજ શ્વેત રંગ જેમાં છે તે જ આશ્રયમાં રહેલા છે, તેને જ 'શ્વેત અશ્વ દોડે છે' એવું જ્ઞાન થાય છે? કે જેને આ આશ્રય અંગે નિશ્ચિત જ્ઞાન ન હોય તેને પણ થાય છે? જો તમે કહેતા હો કે જેને હણહણાટના અવાજ અને દાબડાના અવાજનો આશ્રય જ્ઞાત ન હોય તેને આવું જ્ઞાન થાય છે, તો અમારો ઉત્તર છે કે એવું હોય તો 'શ્વેત અશ્વ દોડે છે' એ પ્રતીતિનો સંભવ જ નથી. તેને તો એવું જ્ઞાન થવું જોઈએ કે આ જગ્યાએ અશ્વ હોવો જોઈએ અને બીજું કશુંક હોવું જોઈએ, જે દોડે છે. જો એમ કહો કે અભ્યાસપાટવને લીધે તે જાણી જાય છે કે આ દાબડાનો અવાજ અશ્વનો જ છે, તો પણ તે એ વેગવાન ગતિ અશ્વમાં રહેલી હોવાનું અનુમાન કરે છે; ને માત્ર તેને જ જાણીને તેનો અશ્વ સાથેનો અન્વય (સંબંધ) પદાર્થના સામર્થ્યમાત્રથી જાણે છે એમ નહિ. વળી જે માણસ નિશ્ચિત રીતે જાણે છે કે આ સ્થળે અશ્વ સિવાય બીજું કશું નથી (જે દોડી શકે) અને પછી હણહણાટ કરનાર જ વેગવાન ગતિવાળો છે એવો આશ્રય વિષે નિશ્ચય ન હોવા છતાં એ પારિશેષ્યાત્ ('આ જ બાકી રહે છે જે આશ્રય થઈ શકે' એવા અનુમાનથી) નિશ્ચય કરે છે કે શ્વેત રંગનો જે આશ્રય છે તે હણહણાટના અવાજનો અને દાબડાના અવાજનો આશ્રય છે (ત્રણેય એક જ દ્રવ્યમાં છે) – તેની બાબતમાં પણ એમ જ કહેવું જોઈએ કે તે શ્વેત દ્રવ્યમાં રહેલ અશ્વત્વ અને વેગવાન ગમનનું અનુમાન કરે છે, સ્વતંત્ર એવા તેમનું નહિ.

બીજા પ્રમાણથી જે અસંબદ્ધ તરીકે જ્ઞાત થયા હોય તે અનુમાન કે અર્થાપત્તિના અભાવમાં અન્યોન્યસંબંધનું જ્ઞાન કરાવી શકે નહિ એ તો ભાટ્ટોને પણ ખબર છે. (બે માણસોને જોઈને જ એ ભાઈઓ છે કે મિત્રો છે એનો સંબંધ આપણે જાણી શકતા નથી – સિવાય કે અનુમાન કે અર્થાપત્તિ પ્રમાણની મદદ લઈએ.) જો બીજા પ્રમાણથી જ્ઞાત વસ્તુઓમાં અન્વયનું



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જ્ઞાન કરાવવાનું સામર્થ્ય હોય અથવા તેમના જ્ઞાનમાં હોય, તો અન્વયબોધક નામનું સાતમું પ્રમાણ સ્વીકારવું જોઈએ (જે ભાટ્ટ મીમાંસકોને માન્ય નથી – તેઓ ૭ પ્રમાણ સ્વીકારે છે: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ, અનુપલબ્ધિ.) (જો બે માણસને જોઈને જ આપણે જાણી શકતાં હોઈએ કે એ કાકો અને ભત્રીજો છે, વગેરે, તો આ કોઈ સ્વતંત્ર પ્રમાણને લીધે થવું જોઈએ જે પ્રમાણને અન્વયબોધક માનવું જોઈએ; કારણ કે અહીં આ જ્ઞાન પ્રત્યક્ષ દ્વારા જ ન સંભવે.) અને આ જ્ઞાનનો સમાવેશ શાબ્દ જ્ઞાનમાં તો ન થઈ શકે; કારણ કે શબ્દનો અભાવ છે. ભાટ્ટોનો તો એ મત છે કે પદાર્થાભિધાનના અવાન્તર વ્યાપારથી શબ્દદ્વારા જે અન્વયનું જ્ઞાન થાય છે તે શાબ્દ છે; તેથી આ જ્ઞાનનો શાબ્દ જ્ઞાનમાં સમાવેશ થઈ શકે નહિ. જો તત્ત્વવિવેચન કરવામાં આવે તો આ અન્વયબોધક પ્રમાણ પ્રત્યક્ષાદિનું સમકક્ષ પ્રમાણ બને અને ૭ પ્રમાણોમાં શબ્દપ્રમાણની જગ્યાએ તેને કહેવું જોઈએ – શાબ્દ તો તેનો એક પ્રકાર છે (– તે પણ અન્વયનું જ્ઞાન કરાવે છે તેથી). લૌકિકો 'બ્રાહ્મણ–યુધિષ્ઠિર' એમ નથી કહેતા; કારણ કે આ બે સમકક્ષ નથી; પણ 'બ્રાહ્મણ–ક્ષત્રિય', કે 'વશિષ્ઠ–યુધિષ્ઠિર' એમ કહે છે. એક પ્રકારની રજૂઆત કરતાં બીજા પ્રકારની રજૂઆત થઈ જતી નથી.

'શબ્દ અનન્યલભ્ય છે' ત્યાંથી માંડીને 'સર્વત્ર આ સ્થિતિ છે કે વાક્યાર્થ લક્ષણાથી પ્રાપ્ત થાય છે' એમ જે કહ્યું છે તે પૂર્વાનુસંધાન વિનાનું છે. પહેલાં તમે જ કહ્યું હતું કે પદોથી અભિહિત પદાર્થો વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે અને હવે કહો છો કે પદો લક્ષણાથી વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે. પૂર્વાપર-વિરોધથી પણ વાણીની રચના કરનારા તમે ચોક્કસ વાચસ્પતિ છો. વળી સ્ખલદ્‌ગતિ (ઠેસ ખાતી, લથડતી ગતિ) હોવી એ લક્ષણાનું સામાન્ય લક્ષણ છે, પણ સાથે ઉચ્ચારાયેલાં પદોના સમૂહ વિષે આપણે એવું જાણતાં નથી કે એ સર્વવાક્યાર્થની બાબતમાં સ્ખલદ્‌ગતિવાળાં છે. સુંદર સ્ત્રીના શરીરમાં રહેલા ચહેરામાંની બે આંખોનો અર્થ રજૂ કરવા માટે 'कनकलतिकायां कृताश्रदे कमले कुवलययुगलमिदमालोक्यते' એવો પ્રયોગ કરવામાં આવે તો એ વાક્ય સ્ખલદ્‌ગતિવાળું છે. પણ તેવી રીતે 'कामिनीकलेवराधारवक्त्रे नेत्रद्वन्द्वं दृश्यते' એ વાક્ય પણ સ્ખલદ્‌ગતિવાળું છે એમ કહી શકાય નહિ. જો એવો પક્ષ સ્વીકાર્યો કે સમુદિત પદાર્થો વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે એ પણ બરાબર નથી; કારણ કે સમુદિત પદાર્થ એ જ વાક્યાર્થ; અને વાક્યાર્થ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પોતાની જ બાબતમાં ગમક હોઈ શકે નહિ. અને જે એમ કહ્યું કે શબ્દ-જ્ઞાનમૂલક હોઈને એ શાબ્દ છે એ વાત પણ બરાબર નથી. એ રીતે તો પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞાત ધૂમથી જ્ઞાત થતા અગ્નિને પણ, તેનું જ્ઞાન પ્રત્યક્ષ-મૂલક હોવાને કારણે, પ્રત્યક્ષથી જ્ઞાત થતો માનવો પડે. પણ તેવું કોઈ માનતું નથી. ધૂમ દ્વારા જ્ઞાત થતો અગ્નિ તો અનુમાનથી જ જ્ઞાત થતો માનવામાં આવે છે.

માટે અહીં તો આ રહસ્ય છે: પદોની અપેક્ષાએ અનન્વિતાભિધાન અને વાક્યની અપેક્ષાએ અન્વિતાભિધાન.

જૈનોના મતે વર્ણ પૌદ્ગલિક છે; કારણ કે તેના સ્પર્શની ઉપલબ્ધિ થાય છે, કાન સાથે એ અથડાય છે. પરસ્પર અપેક્ષા ધરાવનારા અને અન્ય (અન્ય પદમાં રહેલા એવા બીજા) વર્ણોની અપેક્ષા નહીં રાખનાર વર્ણોનો સમૂહ તે પદ, અને આવાં પદોનો સમૂહ તે વાક્ય. પદો પદાર્થનું જ્ઞાન કરાવે છે તે અનન્વિતાભિધાનથી અને વાક્ય વાક્યાર્થનું જ્ઞાન કરાવે છે તે અન્વિતાભિધાનથી*

**સંદર્ભગ્રંથો :**


प्र. पं.–प्रकरणपंचिका (શાલિકનાથ મિશ્ર કૃત), સુબ્રહ્મણ્ય શાસ્ત્રી સંપાદિત, વારાણસેય હિંદુ વિશ્વવિદ્યાલય, ૧૯૬૧.

स्या. र.–स्यद्वादरत्नाकर (વાદિદેવસૂરિ કૃત), આર્હતમત પ્રભાકર કાર્યાલય, પુણ્યપત્તન, વીરસંવત્ ૨૪૫૪.

श्लोकवर्त्तिक (કુમારિલ ભટ્ટ કૃત), ચૌખંભા આવૃત્તિ.

बृहती (પ્રભાકર મિશ્ર કૃત), ચૌખંભા આવૃત્તિ, ૧૯૨૯.


---

* પુણે વિશ્વવિદ્યાલયમાં 'એન્શન્ટ ઇન્ડિઅન થિઅરીઝ ઑન સેન્ટન્સ-મીનિંગ' એ વિષયના પરિસંવાદમાં (૧૭–૨૦ માર્ચ, ૧૯૭૯) વાંચેલા સંશોધનનિબંધ પર આધારિત.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# એક ભય : થોડાં સૂચનો*

ભારતી મોદી

એક હકીકત સત્ય તરીકે સ્થપાઈ ચૂકી છે કે મનુષ્યજાતિની બુદ્ધિની સ્પષ્ટપણે દેખાઈ આવતી પહેલી નિશાની મનુષ્યબાળક ભાષા બોલતા શીખી શકે છે તેમાં છે. જીવવિજ્ઞાનને ક્ષેત્રે થયેલા કેટલાંક સંશોધનોએ પ્રયોગાત્મક નિરીક્ષણો વડે પુરવાર કર્યું છે કે બધાં જ જીવોમાં કેટલીક આગવી એવી જન્મજાત લાક્ષણિકતાઓ રહેલી હોય છે. મનુષ્યજીવોની એક એવી આગવી લાક્ષણિકતા એટલે એમની ભાષા છે. આ સંશોધનોએ એક મહત્ત્વના અને મુદ્દાના પ્રશ્નનો જવાબ આપવામાં મદદ કરી છે અને તે એ કે "શા માટે મનુષ્ય જ આવા સર્જનાત્મક ભાષા બોલી શકે છે?" ભાષાવિજ્ઞાની એક નિર્ણય ઉપર આવ્યા છે કે ભાષા એ મનુષ્યના માનસિક વ્યવહારનું પરિણામ હોય તો ય એને મનુષ્યજાતિને આગવા એવા લાક્ષણિકતાજન્ય સંદર્ભમાં તપાસવી જ રહી – અર્થાત્ મનોવ્યવહારનો કોઈ પણ અભ્યાસ જીવવૈજ્ઞાનિક વિચારવિમર્શ અને સંશોધનોને અવગણી શકે નહિ.

મનુષ્યભાષા મનુષ્યજાતિની જન્મજાત શક્તિ છે એટલું નક્કી કર્યા પછી પૂછીએ કે એમાં એવું સવિશેષ શું છે. આ પ્રશ્નનો ઉત્તર એમ સહેલાઈથી તો ન જ આપી શકાય. પણ જરા વિચાર કરતાં ભાષાપ્રવૃત્તિના મૂળમાં શું છે તે તરફ નજર જવાની. આપણે જોઈશું કે આ પ્રવૃત્તિના મૂળમાં વિશિષ્ટ શક્તિ છે, અને તે છે 'નામકરણ'ની ('નેયૂમિંક કૅપેસિટી') આ શક્તિ એટલે કોઈ પણ મૂર્ત યા અમૂર્ત વસ્તુ કે વિભાવના માટે અમુક શબ્દ યોજવાની અને વાપરવાની શક્તિ. ઇન્દ્રિયો વડે મેળવેલી માહિતીનું વર્ગીકરણ કરી, એની ભિન્નતા સમજી એને વ્યવસ્થિત રીતે જોવાની શક્તિ તો ઘણા પ્રાણીજીવોમાં છે. પણ બીજા પ્રાણીજીવોની આ જાતની વર્ગીકરણ કરવાની શક્તિમાં અને મનુષ્યની વર્ગીકરણ કરી વિભાવના ઘડી તે માટે શબ્દો યોજવાની શક્તિમાં ઘણો મોટો ફેર છે. ફક્ત મનુષ્ય જ શબ્દો વાપરી શકે છે. આ શબ્દો એની ભાષાનો શબ્દકોશ બનાવે છે. મોટા ભાગના શબ્દો

* આ સંદર્ભમાં વિગોત્સ્કીનું 'થૉટ ઍન્ડ લેંગ્વિજ', લેનેબર્ગનું 'બાયોલોજિકલ ફાઉન્ડેશન્ઝ ઑવ લેંગ્વિજ', De Renck અને M. O'connor સંપાદિત 'ડિસૉર્ડર્ઝ ઑવ લેંગ્વિજ', લેશ્લીનું 'સીરીઅલ ઑર્ડર ઑવ બિહેવ્યર', ચોમ્સ્કીનું 'લેંગ્વિજ ઍન્ડ માયન્ડ' વગેરે પુસ્તકો ઉપયોગી જણાશે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વિભાવનાઓ માટેના હોય છે. જ્યારે આપણે અમુક વખતે અમુક શબ્દ વાપરીએ છીએ ત્યારે એ શબ્દ નિશ્ચિત રીતે નિર્દેશ નથી કરતો હોતો. એટલે કે એ શબ્દના વપરાશ માટેનો કોઈ આખરી નિયમ આપણી પાસે નથી હોતો. ગુજરાતીમાં આપણે જ્યારે ટોપી શબ્દ વાપરીએ ત્યારે આપણી સમક્ષ અમુક જ જાતની ટોપી નથી હોતી; પરંતુ આ શબ્દ એક સમગ્ર 'વર્ગ' માટે વપરાય છે; અને આ 'વર્ગ' સીમિત નથી. એની સીમા ખુલ્લી ('ઓપન-એન્ડિડ') છે, એટલે કે જેટલા પ્રકારની ટોપીઓ દુનિયામાં થઈ ગઈ હોય, જેટલા પ્રકારની હયાતીમાં હોય અને જેટલા પ્રકારની હવે પછી બનવાની હોય એ બધી માટે ટોપી શબ્દ વપરાવાનો. આથી 'ટોપી'-ના સમગ્ર 'વર્ગ' માટેનું લેબલ એટલે 'ટોપી' શબ્દ. આ ભાષાનું અતિ આશ્ચર્યજનક ગૂઢ અને સર્જનાત્મક પાસું છે. મોટા ભાગના આવાં લેબલોની સીમા ખુલ્લી હોય છે. આથી દરેક આવા શબ્દમાં જબરદસ્ત અનુનેયતા ('ફ્લેક્સિબિલિટી') રહેલી છે. અને તેને કારણે મનુષ્યભાષામાં અમર્યાદિત સર્જનાત્મકતા આવી છે, જે એને સતત વિકાસશીલ બનાવે છે. મનુષ્યની જ્ઞાન સંકલન કરવાની શક્તિ અને એની ભાષા વચ્ચેના સંબંધ ઉપર એની નામકરણની શક્તિનો આધાર રહેલો છે.

મનુષ્યભાષાના શબ્દો કે લેબલો ઘડાય તેની પૂર્વે જ વર્ગીકરણની અને વિભાવના ઘડવાની પ્રવૃત્તિ મગજમાં ચાલુ થાય છે. આ પ્રવૃત્તિઓ મનુષ્યભાષાના અર્થજગતની પાછળ રહેલી છે. 'કોઈ એક શબ્દનો અર્થ શું થાય?' એવા પ્રશ્નનો કોઈ નિશ્ચિત ઉત્તર નથી; કારણ, આ શબ્દોની અર્થછાયાનો સંબંધ, સતત બદલાયા કરતી, સતત વિકસતી, સતત ઘડાતી એવી અમૂર્ત વિભાવનાઓ સાથે હોય છે. આ શબ્દો એક રીતે જોતાં અર્થછાયાને સીમાબદ્ધ કરવાનું સાધન હોય એવો ભ્રમ ઊભો કરે છે અને એને લીધે વિભાવનાઓનો વિસ્તાર પણ જાણે સ્થગિત અથવા તો નિશ્ચિત થઈ ગયો હોય એવું લાગે છે. પરંતુ સાચી રીતે જોતાં આ અમૂર્ત વિભાવનાઓનું અને શબ્દોનું વિસ્તાર-ક્ષેત્ર કેટલું એ ચોક્કસપણે કહી શકાય નહિ. આ વિભાવનાઓ અત્યંત ગતિશીલ અને વિકાસશીલ હોય છે. એટલું ચોક્કસ કે જીવવિજ્ઞાન પ્રમાણે નિશ્ચિત થયેલી મર્યાદામાં રહીને મનુષ્યનું જ્ઞાનતંત્ર પ્રવૃત્તિ કરતું હોય છે. છતાં એની વિભાવનાઓમાં રહેલા ગત્યાત્મક ગુણને કોઈ બંધન નડતું નથી. સાથે જ આ ગુણ વ્યક્તિએ વ્યક્તિએ ઓછાવત્તા પ્રમાણમાં પ્રદર્શિત થાય એ પણ હકીકત છે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શબ્દો અને વિભાવનાઓ વચ્ચેના સંબંધના અભ્યાસમાં અથવા તો ભાષા અને વિચાર વચ્ચેના સંબંધના અભ્યાસમાં જીવવિજ્ઞાનીઓ, જ્ઞાનતંતુવિજ્ઞાનીઓ, મનોવૈજ્ઞાનીય ભાષાવિજ્ઞાનીઓ સરખો રસ ધરાવે છે. આપણે જોયું કે શબ્દ અને વિભાવના આપણને અર્થના ક્ષેત્રમાં લઈ જાય છે. આથી શબ્દજન્ય વિચારના એક ઘટકની શકયતા સ્વીકારવી પડે. આપણે જોયું કે 'નામકરણ'ની કે શબ્દ યોજવાની પ્રવૃત્તિ એક રીતે જોતાં વિભાવનાઓમાંથી સામાન્ય તત્ત્વ તારવવાની પ્રવૃત્તિ જેવી છે; અને અમુક શબ્દ કે નામકરણ વડે આપણે ચોક્કસપણે અમુક એક જ વિચારનો નિર્દેશ કરતા હોતા નથી. તો શબ્દાર્થને પણ આને લીધે વાસ્તવિકતાના સામાન્ય તત્ત્વરૂપના પ્રતિબિંબ જેવો ગણવો પડે અને અને શબ્દને અર્થથી છૂટો પાડી શકાય નહિ. અર્થ જેટલો ભાષાના ક્ષેત્રનો ગણાય એટલો જ વિચારના ક્ષેત્રનો પણ ગણાય. અર્થ વગરનો શબ્દ ઠાલો ગણાય. 'શબ્દાર્થ' એટલે શબ્દ અને વિભાવના બન્ને. શબ્દજન્ય વિચારનું મૂળ અર્થમાં રહેલું છે એમ કહી શકાય. આ શબ્દજન્ય વિચાર શું છે તે સમજાવવું એટલે ભાષાના અર્થના સ્તરનું પૃથક્કરણ કરવું તે.

આજે જીવવિજ્ઞાન, જ્ઞાનતંતુવિજ્ઞાન મનોવિજ્ઞાન વગેરેના તલસ્પર્શી વિકાસ સાથે જ્ઞાનની વિવિધ શાખાઓ વચ્ચેની આપ–લેને અનિવાર્ય ગણવી જોઈએ. એ વાતના સ્વીકાર સાથે, મનુષ્યમન અંગેની અને એની જ્ઞાન ગ્રહણ કરવાની ગૂઢ શક્તિ અંગેની સજાગતા સાથે, ભાષાવિજ્ઞાનનો વિસ્તાર અનેકગણો વધી ગયો છે. મનુષ્યમન અને ભાષા એ બેના અભ્યાસને પણ જુદા પાડી શકાય નહિ. ભાષા એ મનુષ્યને માટે અનિવાર્ય એવી મનનપ્રવૃત્તિનું એનાથી અભિન્ન એવું પાસું છે. મનુષ્યની બોલવાની ઇચ્છા જન્મજાત છે – મનના વિચારોનું ભાષાદ્વારા આવિષ્કરણ કરવું, સંવાદશીલ બનવું, વિચારોની આપલે કરવી એ બધું મનુષ્યને ગમતું હોય છે. મનુષ્ય બોલવાનો જ. એના સમગ્ર મન અને તનમાં ભાષાવ્યવહાર કરવાની ઇચ્છા વ્યાપી ગયેલી છે. એ બન્યો છે જ એવી રીતે; જે એની ભીતરમાં છે તે એ બહાર લાવવાનો જ છે. યુગોથી મનુષ્ય બોલતો આવ્યો છે. મનુષ્યના ઇતિહાસ દરમ્યાન એ બોલે છે. ભાષા એનું અસ્તિત્વ છે. દરેક સમાજને એની એક સામાન્ય એવી ભાષા હોય છે. છતાં વ્યક્તિએ વ્યક્તિએ વિચારવાની, વિભાવનાના ઘડતરની અને શબ્દો પ્રયોજવાની રીતિઓ જુદી હોય છે. આને પરિણામે ભાષાનો આવિર્ભાવ પણ ઘણો વૈયક્તિક રીતે આગવો બને છે. એક જ સરખા



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અનુભવો માટે દરેક વ્યક્તિ જુદી એવી વિભાવના રચે. આથી ભાષાના શબ્દો આ વિવિધ વિભાવનાઓને પોતાનામાં સમાવતા જાય. આથી ભાષા ગૂઢ રીતે સર્જનાત્મક બન્યા કરે. કેટલાક મનુષ્યોની માર્મિક બુદ્ધિ અને ચેતનાગત સંવેદનશીલતા આ સર્જનાત્મકતાને એની ચરમ સીમાએ પહોંચાડે. આટલી ભૂમિકા પછી મનુષ્યભાષા અને એની વિભાવના ઘડવાની શક્તિ વચ્ચેનો સંબંધ ઘણી રીતે એકબીજા ઉપર આધારિત છે તે સ્વીકારીએ જ.

હવે આની સાથે જોડાયેલા એક પ્રશ્નને અહીં રજૂ કરવાનો પ્રયત્ન કરીએ. આધુનિક જીવન અને આધુનિક શિક્ષણને પરિણામે ઊભા થતા કેટલાક, ઉપરછલ્લી રીતે જોતાં ધ્યાનમાં ન આવે એવા, મુદ્દા ઉપર ધ્યાન ખેંચીએ. આજનું શિક્ષણ વિજ્ઞાન અને ટેક્નૉલૉજી તરફ અભિમુખ થયેલું છે. આ શિક્ષણ સ્વાભાવિક રીતે જ પારિભાષિક સંજ્ઞાતંત્ર ('મેટા-લૅંગ્વિજ')ના માધ્યમનો આધાર લે. છેલ્લાં ૨૫-૩૦ વર્ષથી ધીમે ધીમે મોટા ભાગનો બુદ્ધિશાળી વિદ્યાર્થીવર્ગ વિજ્ઞાન કે ટેક્નૉલૉજીના અભ્યાસ તરફ આકર્ષાતો રહ્યો છે. આથી ઉચ્ચ વિદ્યોપાર્જનના કાળ દરમ્યાન એ ઘણુંખરું મેટાલૅંગ્વિજ વડે જ જ્ઞાનવ્યવહાર કરતો હોય છે. આ જાતનો ભાષાવ્યવહાર બુદ્ધિજન્ય 'રૅશનલ' વૈજ્ઞાનિક વિચાર-વ્યવહાર માટે અનિવાર્ય હોય છે. બુદ્ધિને સંતોષે એવી તર્કશુદ્ધિ અને વિશદતાનો આગ્રહ એ કોઈ પણ વિજ્ઞાનનું પીઠબળ છે. આવા તાર્કિક બુદ્ધિજન્ય વિચારો મેટાલૅંગ્વિજ દ્વારા જ પ્રદર્શિત કરી શકાય એ પણ એટલું જ સાચું છે. વિજ્ઞાનીને પોતાની વિચારસરણી ભાષા દ્વારા રૂપબદ્ધ રીતે રજૂ કરવાની (અથવા તો કહો કે પોતાના વિજ્ઞાનને યોગ્ય એવું પરિભાષાતંત્ર ઘડવાની) પદ્ધતિ આધુનિક તર્કવિજ્ઞાને અને ગણિતશાસ્ત્રે, કલ્પી પણ ન શકાય એવી પ્રગતિ સાધીને, પૂરી પાડી છે. આવી મેટાલૅંગ્વિજ દરેક વૈજ્ઞાનિક વિભાવના માટે નિશ્ચિત, વ્યવસ્થિત અને ચોક્કસ એવાં રૂપો કે શબ્દો નક્કી કરે છે. આ રૂપોનો વ્યવહાર નિર્ણીત થઈ ગયેલો, યથાર્થદર્શી અને પરિમિત જ રહેવાનો; એને કારણે એ ભાષા સર્જનાત્મક બની જ ન શકે – એને સર્જનાત્મક બનવાનું પણ ન હોય. આ ભાષાનાં રૂપો, પદો વગેરેને સુબદ્ધ એવો અર્થવિસ્તાર હોય. એનું અર્થ-જગત્ મર્યાદિત હોય. એ ભાષાદ્વારા કહેવાતું વસ્તુ સૂત્રાત્મક બની જાય. આ તબક્કે એ ભાષા આપણી કુદરતી ભાષા કરતાં ઘણી દૂર ચાલી જાય. પ્રશ્ન એ છે કે લાંબા ગાળા સુધી આવી મેટાલૅંગ્વિજના માધ્યમદ્વારા જ અપાતું શિક્ષણ અને એ જ ભાષા વડે વ્યવહરતું, જ્ઞાનોપાર્જન કરતું, વિચાર-જગત્ મનુષ્યની કુદરતી



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાની, જ્ઞાન અને પક્વ બુદ્ધિ સાથે વધતી જતી એવી સર્જકતાને રોકે એમ બને ખરું ? તે મનુષ્યના માર્મિક ચિત્તભાવો ભાષાદ્વારા અનુભવવા માટેની સંવેદનશીલતા ઘટાડે એવું બને ખરું ? સોળ વર્ષની ઉંમરથી જ ભાષાના સર્જનાત્મક પાસા સાથેનો સંબંધ ઓછો થઈ જાય તો સાહિત્ય સમજવા માટે એ અક્ષમ બને એવું થાય ખરું ? અને પરિણામે એની વિભાવના-ઘડતરની પ્રવૃત્તિ પણ કાંઈક અંશે ઊણી રહે એવું બને ખરું ? આ બધા જ પ્રશ્નો ઉપર ધ્યાન આપવું જોઈએ. આપણે અહીં સહેજ થોભીને આપણા આજના શિક્ષણની એક મોટી ક્ષતિ ઉપર વિચાર સમયસર કરવો જોઈએ.

આજના વિજ્ઞાનનાં, પહેલી જ નજરે દેખાઈ આવે એવાં ઘાતક બળો ને જોખમોને કદાચ વિજ્ઞાન પોતે જ કાબૂમાં રાખવા સમર્થ બને. પરંતુ અહીં સૂચવેલાં, આંગળી ચીંધીને બતાવી શકાય નહિ એવાં, મનુષ્યની ભાષાશક્તિને રૂંધતાં પરિણામો શી રીતે અટકાવીશું ? સતત વૈજ્ઞાનિક ભાષાનો જ ઉપયોગ કરતા અને માત્ર રોજ-બ-રોજના વ્યવહાર પૂરતો જ કુદરતી ભાષાનો ઉપયોગ કરતા અને વાચન પણ ઘણુંખરું વિજ્ઞાનનું જ કરતા આપણા બુદ્ધિશાળી વિજ્ઞાનના વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાપરક મનનપ્રક્રિયામાં ક્યાંક ઊંડે ઊંડે કોઈ બાધા ઊભી થાય તો દુઃખની વાત કહેવાય. એમની ભાષા બોલતા પહેલાંની શબ્દગત પ્રવૃત્તિમાં ક્યાંક ક્ષીણતા પ્રવેશે પણ ખરી. ભાષામાં રહેલી ઉત્કૃષ્ટ એવી માર્મિકતા અનુભવવાની અક્ષમતા અને ચિત્તભાવોનો યોગ્ય ભાષાદ્વારા આવિર્ભાવ કરવાની અક્ષમતા કોઈ બાહ્ય કારણોને લીધે ઊભી થાય એ શક્યતા તરફ સજાગ રહેવું એ આજના મનોવિજ્ઞાન અને ભાષાવિજ્ઞાનમાં રસ લેતા શિક્ષણ-શાસ્ત્રીઓનું કર્તવ્ય છે. સમગ્ર જગતના વિજ્ઞાનાભિમુખ બનેલા શિક્ષણનો આ પ્રશ્ન છે. ઉપર બતાવેલો ભય પાયા-રહિત છે અથવા તો કવેળાનો છે એમ ન લાગે માટે ભાષા અને વિચાર-પ્રવૃત્તિના સંબંધને વધુ બારીકાઈથી જોઈએ. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભાષા-વિજ્ઞાની અને મનોવિજ્ઞાની મનુષ્યમન અને ભાષા વચ્ચેના સંબંધો સમજવામાં પડ્યા છે. આજે તો ભાષાવિજ્ઞાનની એક શાખા મનોવિજ્ઞાનીય ભાષાવિજ્ઞાન આ જાતના અભ્યાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. મનોવિજ્ઞાનીઓ ભાષાને મનુષ્યવર્તનનું મહત્ત્વનું પાસું ગણી ભાષા ઉપર ધ્યાન આપતા થયા છે, તો ભાષાવિજ્ઞાની ભાષાવિજ્ઞાનને 'બોધનપરક મનોવિજ્ઞાન' ('કોગ્નિટિવ સાયકૉલજી') કહેતા થયા છે. જ્યારે આપણે ભાષાની શક્તિનો સ્વીકાર કરી એની મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વ પર છવાઈ જતી અસર અંગે સજાગ બન્યા



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

છીએ, ત્યારે તો આપણે ભાષા અને વિચારપ્રવૃત્તિ એકબીજા ઉપર કેટલા નિર્ભર છે તેનો વિગતે વિચાર કરવો જ જોઈએ.

ભાષા અને વિચાર એ બન્ને પ્રવૃત્તિઓની ઉત્પત્તિનાં મૂળ જુદાં છે. એ બન્ને એકબીજાથી સ્વતંત્ર જન્મે છે. પરંતુ પછીથી મનુષ્યજાતિની જ વિશિષ્ટ એવી શક્તિને લીધે આ બે વચ્ચેનો સંબંધ ઘનિષ્ઠ થાય છે. આ સંબંધ ઘણો ગહન અને અમુક અંશે દુર્બોધ છે. જો આપણે બાળકના ભાષાવિકાસને ધ્યાનથી જોઈએ તો જણાશે કે એની બાળભાષાનું સ્ફુરણ એની બુદ્ધિ જન્મે તે પહેલાં થાય છે, તો એની વિચારપ્રવૃત્તિનું સ્ફુરણ એની ભાષા વિકસે તે પહેલાં થાય છે. ત્યાર પછીના તબક્કામાં બન્નેનું જોડાણ થાય છે અને ત્યારે વિચારો શાબ્દિક બને છે અને ભાષા બુદ્ધિજન્ય, વિચારો ઉપર આધારિત બને છે.

| | | | | |
|---|---|---|---|---|
| 'થૉટ' (વિચાર) | ——→ | 'થૉટ વર્બલ' (શાબ્દિક વિચાર) | ——→ | 'સ્પીચ' (વાણી) |

જ્યારે વિચારો અને ભાષા એકબીજા સાથે સંકળાય, જ્યારે એકબીજા સાથે બંધબેસતા આવે ત્યારે શબ્દગત વિચારોનો વિસ્તાર વિકસે. પરંતુ હકીકત એવી છે કે આ જાતના ભાષાજન્ય વિચારો ઉપરાંત પણ બીજા વિચારો કરવાને મનુષ્ય શક્તિમાન્ હોય છે જ; અને સાથે જે જે શાબ્દિક વિચારોના સ્વરૂપમાં હોય છે તે બધું જ ભાષાના રૂપમાં ફેરવાતું હોતું નથી. મનોવિજ્ઞાનનાં કેટલાંક સંશોધનોએ પુરવાર કર્યું છે કે બાળકમાં ભાષાવિકાસ દરમ્યાન આંતરિક ભાષા જેવું કાંઈ વિકસે છે. શરૂઆતમાં જ્યારે બાળક સંકુલ વાક્ય બોલે છે ત્યારે એ વાક્યની પાછળની મનનપ્રક્રિયા સમજતો નથી. એનું વાક્યરચનાનું જ્ઞાન એના વિચારરચનાના જ્ઞાન પહેલાં પાંગરે છે. મનોવિજ્ઞાનીઓ વિચારરચનાને આંતરિક ભાષામાં સમાવે છે અને કહે છે કે આંતરિક ભાષા અને બાહ્ય ભાષા વચ્ચે હંમેશા સમાંતરપણું રહેલું હોતું નથી. આથી ભાષા અને વિચારોની એકબીજામાં ભળી જવાની પ્રક્રિયા એ અમુક સીમામાં રહીને બનતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને સમજવાની જરૂર છે. આગળ જોયું તેમ વિભાવના ઘડવી એ કોઈ ટેવનું પરિણામ નથી, પરંતુ વિચારોમાંથી નીપજતી સંકુલ પ્રવૃત્તિ છે. વિભાવના કેમ ઘડવી એ કોઈ શીખવી શકાય એવી વસ્તુ નથી. જ્યારે વિભાવનાને અમુક શબ્દ વડે રજૂ કરીએ ત્યારે આગળ કહ્યું તેમ વિભાવનામાંથી સામાન્ય તત્ત્વ તારવવાની પ્રવૃત્તિ આકાર લે છે. મનુષ્ય જ્યારે નવો શબ્દ શીખે છે ત્યારે એની આ



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પ્રવૃત્તિ પ્રારંભિક કક્ષાની હોય છે. ધીમે ધીમે શબ્દાર્થનું પ્રકટીકરણ થઈ આ પ્રવૃત્તિ પરિપક્વ દશાએ પહોંચે છે. વિભાવનાઓ અને શબ્દાર્થના વિકાસે બીજા અનેક પ્રકારના બૌદ્ધિક વિકાસની સાબિતી આપે છે. વિભાવના કે શબ્દાર્થને શીખવવા બેસવું તે તદ્દન અશક્ય વાત છે. જેટલી સ્વાભાવિક રીતે મનુષ્યબાળક ચાલવું, ઊંઘવું, રડવું, હસવું વગેરે શીખવ્યા વગર કરતો હોય છે તેટલી જ સ્વાભાવિકતાથી ભાષાવિકાસ સાથે એની વિભાવના ઘડવાની શક્તિ અને શબ્દાર્થની સમજણ વિકસતી આવે છે. આથી ભાષાપ્રાપ્તિ અંગેની એક અનિવાર્ય જરૂરિયાત નિશ્ચિતપણે આવી છે : ભાષાને વિકસવા દેવા માટે એનું સતત પ્રકટીકરણ થવા દેવું જોઈએ, એ વપરાવી જોઈએ, એને જીવવી જોઈએ.

શબ્દાર્થ અને વિભાવના, ભાષા અને વિચાર વચ્ચેનો સંબંધ આમ રજૂ કરીએ :




વિચાર અને ભાષા એ બન્નેનું એકરૂપ થવું તે 'અર્થ'. 'અર્થ' એટલે શબ્દનું નિર્ણાયક લક્ષણ, અને શબ્દથી છૂટો ન પાડી શકાય એવો અંશ. વિભાવના વિચારપ્રવૃત્તિનો ભાગ છે તો શબ્દાર્થ પણ વિચારપ્રવૃત્તિનો ભાગ છે. જેટલે અંશે વિચારનો ભાષારૂપે આવિર્ભાવ થયો હોય, તેટલે જ અંશે શબ્દાર્થ વિચારનો અંશ બને અને જેટલે અંશે ભાષા વિચાર સાથે સંકળાયેલી હોય તેટલે અંશે જ શબ્દાર્થ ભાષાનો અંશ બને. આથી શબ્દાર્થ એ ભાષાજન્ય વિચારની પ્રવૃત્તિ છે. વ્યક્તિએ વ્યક્તિએ શબ્દોની અર્થછાયા જુદી રીતે વિકસે છે. ભાષાની આવી વિકાસશીલ સર્જનાત્મકતાને વિદ્યાર્થીના વ્યવસ્થિત અભ્યાસની સામગ્રી બનતી અટકાવીએ તો એટલું તો ચોક્કસ કે એનું શબ્દાર્થનું ક્ષેત્ર સીમિત બને. જ્યારે વિદ્યાર્થીને આવી શબ્દાર્થના વિચાર સાથેના સંબંધની ગત્યાત્મકતામાં સક્રિય ભાગ લેતો



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અટકાવીએ ત્યારે 'વિચાર' અને 'શબ્દ'ના સંબંધના વિકાસમાં નડતર ઊભું થાય. ભાષા અને વિચાર વચ્ચેનો સંબંધ લાંબા ગાળાની ભાષાપ્રવૃત્તિને પરિણામે વિકસતો હોય છે. શબ્દકોશો આવા સંબંધ સમજવામાં મદદ ન કરી શકે. શબ્દકોશો બહુ બહુ તો નોંધાઈ ગયેલી, સ્થિર, બદ્ધ એવી અર્થછાયાઓ સમજાવે. જ્યારે આ સંબંધ તો એક 'ગતિ' છે, જે ભાષાથી વિચાર સુધી અને વિચારથી ભાષા સુધી એમ આગળ અને પાછળ ખસ્યા કરતી હોય છે. વિદ્યાર્થી જ્યારે આ ગતિમય પ્રવૃત્તિનો ભાગ બને ત્યારે ભાષાને લીધે જન્મતા અર્થફલકના વિસ્તારમાં વિચરી શકે. અમર્યાદિત સંખ્યામાં થતાં અર્થઘટકોના સંયોજનોથી વાકેફ બનવાથી શબ્દગત વિચાર-પ્રવૃત્તિ પોષાય. અને એ વાત તો આપણે નોંધી જ કે વિચાર-વિભાવનાઓ શબ્દદ્વારા અસ્તિત્વમાં આવે છે. જો શિક્ષણકાળ દરમ્યાન વિદ્યાર્થીને આ જાતની પ્રક્રિયાથી દૂર રાખવામાં આવે તો એની ભાષાપ્રવૃત્તિને જરૂર સહન કરવું પડે. વધારે ચિંતાજનક તો એ વાત છે કે આની અસર ઘણે ઊંડે સુધી પહોંચી વ્યક્તિની વિભાવનાઘડતરની પ્રવૃત્તિને કેટલેક અંશે રૂંધી એની શબ્દાર્થના સૌંદર્યને કારણે જાગ્રત થતી સંવેદનાને અટકાવે અથવા બૂઠી જ રાખે. શબ્દ-વિચારના સંબંધને પરિપક્વ કરતો ગાળો દરેક બુદ્ધિશાળી વિદ્યાર્થીના વિકાસના તબકકામાં આવવાનો જ. આ ગાળા દરમ્યાન એને ભાષાથી દૂર રાખવાથી એને મનુષ્ય તરીકે કુદરતી રીતે મળેલા હક્કોને આપણે કૃત્રિમ રીતે છીનવી લઈએ છીએ. માર્મિક અને સૂક્ષ્મ એવા ભાષાના આવિષ્કારને અને ભાષામાંથી પ્રકટતા સૌંદર્યને વ્યક્તિ બુદ્ધિશાળી હોવા છતાં માણી ન શકે તે સ્થિતિ મને તો કરુણ લાગે છે. વિદ્યાર્થીના બૌદ્ધિક વ્યક્તિત્વનો ('રૅશનલ-સૅલ્ફ'નો) વિકાસ થાય; પણ સાથે જ એના ઊર્મિપરક વ્યક્તિત્વની ('ઇમોશનલ-સેલ્ફ'ની) સાથે સંબંધિત ભાષાપ્રવૃત્તિ રોકવી નહિ જોઈએ. આની અસર એના સમગ્ર વ્યક્તિત્વ ઉપર પડે. જેટલો વધારે એ ભાષાને સમજે એટલો વધારે એ મનુષ્યમનને પણ સમજે. શબ્દ-ગત વિચારો એ મનુષ્યની સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક પ્રવૃત્તિ છે; અર્થાત્ આ પ્રશ્ન ભાષાવિજ્ઞાનની સીમા અતિક્રમી ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો ભાગ બને છે.

આ રીતે જોતાં પરિભાષાતંત્રનો મનુષ્યમન સાથે સંબંધ નથી: કારણ, એ ભાષાને લીધે પ્રાપ્ત એવા સર્જન-સ્વાતંત્ર્યને પોષતી નથી. એ ભાષા સો ટકા સત્ય રજૂ કરે, જ્યારે મનુષ્યભાષા મનઃસ્ફુરિત હોઈ એવા સત્યથી



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

દૂર રહે. એ વ્યાકરણીયતા અને કલ્પનાત્મકતાના આદર્શો વચ્ચેની સંવાદિતા જાળવવાનો પ્રયત્ન કર્યા કરે, જ્યારે પરિભાષાતંત્ર ક્યારેય આપણા શબ્દગત વિચારજગતને પોષે નહિ.

અહીં એક વાત સ્પષ્ટ કરું કે મનોવિજ્ઞાનીય ભાષાવૈજ્ઞાનિક સંશોધનોનાં હજી કોઈ અંતિમ પરિણામો આવ્યાં નથી. ભાષા અને મનના પ્રશ્નો ગૂઢ છે. મેં અહીં રજૂ કરેલાં પ્રશ્નો અને સૂચનો સંશોધનના એક વેગળા વળાંક તરફ આપણને દોરે. એ વાત મારી જાણબહાર નથી કે આ સૂચનોમાં થોડીક સંદિગ્ધતા છે (પ્રશ્નોમાં નથી એ પણ ચોક્કસ), પરંતુ સંદિગ્ધ થવાને જોખમે પણ આ રજૂઆત કરી. સંદિગ્ધપણાનું લેબલ પણ ચલાવી લેવું પડે; કારણ, ભાષા અને મનુષ્યમન જેવું ગૂઢ કશું અભ્યાસનો વિષય બને તો થોડોક અટકળ–આધારિત ('સ્પેક્યુલેટિવ') માર્ગ લેવો પડે.

મનોવિજ્ઞાનીય ભાષાવિજ્ઞાની એટલું તો નક્કી કરી શકે જ કે વિચારોનો અમુક પ્રકારનો વિકાસ 'શબ્દ'ને કારણે થાય છે. જો વિચાર વગરનો શબ્દ મૃત – ઠાલો ગણાય તો અપ્રકટ રહેતો વિચાર પણ પડછાયો જ બની રહે. અહીં મૅન્ડલ સ્ટામની કાવ્યપંક્તિઓ ટાંકું :

I have forgotten the word,
I intended to say, and
my thought unembodied
returns to the realm of shadow!

આ બધાં વિચારો અને સૂચનો સાથે શરૂઆત કરીએ અને આ વિષયનો વધુ ઊંડાણથી અભ્યાસ કરીએ તો અયોગ્ય નહિ ગણાય. મેટાલૅંગ્વિજ જ આપણી શિક્ષણપ્રવૃત્તિનું માધ્યમ ન બને. મનુષ્યના મનુષ્યપણા જેવી ભાષાને વિકસતી ન અટકાવીએ. એક લ્યુકાસ નામના વિવેચકે કહ્યું છે કે સંશોધનમાં જ રચ્યોપચ્યો રહેતો વિજ્ઞાની પોતાની આખી જિન્દગીને એક 'કૉન્સેન્ટ્રેશન કૅમ્પ' જેવી બનાવી મૂકી શકે, પોતાના વિષયનું ડૉ. ફેસોબોનને પણ હચમચાવી શકે એવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે, પણ ભાષા-વ્યવહાર છૂટથી કરી શકે નહિ; કારણ, એના શબ્દો ધૂંધળા થઈ ગયા છે અને શબ્દો ધૂંધળા હોય એના વિચારો પણ ધૂંધળા થવાના.

આ ભયને વેળાસર સમજીએ.

■

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## અત્રતત્ર

# પ્રાચીન ભારતીય-આર્યનો એક નૂતન ઐતિહાસિક વૃત્તાંત

(J. Gonda, 'Old Indian', ૧૯૭૧નો સંક્ષિપ્ત પરિચય)

### પ્રાસ્તાવિક

જર્મનીમાંથી પ્રકાશિત થઈ રહેલી પ્રાચ્યવિદ્યા-માર્ગદર્શિકા ગ્રંથમાળાના બીજા ખંડ 'ભારતીય'ના પ્રથમ ભાગ 'ભારતીય ભાષાઓ'ના પહેલા વિભાગ તરીકે ૧૯૭૧માં બહુશ્રુત વિદ્વાન યાન હોન્ટા (Jan Gonda)નો સંસ્કૃત ભાષાનો વૃત્તાંત 'ઓલ્ડ ઇન્ડિઅન' નામે પ્રકાશિત થયો છે. આ પહેલાંના મહત્ત્વનાં સંસ્કૃત વ્યાકરણોના વાકર્નાગેલ અને ડેબ્રુનર, થુમ્બ અને હાઉશીલ્ડ, રનુ તથા બરોનાં વ્યાકરણોના અનુસંધાનમાં હોન્ટાએ સંસ્કૃત વ્યાકરણને લગતા અનેક પ્રશ્નોની, અદ્યાવધિ સંશોધનોને લક્ષમાં લઈને સમીક્ષા કરી છે. પ્રાચીન ભારતીય-આર્યના ભાષાવૈજ્ઞાનિક અધ્યયનમાં પ્રવર્તતી કેટલીક સમસ્યાઓ પ્રત્યે વિશેષે લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે. ૧. ભૂમિકા, ૨. ધ્વનિતંત્ર, ૩. નામ, ૪. ક્રિયાપદ, ૫. વાક્યરચના અને શૈલી, ૬. શબ્દકોશ અને ૭. વ્યુત્પત્તિ – એમ સાત પ્રકરણોમાં ગ્રંથ વહેંચાયેલો છે. અહીં એ પુસ્તકના થોડાક નોંધપાત્ર અને રસપ્રદ મુદ્દાઓનો સ્પર્શ કર્યો છે. [આ સાથે રનુ Renou)ના Histoire de la langue Sanskrite (૧૯૫૬)ના પાંચ વિભાગ સરખાવી શકાય : (૧) વૈદિક યુગ, (૨) પાણિનિ અને બોલચાલની ભાષાની સમસ્યા, (૩) મહાભારતાદિ 'એપિક', પુરાણો વગેરેની ભાષા, (૪) પ્રશિષ્ટ સંસ્કૃત, (૫) બૌદ્ધ સંસ્કૃત, જૈન સંસ્કૃત અને ભારતબાહ્ય પ્રદેશોનું સંસ્કૃત.]

વૈદિક કવિઓએ જે કેટલીક પરંપરાગત કાવ્યપ્રણાલીમાં પ્રચલિત રૂઢ શબ્દજૂથોનો અને આગળથી ચાલી આવતી તૈયાર ઉક્તિઓનો ઉપયોગ કર્યો છે તે ભારત-યુરોપીય એકતાના યુગનો વારસો હોવાનો ઘણો સંભવ છે.[1] એ ઉપરાંત કેટલાંક તત્ત્વો ભારત-ઇરાની કાળની કાવ્યકલાનો પણ વારસો હોય. ઋગ્વેદની કવિતા ઘણે અંશે પરંપરાગત (પૃ. ૧૪).

---

૧. આ માટે આર. શ્મીટ (Schmidt)નું અધ્યયન 'ભારતયુરોપીય યુગમાં કવિતા અને કાવ્યભાષા' (Dichtung und Dichter-Sprache in indogermanischer zeit, (વીસ્બાડેન, ૧૯૬૭) ઉપયોગી છે.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## વૈદિક ભાષા અને પ્રશિષ્ટ સંસ્કૃત

મંત્રોની ભાષાનું લક્ષણ આ રીતે બાંધી શકાય : સંહિતાસ્વરૂપે ગોઠવાયા તે પહેલાંના સમયગાળાની (કારણ કે ઘણા કાળગ્રસ્ત પ્રયોગો ઉપસ્થિત), જે સામાજિક જૂથોના એક ભાગ રૂપે વૈદિક કવિઓ અને તેમના શ્રોતાઓ હતા (અને એ કવિઓની પૂર્વપરંપરા પણ હતી) તેમની બોલચાલની ભાષા પર મંત્રભાષા આધારિત હતી. તેમાં મૌખિક ધાર્મિક કવિતાનાં અને ખાસ કરીને પ્રાચીન ઋષિઓની કાવ્યપરંપરાનાં સંખ્યાબંધ વાક્યપ્રયોગો અને શૈલીતત્ત્વોનો અતિરેકી વિકાસ જોવા મળે છે. એ મંત્રોની રચના વખતે તેમની ભાષા કેટલી 'પુરોહિતીય', જનવાણી પાસ અર્પતી, 'કૃત્રિમ' હશે, તે કહી શકાય નહીં. પછીના ગાળામાં આ ભાષાનો સ્વાભાવિકપણે વિકાસ નથી થયો. બ્રાહ્મણ-કુળોમાં પિતા પાસેથી પુત્રને, ગુરુ પાસેથી શિષ્યને તે વારસામાં મળતો મંત્રપાઠ અપરિવર્ત્ય રૂપમાં જળવાયો.

અનેક બાબતોમાં વૈદિક ભાષા અને સંસ્કૃત વચ્ચે વિચ્છિન્નતા જોવા મળે છે — જો કે બંનેના સમયગાળા એકબીજામાં ભળી ગયેલા છે. પૂર્વકાલીન ઉપનિષદોની ભાષા, ઘણી બાબતોમાં, પૂર્વકાલીન બ્રાહ્મણગ્રંથોની ભાષા કરતાં 'મહાભારત'ની ભાષાને વધુ મળતી છે. 'ઋગ્વેદ'ની ભાષામાંથી પ્રશિષ્ટ સંસ્કૃતને નિષ્પન્ન કરી શકાય તેમ નથી. પ્રશિષ્ટ સંસ્કૃતમાં વૈદિક ભાષા કરતાં કેટલાંક પ્રાચીનતર તત્ત્વો છે (જેમ કે વૈદિક –ळ– ના વિરોધે સંસ્કૃત – ड–; વૈદિક –एभिस्नी સામે સંસ્કૃત –ऐस्; વળી વૈદિકનો કર્તાવિભક્તિ બહુવચનનો आसस्–, પહેલા પુરુષ બહુવચનનો –मसि એ નવતર વિકાસ છે)

ઋગ્વૈદિક કાળમાં ઉત્તર–પશ્ચિમ ભારતમાં જે વિવિધ બોલીઓ હતી, તેમાંની એક વૈદિક મંત્રોની ભાષાનો આધાર બની, તો બીજી એક બોલીનાં મુખ્ય તત્ત્વો પ્રશિષ્ટ સંસ્કૃતનાં આધાર બન્યાં. 'ઋગ્વેદ'ને સંહિતારૂપ પ્રાપ્ત થયા પહેલાં ઠીક ઠીક સમયે પ્રશિષ્ટ સંસ્કૃતનાં લાક્ષણિક તત્ત્વો અસ્તિત્વમાં આવી ચૂક્યાં હતાં. વૈદિક ભાષામાં જે બોલીમિશ્રણ વ્યક્ત થાય છે (–ऐस्ની સાથોસાથ –एभिस्, किम्‌ની સાથોસાથ कद् વગેરે) તેમાંનું એક તત્ત્વ 'ભાવી' પ્રશિષ્ટ સંસ્કૃતની નિકટનું છે (પૃ. ૧૫).

## પ્રાચીન ભારતીય-આર્યમાં બોલીભેદો

પ્રાચીન ભારતીય–આર્યમાં જેમનો અભાવ છે તેવાં ભારત–યુરોપીય શબ્દો અને રૂપોની મધ્યમ ભારતીય–આર્ય અને અર્વાચીન ભારતીય–આર્યમાં ઉપસ્થિતિ છે એ હકીકત નોંધપાત્ર છે.[૨] પાલિ इध, પ્રાચીન ફારસી इदा, ગ્રીક iθa-genēs 'અહીં જન્મેલું, ઔરસ', પણ પ્રશિષ્ટ સંસ્કૃત इह. દરદ–



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જૂથમાંથી કાફિર બોલીઓ એ જે આર્યો પછીથી સ્થળાંતર કરી ભારતમાં આવ્યા તેમના મુખ્ય સમૂહથી પહેલાં છૂટા પડીને ભારતીય સરહદમાં પ્રવેશનારા જૂથની બોલીઓ હતી.

નિકટ-પૂર્વમાં આર્યોની ઉપસ્થિતિ ઈ. પૂ. ૧૭ મી થી ૧૪ મી શતાબ્દીમાં હતી – એમની બોલી કે ભાષા વૈદિકની સાથે ઘનિષ્ઠપણે સંકળાયેલી હતી.[૩]

**સમાસરચના**[૪]

'ઋગ્વેદ'માં પ્રશિષ્ટ સંસ્કૃત કરતાં સમાસોનો ઉપયોગ ઘણો જ મર્યાદિત છે. તે હોમર્ગીય ગ્રીક સાથે આ બાબતમાં તુલનીય છે. સામાન્યતઃ દ્વિપદ સમાસ વપરાતા. શબ્દગુચ્છ કેટલીક વાર અર્થભેદનો સાધક પણ હતો, જેમ કે कृष्ण–शकुन 'કાગડો'. બ્રાહ્મણગ્રંથોમાં સમાસનું પ્રમાણ થોડુંક વધ્યું. શાસ્ત્રીય અને અમૂર્ત વિષયને લગતા સમાસો વિશેષ ધ્યાનપાત્ર છે. સૂત્રોની પાંડિત્ય અને લાઘવવાળી શાસ્ત્રીય શૈલીથી સમાસરચનાને ઘણો વેગ મળ્યો. પછીથી –अन्त – અને – रूप – જેવા ઉત્તરાવયવો પ્રત્યય તરીકે વિકસ્યા છે (પૃ. ૬૮ – ૭૪).

---

૨. આ માટે જુઓ, માયર્હોફેર, 'ફેસ્ટ્શ્રીફ્ટ ડબ્લ્યૂ. ક્રીફેલ', ૧૯૫૫, પૃ. ૨, ૯ અને પછીનાં; તથા એમેનો, 'એન્શન્ટ ઇન્ડો-યુરપીઅન ડાયલેક્ટ્સ', પૃ. ૧૩૨; પણ બ્લોક, 'ઇન્ડો-એરિઅન', પૃ. ૧૪ વગેરે, તથા બરો, 'ધ સંસ્કૃત લેંગ્વિજ' પૃ. ૪૫ વગેરે પરની માહિતી સંદિગ્ધ કોટિની ગણાય. બરોના પુસ્તકની સમીક્ષા માટે જુઓ : (૧) Benveniste, B. S. L. ગ્રંથ ૫૧, ૨, પૃ. ૨૪ અને પછીનાં; (૨) P. Thieme, 'Language', ગ્રંથ ૩, પૃ. ૪૨ અને પછીનાં; (૩) E. M. Lenmann, 'Kratylos' ગ્રંથ ૧, પૃ. ૨૬ અને પછીનાં; (૪) J. Gonda, Lingua, ગ્રંથ ૬, પૃ. ૨૮૭ અને પછીનાં.

૩. આ માટે જુઓ A. Kammenhuber, Die Arier in Vorderen Orient, ૧૯૬૮, પૃ. ૨૩૪: તેમના મતે એ 'અવિભક્ત ભારતીય-ઈરાનીયની એક બોલી' હતી. તથા માયર્હોફેર, Die Indo-Arier im Alten Vorderasien (mit einer analytischen Bibliographie), ૧૯૬૬, તથા હ. ભાયાણી, 'પ્રાગ્વૈદિક આર્યોની ભાષાના અવશેષો', 'શબ્દપરિશીલન' પૃ. ૨૦૯–૨૧૭.

૪. સંસ્કૃત સમાસવિચારના સંદર્ભમાં જુઓ (૧) R. Harweg, Kompositum und Katalysationstext vornemlich im späten Sanskrit, ૧૯૬૪ (મુખ્યત્વે સંરચનાવાદી અભિગમ); (૨) J. F. Staal, 'Indo-Iranian Journal', ગ્રંથ ૯, પૃ. ૧૬૫ (સાધક અભિગમ); (૩) V. I. Kalyanov', Classification of the Compound words in Sanskrit', Izvestiya Akad. Nauk., યુ. એસ. એસ. આર., ગ્રંથ ૬, પૃ. ૭૭ અને પછીનાં.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## વૈદિક કાવ્યશૈલી

વૈદિક સંહિતાગત મંત્રસાહિત્ય અત્યંત 'ફોર્મ્યુલેયૂક' (રૂઢસૂત્રાત્મક), વધુ ને વધુ રૂઢિગ્રસ્ત સ્વરૂપનું થતું જતું જોઈ શકાય છે. કવિતામાં અનુકરણ અને યાંત્રિકતા લાક્ષણિક બની ગયાં છે. કવિઓનું પરંપરાને અનુસરવાનું પ્રબળ વલણ હતું, તો પાઠકો સ્મૃતિપર જ આધાર રાખતા. આથી આખી ને આખી પંક્તિઓ, શબ્દગુચ્છો, પ્રયોગો અને ભાવાભિવ્યક્તિનાં આવર્તન ઘણા પ્રમાણમાં મળે છે (પૃ. ૧૫૬).

## મૂર્ધન્યોનો વિકાસ

ભારતીય–આર્યમાં મૂર્ધન્યોનો વિકાસ એ અંશતઃ ષ્‌ના (જેમ કે नीढ – < निझ्ड – < nizdo–) કે ऋ, ऋ ના (જેમ કે विकट– < विकृत–; नट्– < नर्त्–) પ્રભાવનું પરિણામ છે, તો અંશતઃ અન્ય ભારતીય ભાષાઓના પ્રભાવનું પરિણામ છે. પ્રાગૈતિહાસિક સમયમાં જ इ, उ, ऋ અને क् પછી स् નો ष् થયો છે.[5] (ઇરાનીયમાં તેને બદલે श्; તેવું જ કાઈક સ્લાવોનીય ભાષામાં).

## રકાર–લકારનાં પરિવર્તન અને બોલીભેદો

ઇરાનીયમાં र् અને ल्‌ને સ્થાને र् વિકસ્યો છે; પ્રશિષ્ટ સંસ્કૃતમાં ल् અને र् બંને છે, પણ તે જનક ભાષા પ્રમાણે જ હોય છે એવું નથી. ભારતની પૂર્વીય બોલીઓમાં માત્ર ल् હતો. 'ઋગ્વેદ'માં રકારનું વલણ પ્રબળ છે, લકારવાળા શબ્દો ને પ્રયોગો વિરલ છે. વૈદિક र् ને સ્થાને તેની જનક ભાષામાં તથા પાછળની ભાષાઓમાં ल् હોવાનાં ઉદાહરણ છે (જેમ કે વૈદિક रघु, પણ લૅટિન लेविस, ગ્રીક एलाखुस, સંસ્કૃત लघु). ભારતીય–આર્યમાં લકારવાળા શબ્દોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે. આ હકીકતોનો ખુલાસો બોલીભેદમાં મળી રહે : મૂળ આવેલા અને પૂર્વ તરફ હડસેલાગેલા આર્યોની બોલી લકારવાળી, ઉત્તર–પશ્ચિમીય બોલી (જે વૈદિક ભાષાનો પાયો હતી) તે ઈરાનીયની જેમ રકારવાળી; પૂર્વના સંપર્કવાળી અને વૈદિકથી પ્રભાવિત બોલી (જે પ્રશિષ્ટ સંસ્કૃતનો પાયો હતો) તે બંને ધરાવતી. પરંતુ આ સાથે તત્કાલીન સામાજિક ભેદોને પણ લક્ષમાં લેવા ઘટે, નહીં તો વૈદિક ભાષામાંનાં લકારવાળાં રૂપોનો સંતોષકારક ખુલાસો ન મળે. અહીં એ પણ નોંધવું જોઈએ કે વાકર્નાગેલનો મત એવો છે કે વૈદિક કવિઓના સમયમાં આર્યોનો એક ભાગ વધુ વિકસિત ભાષા વાપરતો, જેનાં કેટલાંક લક્ષણો મધ્યમ ભારતીય–આર્યને મળતાં હતાં.

□

---

૫. આ સંદર્ભમાં જુઓ, હ. ભાયાણી, 'શબ્દપરિશીલન' (૧૯૭૩)માં પૃ. ૧૫ થી ૧૯ ('ગુજરાતીમાં દંત્યનો મૂર્ધન્ય').

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

## સંપાદકીય

### વાક્યાર્થવિષયક પ્રાચીન ભારતીય વાદો અને સિદ્ધાંતો અંગેની ચર્ચાપરિષદ

પૂણેમાં 'સેન્ટર ઑવ ઍડ્વાન્સ્ડ સ્ટડી ઇન સંસ્કૃત' તથા પૂના યુનિવર્સિટીના સંસ્કૃતપ્રાકૃત ભાષાવિભાગ તરફથી ૧૭–૩–૭૯થી ૨૦–૩–૭૯ એ દિવસોમાં 'વાક્યાર્થવિષયક પ્રાચીન ભારતીય વાદો અને સિદ્ધાન્તો' એ વિષય પર એક ચર્ચાપરિષદ્ યોજવામાં આવી હતી. તેમાં ભારતના વિવિધ પ્રદેશના સંસ્કૃતપ્રાકૃત વિદ્વાનોએ ૪૦ જેટલા સંશોધનનિબંધો રજૂ કર્યા અને ત્રણેક વિદ્વાનોનાં વ્યાખ્યાન થયાં. બૌદ્ધ દર્શનમાં ભાષાનું તત્ત્વજ્ઞાન, વાક્યાર્થબોધમાં ધ્વનિની ભૂમિકા, વાક્યાર્થબોધમાં સંસર્ગમર્યાદાની ભૂમિકા, મંડનમિશ્રના 'વિધિવિવેક'માં 'વિધિ'નો અર્થ, અદ્વૈતવાદ અનુસાર 'મહાવાક્ય', લિઙ્‌ના અર્થ વિશે, અન્વિતાભિધાનવાદ–અભિહિતાન્વયવાદ અને પ્રતિભા, સંસ્કૃત આલંકારિકો અનુસાર શબ્દશક્તિઓ, અદ્વૈતવાદમાં 'શબ્દાપરોક્ષ', એકવાક્યતા, પ્રતિભા, તાત્પર્ય, ન્યાય–મીમાંસા–વ્યાકરણદર્શન અનુસાર શાબ્દબોધ, 'વિધિ'નો અર્થ, સ્ફોટ અને દ્વૈતસિદ્ધાન્ત, નૈયાયિકો અનુસાર 'પદ' અને 'વાક્ય', શબ્દબોધ અને અર્થબોધ, શબ્દાર્થસંબંધ, વાક્યાર્થ-બોધમાં 'ભાવકત્વ' અને 'ભોજકત્વ'ની ભૂમિકા, દ્વૈતવાદ અનુસાર શાબ્દ-બોધ, ધાત્વર્થવિમર્શ, શબ્દાર્થવિચાર, ઉપપદ અને કારકવિભક્તિ, દ્વિતીયાર્થવિચાર, પાણિનિનો કારકસિદ્ધાન્ત, ભર્તૃહરિ અનુસાર વાક્ય અને વાક્યાર્થ, વાક્યાર્થ લેખે પ્રતિભા, 'વૈયાકરણભૂષણ' અનુસાર ધાત્વર્થ, કાત્યાયન અને પતંજલિ અનુસાર વાક્યનો વિભાવ, 'અષ્ટાધ્યાયી' અનુસાર વાક્યનો વિભાવ, પૂર્વમીમાંસા અનુસાર વાક્યનો વિભાવ – એવા વિષયોનાં ચર્ચાવિવરણ થયાં હતાં. આમાંથી પ્રા. એસ્તેર સોલોમનના નિબંધના મુખ્યાંશનો અનુવાદ પ્રસ્તુત અંકમાં અપાયો છે. ઉક્ત પરિષદનો નિબંધસંગ્રહ પ્રકાશિત થશે ત્યારે ઘણો ઉપયોગી થશે.

*

### આપણી યુનિવર્સિટીઓના એમ. એ. (ભાષાસાહિત્ય)ના પાઠ્યક્રમની સમસ્યાઓ અને પુનર્ઘટના*

* એલ. ડી. આર્ટ્સ કૉલેજ તરફથી યુનિવર્સિટી અનુદાન આયોગની આર્થિક સહાયથી આયોજિત 'ફેકલ્ટી ઇમ્પ્રુવ્મેન્ટ પ્રોગ્રામ'માં ચર્ચવા માટે તૈયાર કરેલા મુદ્દાઓ.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧. આવા પ્રકારના પરિસંવાદોનું મુખ્ય પ્રયોજન એ હોય છે કે તેમના નિષ્કર્ષોને ઉપયોગમાં લઈને તે તે વિષયના અધ્યાપન અને અધ્યયનની વર્તમાન કક્ષા, પદ્ધતિ અને સ્વરૂપ સુધારી શકાય. પરંતુ આપણને અનેક વાર અનુભવ થયો છે કે એ નિષ્કર્ષોની, તે તે વિષયની અભ્યાસ–સમિતિઓ તદ્દન અવગણના કરે છે, અથવા તો નજીવા ફેરફારો (એચાર અધિકરણો બદલવાં કે પાઠ્યપુસ્તક બદલવાં) કરી લે છે અને એ વિષયનું અધ્યયન–અધ્યાપન અને પરીક્ષણ સંપૂર્ણપણે પૂર્વવત્ ચાલે છે.

૨. પરિસંવાદ હિંદી આદિ ભાષાઓના ઇતિહાસ અને સ્વરૂપને લગતા પ્રશ્નપત્રના વર્તમાન સ્વરૂપ અને પાઠ્યક્રમ પરત્વે છે. એ પાઠ્યક્રમ હવે અનેક રીતે કાળગ્રસ્ત બનેલો છે. આ વિષયને લગતાં સિદ્ધાન્ત, સામગ્રી અને પદ્ધતિની બાબતમાં જે પ્રગતિ થઈ છે અને જે અદ્યતન પરિસ્થિતિ છે, તેની તુલનામાં આપણે પચાસ કે પોણો સો વર્ષ પહેલાંની જ્ઞાનની કક્ષાથી આ વિષયના અધ્યાપનમાં ખાસ આગળ ગયા નથી.

૩. પણ પ્રશ્ન કેવળ આ વિષયના અદ્યતનીકરણનો નથી—જો કે બીજું કશું નહીં અને એટલું (થોડે ઘણે અંશે પણ) આપણે કરી શકીએ તો યે આવા પરિસંવાદોની પાછળના સમય, શ્રમ અને ખરચ લેખે લાગશે. પરંતુ આ મુદ્દાનો વિચાર કરતાં પહેલાં અર્વાચીન ભાષાઓના સાહિત્યના વિષયને લગતા પાઠ્યક્રમોનું સમગ્ર માળખું – એ વિષયો યુનિવર્સિટીમાં ઉચ્ચ કક્ષાએ શીખવાતા થયા ત્યારથી (એમ. એ. બાબતમાં તો વિશેષે) અકબંધ એવું ને એવું ચાલ્યું આવે છે તે – પુનર્વિચારણા માગી લે છે; કેમ કે આ માળખામાં જ તે ભાષાના ઇતિહાસ અને સ્વરૂપને લગતો પ્રશ્નપત્ર ગોઠવાયેલો છે.

૪. આ અંગે થોડીક તદ્દન પ્રસ્તુત હોય તેવી બાબતોનો જ અહીં સ્પર્શ કર્યો છે. વિચારણીય મુદ્દા આ પ્રમાણે છે :

(૧) એમ.એ. કક્ષાએ સાહિત્યવિષયના પ્રશ્નપત્રોનું માળખું જે વેળા તૈયાર થયેલું તે વેળા અત્યારની તુલનાએ ભાષાવિજ્ઞાનનો વિકાસ અને મહત્ત્વ ઘણાં ઓછાં હતાં, અને આપણી યુનિવર્સિટીઓમાં તેનું એક સ્વતંત્ર વિષય તરીકે સ્થાન ન હતું. સાહિત્યના અધ્યાપકોને તે તે ભાષાના ઇતિહાસની, તેના વર્તમાન શિષ્ટમાન્ય સ્વરૂપના વ્યાકરણની અને તેના સાહિત્યમાં વપરાતા સ્વરૂપની જાણકારી આપવી (તેના ધોરણને અને 'શુદ્ધિ'ને જાળવવાની દૃષ્ટિએ) એ તેનું મુખ્ય પ્રયોજન હતું.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૨) અત્યારે ભાષાવિજ્ઞાન અત્યંત વિકસેલું છે. ઘણી યુનવર્સિટીઓમાં તે સ્વતંત્ર વિષય તરીકે પણ છે. એટલે આ બદલાયેલા સંદર્ભમાં, સાહિત્યના વિદ્યાર્થીને માટે ભાષાવિજ્ઞાનનું કેટલું જ્ઞાન, અને તેનાં કયાં કયાં પાસાંનું જ્ઞાન હોવું જરૂરી છે તે વિચારવું જોઈએ. તેના નિર્ણયને અનુસરીને જ એમ. એ. ના સાહિત્યવિષયના એ પ્રશ્નપત્રના પાઠ્યક્રમના માળખાનું નવેસર આયોજન થઈ શકે.

(૩) હકીકતે તો માનવવિદ્યાઓમાં થયેલી પ્રગતિના અનુલક્ષમાં યુનિવર્સિટી-કક્ષાએ અધ્યાપન–વિષયોની જે વિભાગવ્યવસ્થા છે તે જ કાલગ્રસ્ત થયેલી હોઈને બદલવી જરૂરી છે. ભાષા–આશ્રિત વિભાગવ્યવસ્થાને સ્થાને વિષય–આશ્રિત વિભાગવ્યવસ્થા ઊભી કરવી જોઈએ. હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત એવા પાયાના વિભાગોને સ્થાને સાહિત્ય, ભાષા, તત્ત્વજ્ઞાન વગેરે વિભાગો રાખવા. સાહિત્યવિભાગ સંસ્કૃત વગેરે પ્રશિષ્ટ ભાષાઓ, હિંદી વગેરે નવ્ય ભારતીય–આર્ય ભાષાઓ, અંગ્રેજી વગેરે વિદેશી ભાષાઓ અને તુલનાત્મક સાહિત્ય અને સાહિત્યનો ઇતિહાસ એ વિષયના તદ્વિદોનો બનેલો હોય. ભાષાવિભાગ સામાન્ય ભાષાવિજ્ઞાન (સૈદ્ધાન્તિક, વિનિયુક્ત વગેરે) તથા તે તે ભાષાવિશેષના ઇતિહાસ અને વર્તમાન સ્વરૂપના તદ્વિદોનો બનેલો હોય. આ વિચારમાં ઉચ્ચ શિક્ષણનું હાલનું માળખું મૂળમાંથી બદલવા વાત છે અને એ ઉચ્ચ શિક્ષણના નવનિર્માણનો મૂળભૂત પ્રશ્ન હોઈને આ પરિસંવાદ માટે કદાચ સીધો પ્રસ્તુત ન ગણાય. તેથી આપણી ચર્ચા વર્તમાન પ્રશ્નપત્રના અદ્યતનીકરણ પૂરતી જ મર્યાદિત રાખવી ઇષ્ટ છે.

૫. આ અંગેની વિચારણાના ચાર ભાગ પાડી શકાય :

(૧) **સાહિત્યના** અધ્યયન–અધ્યાપન માટે જ પ્રધાનપણે ઉપયોગી અને આવશ્યક હોય તેવા ભાષાવિજ્ઞાનના વિષયો (કે પાસાં) નક્કી કરવા.

(૨) તે અનુસાર પાઠ્યક્રમ નવેસરથી ઘડવો.

(૩) આ પાઠ્યક્રમ શીખવા–શીખવવા માટે જરૂરી સાહિત્ય (જરૂર હોય ત્યાં નવું તૈયાર કરાવી) પૂરું પાડવું.

(૪) અધ્યાપકોને માટે ઓપવર્ગોનું આયોજન કરવું.

૬. ઉપર નં. (૧) માટે નીચે પ્રમાણેનું વિષયવિભાજન વિચારી શકાય :

(૧) ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૨) પ્રસ્તુત ભાષાના ઇતિહાસનો ટૂંકો પરિચય.
(૩) સાહિત્યિક ભાષાસ્વરૂપ, શિષ્ટમાન્ય સામાન્ય વ્યવહારનું ભાષાસ્વરૂપ અને પ્રાદેશિક બોલીઓનો પરિચય, કયા કયા સામાજિક સંદર્ભ અને કઈ કઈ પરિસ્થિતિઓમાં વિવિધ ભાષાશૈલીઓ વપરાય છે તેનો સમાજસંલગ્ન ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પરિચય.
(૪) શૈલીવિજ્ઞાન અને સંરચનાવાદી અભિગમથી થતી સાહિત્યભાષાની વિચારણા; સંસ્કૃત કાવ્યમીમાંસાની પરંપરામાં થયેલા અર્થવિચાર, અલંકારવિચાર, રીતિવિચાર.
(૫) વિવિધ આધુનિક ભાષા–વૈજ્ઞાનિક અભિગમોથી થયેલા અદ્યતન કાર્યનો સંક્ષિપ્ત પરિચય.

□

**મુખ્યત્વે હિન્દી ધ્વનિતત્ત્વ, રૂપતત્ત્વ, વાક્યતત્ત્વ તથા તે માટે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ ઉપયોગી આધુનિક ભાષાવૈજ્ઞાનિક અભિગમોથી થયેલા સંશોધનસાહિત્યની ટૂંકી સૂચિ.**

**(૧) સૈદ્ધાંતિક**

* An Introduction to Generative, Grammar
  N. Ruwet (Uni. of Paris),
  Translated by N. S. H. Smith.
  North Holand L. Series, vol. 7.
  1973, 388 pp.
  (Intro. a la grammaire Generative, 1968)
* રામનાથ સહાય (અનુવાદક)
  વાક્યવિન્યાસકા સૈદ્ધાન્તિક પક્ષ
  (Aspects of the theory of syntax – Chomskyનો અનુવાદ). રાજસ્થાન હિન્દી ગ્રંથ અકા. જયપુર, ૧૯૭૫
* J. Katz
  Propositional structure and Illocutionary force.
  (A study of the contribution of sentence-meaning to speech acts) (The Language & Thought series)
  Harvester Press



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

* રામનિવાસ શર્મા (અનુવાદક)
ભાષા, વિચાર ઔર વાસ્તવિકતા–બેંજમિન લી. વ્હોર્ફ (સંપાદક તથા ભૂમિકાલેખક : જે. બી. કેરોલ)
Language, Thought & Reality MIT 1956નો અનુવાદ
હરિયાણા હિંદી ગ્રન્થ અકાદમી, ૧૯૭૫

* J. Andersen
The Grammar of Case
Cambridge Uni. Press, 1971.

* પ્રબોધ પંડિત
ભાષાવિજ્ઞાનના અર્વાચીન અભિગમો,
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩

* પ્રબોધ પંડિત
વ્યાકરણ – અર્થ અને આકાર,
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૮

* દીપ્તિ શર્મા
વ્યાકરણિક કોટિયોંકા વિશ્લેષણાત્મક અધ્યયન, ૧૯૭૫
બિહાર હિંદી ગ્રંથ અકાદમી, ૧૯૭૫

* R. M. Kempson,
Semiotic Theory
(Cambridge Texts in Lingusitcs)

* J. Lyons
Semantics I, II, 1977.

* Michael B. Kac.
Corepresantational of Grammatical Structures,
Cromen Helm

* C. Myers Sealton & J. Okeju
Neighbors and Lexical borrowings,
Language, 49/4, Dec. 1973, 871-889



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૨) ઐતિહાસિક (સામાન્ય)


* Raimo Anttila
An Introduction to historical & comparative Linguistics,
The Macmillan Co., N. Y. 1972.

* Theo Vennemann
Introduction to Historical lingustics.
(Prentice Hall : Foundations of Lingustics series. 4)

* Renate Bartsch & Theo Vennemann
Linguistics and Neighboring Disciplines, 1975,
8 + 250.
North Holland Lingustics series vol. 14.

* William Orr Dingwall (ed.)
A Survey of Linguistic science.
(Lingustics Program, Uni. of Maryland)
(Historical Linguistics-by Paul Kiparsky), 1971


(૩) બહુભાષિત્વ


* R. B. Le Page,
The National Language Question
(Linguistic Problems of newly independant states).
Ox Uni. Press, London.

* Frank A. Rice,
Study of the role of second languages
(in Asia, Africa & Latin Amrica), 1962

* R. W. Shuy., W. A. Wolfram, W. K. Riley:
Field Techniques in an Urban Language study,
(Centre for Applied Lingustics), Washington,
1968, p. 128




For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૪) સામાન્ય સંદર્ભસૂચિ

* Bibliography of South Asian Lingustics, 1974.
  Ling Soc. of India, Pune, 1978.

(૫) હિંદી વ્યાકરણ

* Indian Linguistics ના છેલ્લા વીશ ગ્રંથો
* Earnest Bender
  Hindi Grammar and Reader
  Uni of Philadelphia of Pennsylvania Press, 1967.
* Earnest Bender
  Urdu grammar and Reader,
  Uni. of Phil. of Penn. Press., pp. 487, 1967
* અનન્ત ચૌધરી
  હિન્દી વ્યાકરણકા ઇતિહાસ, ૧૯૭૨,
  બિહાર હિન્દી ગ્રં. અકાદમી
* Das Verbum parab in seiner Funktion als Simplex und Explikativum in Jāyasi's Padumavati Wiesbadan, 1972.
  (Appendix III, Zum Untershied in der Vervendung der Explicativa parna und uthna bis Verben der Gemütsbewegung oder deren Ausserung im modernen Hindi, pp. 259–269)

(૬) પુરાણી હિંદી

* Ramesh Mathur
  Padmavata : An etymological study.
  Simant Publications, India
* K. Reissner
  Simplex und Verbal–kompositum in Tulsi Dāas' Rāmāyaṇa
  Marburg, 1964 (અપ્રકટ શોધનિબંધ)



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

* S. K. Sen : Proto New Indo-Aryan,
Eastern Publications, Calcutta, 1973
(Review : M. A. Mehendale, Ind. Ling. 36, 75, 63-65 )

(૭) હિંદી ધ્વનિતત્ત્વ

* M. G. Chaturvedi
A Contrastive analysis of Hindi-English phonology
National Publishing House, 1973
(Review : A. B. Singh, Ind. Ling., 37, 1976, 165-7)

* Norihiko Uchida
Hindi Phonlogy (A study of the treatment of Indo-Aryan vowel sequences in Hindi), 1977.
Simant Publications, India.

* Norihiko Uchida
Zur Hindi-vokal phonologie
Franz Steirner, Wiesbaden

(૮) હિંદી રૂપતત્ત્વ અને વાક્યતત્ત્વ

* S. Lienhard, Tempus-gebrauch und Aktionsarten in der modernen Hindi
Uppsala, 1961

* Yamuna Kachru : An introduction to Hindi Syntax, Uni. of Illinnois, 1966

* Semantic structure & Word formation
Verb-Particle Constructions in Contemporary English
Munchen : Fink. 1972

* Dwight Bolinger
The Phrasal verb in English
Harward Uni. Press, 1971



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

* R. V. Vale
Verbal Composition in Indo-Aryan
Deccan College, 1948

* V. Porizka
Review of Vale's 'Verbal Composition'
Archiv Orientalni, 18, 1950,

* W. S. Allen
A Study in the analysis of Hindi sentence stucture
Acta Lingustica, 6, 2-3, 1950-51, 68-86.

* V. Porizka
Notes on R. N. Vale's theory of verbal composition in Hindi, Bengali, Gujarati & Marathi
Archiv Orientalni, 22, 1954, 1, 114-128.

* V. Porizka
On the perfective verbal aspect in Hindi – some features of parallelism between NIA & Slavonic languages
(Arch. Orient. 37, 1969)

* J. Burton-Page,
The syntax of participial form in Hindi
BSOA Studies, 18, 1956, 19, 1957

* Paul Hacker
Zur Function einiger Helfsverben in modernen Hindi, 1958.

* J. Burton-Page
Review of Hacker's 'Zur Function'
BSOAS, 23, 1960, 602-3

* J. Burton-Page
Compound and Conjunct verbs in Hindi,
BSOAS, 19, 1957, 469-478.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

* Paul Hacker
On the problem of a method for treating compound and conjunct verbs in Hindi
BSOAS, 24, 1961, 484-516.

* V. Miltner
The Hindi Sentence structure in the works of Tulsidas, Munshirām Manoharlal, 1967
(Review : A. C. Sinha, Ind. Ling., 35, 1974, 60-67)

* V. Miltner : The Theory of Hindi Syntax. Mouton, 1970
(Review : R. S. Macgregor, Ind. Ling, 35, 1974, 68-9)

* M. C. Shapiro : The analysis of Hindi morphologically related verb-sets, Ind. Ling. 37, 1976, 1-44

* Peter Gaeffke
Untersuchungen Zur Syntax des Hindi, 1967.
Lakshmi Bai Balachandran : A Case grammar of Hindi, Central Institute of Hindi, 1973
(Review : J. D. Singh : Ind. Ling., 36, 1975)

* Probal Dasgupta : The Internal grammar of Compound verbs in Bangla, Ind. Ling., 38, 1977 68-45.

* I. M. Raeside
The Marathi "Compound verb"
Indian Lingustics, Turner Jubilee vol. I, 1958 237-248.



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

* Peter Hook
  The Compound verbs in Hindi (Ann Arbor, Uni. of Michi. Center for SE Asian studies, 1974)
  (Review : JAOS, 97,-4, 1977, 560-62
  R. K. Barz and L. A. Schwartzschild.)

* M. K. Varma
  The structure of the noun phrase in English and Hindi, 1977
  Motilal Banarsidas

(૯) હિંદી બોલીઓ

* દીપચંદ જૈન. કૈલાશ તિવારી
  હિન્દી ઔર ઉસકી વિવિધ બોલીયાં
  મ. પ્ર. હિં. અકા.

* શ્રીરામ શર્મા
  દક્ખિની હિન્દી કા ઉદ્‌ભવ ઔર વિકાસ,
  હિન્દી સાહિત્ય સમ્મેલન, ૧૯૬૪
  (Re : M. K. A. Beg, Ind. Ling. 38, 1977, 256-61)

(૧૦) શૈલીતત્ત્વ

* W. O. Hendricks
  Grammar of style and styles of Grammar.

* David Lodger
  The modes of modern writing
  (Metaphor, Metonymy and the The Typology of modern literature), Arnold

□



For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો
આખું ય વિશ્વ અંધકારમય બની જાય.

— દંડી



શુભેચ્છક

**કનુભાઈ એન્જિનિયર્સ પ્રા. લિ૦**

૩, મેંગો લેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik


ALWAYS INSIST ON RUSTOM FABRICS

* **100% Polyester Printed Shirting and Dress materials**
* **Wash & Wear Dyed Poplins & Prints.**
* **Fancy Screen Print, Poplins, Cambrics etc.**
* **"SANFORIZED" Poplins, Checks, Dyed Merc.,.**

# RUSTOM MILLS & INDUSTRIES LTD.

R. B. No. 131, AHMEDABAD - 380001

Grams : "Uplift"
Telex : 012-489

Tele. : 24327
& 24428


For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

# ગુજરાતમાં અંત્યોદયના સૂર્યનો ઉદય

**જનતા**
**સરકારનો**
**ગરીબી**
**સામે**
**સીધો જંગ**

- ગરીબમાંય તદ્દન ગરીબ વર્ગના સીધા ઉત્કર્ષનો અને ગરીબીની રેખા નીચે જીવતાં ગરીબ કુટુંબોના સીધા ઉત્થાનનો જનતા સરકારનો નૂતન દૃષ્ટિકોણવાળો કાર્યક્રમ
- ઉત્પાદક સાધન-સંપત્તિ વિહીન અથવા તદ્દન અલ્પ સાધન-સંપત્તિવાળા ગરીબ કુટુંબોને કાયમી આવકનું સાધન આપી, સહાય આપી તેમની આર્થિક સ્થિતિ સુધારવાના મૂળભૂત ઉદ્દેશવાળો આર્થિક કાર્યક્રમ.
- ૬૦ વર્ષ કે ઉપરની ઉંમરના વૃદ્ધો અશક્ત વ્યક્તિઓને સામાજિક સલામતીનાં પગલાં તરીકે પેન્શન આપતો કાર્યક્રમ.
- સીમાંત ખેડૂતો અને ખેત-મજૂરો તથા માથાદીઠ માસિક રૂા. ૫૭થી ઓછી આવકવાળા કે પાંચ માણસોના કુટુંબ માટે બધાં સાધનોમાંથી વાર્ષિક આવક રૂા. ૩૪૦૦ થી ઓછી હોય તેવા ગરીબી રેખા નીચેનાં કુટુંબોને આ યોજના હેઠળ આવરી લેવાશે.

**ગુજરાતના લગભગ ૫૦ હજાર જેટલાં ગરીબીની રેખા નીચે જીવતાં અત્યંત ગરીબ કુટુંબોના ઉત્થાન માટેના કાર્યક્રમનો મે તા. ૧, ૧૯૭૯ થી ઉદય થતાં અંત્યોદયના મંગલ પ્રભાતનાં સુવર્ણ-કિરણો પથરાઈ જશે.**

## અંત્યોદય અને ગ્રામોન્નતિ—
## જનતા સરકારના બે ગુરૂમંત્રો

માહિતી ગુજ. ૭૯

For Private and Personal Use Only



# રંગોળીનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

સૌરાષ્ટ્રનું લોકભરત એ લોકનારીનો અમૂલો સંસ્કાર છે. ભરતકલાનું આ આગવું સ્વરૂપ સૌરાષ્ટ્રની શૂરવીર કોમો તેમજ કાંઠિયાવરણ અને વસવાયામાં ખૂબ જ ખીલ્યું છે. કાઠીભરતમાં તોરણ, પછીતપાટી, મોંતિયા, ચાકળા, સૂરજ-સ્થાપન વગેરેમાં દેવ, માનવ, પશુ-પંખી વિશેષ ચિતરાય છે; જ્યારે વસવાયા ખેડૂત અને કાંઠિયાવરણનાં ભરતમાં પાન, લીંબોળી, પૂતળી, પશુ વગેરે પ્રાકૃતિક અને ભૌમિતિક આકારો શોભન માટે હોય છે.

ધોળાં કપડાં પર લાલ ગેરૂ કે વિલાયતી નળિયાને ઘસીને સાથે ચોખાના દાણા પલાળીને તેનો ભૂકો ઘૂંટીને, શાહી કે ઘૂંટેલી મેશથી પ્રથમ ભાત આલેખાય છે. પછી દોરાની સાંકળી વડે આકારોને બાંધવામાં આવે છે. ત્યાર બાદ જાતજાતના રંગોનાં પૂરણાં પૂરાય છે. લોકભરત હીર, આભલાં અને મોતીથી ભરાતું હોય છે. લાલ, લીલો, ગુલાબી અને ભૂરો, – આમ ચાર રંગોનાં હીરનો ઉપયોગ કરાય છે. આભલાં હીરભરતનો એક ઝમકદાર ભાગ છે. મોતીગૂંથણમાં કીડિયાં અથવા ચિડિયાં મોતી વપરાય છે. પાર્શ્વભૂમાં સફેદ મોતી અને તે ઉપરાંત પીળાં, લીલાં, જાંબુડિયાં અને આસમાની મોતીનો ઉપયોગ ગૂંથણમાં કરાય છે.

આજે અતુલમાં–તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિએટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

અતુલ — વિરાટ રાસાયણિક સંકુલ

**ધી અતુલ પ્રોડકટસ લિ.**
પો. ઓ. અતુલ, જિલ્લો વલસાડ. Pin ૩૯૬ ૦૨૦ (ગુજરાત).
ફોન : ૬૧, ૬૨, ૬૩, ૬૪ તાર : TULA, અતુલ,
ટેલેક્સ : ૦૧૮-૨૪૮

Adroit-1332

Shree Dharmachakra Prabhav Tirth,Nashik
For Private and Personal Use Only